વર્ષઃ 03 અંકઃ 01

01-15 જુલાઈ 2022

નિઃશુલ્ક

# ન્યૂ ઈન્ડિયા સમાચાર

ફોલો કરો @NISPIBIndia



# કુશળ ભારત સક્ષમ ભારત

## કૌશલ્ય વિકાસથી રોજગારીને કારણે આત્મનિર્ભર બની રહેલો દેશ

# ડો. શ્યામાપ્રસાદ મુખરજી

## એક દેશ-એક કાયદો, એક વડા અને એક પ્રતીકના પ્રણેતા

**6 જુલાઈનાં રોજ ડો. શ્યામાપ્રસાદ મુખરજીની 122મી જયંતી પ્રસંગે રાષ્ટ્રના સાદર નમન**

**ભારતીય જનસંઘના સ્થાપક સભ્યોમાંના એક અને જમ્મુ-કાશ્મીરમાં લાગુ કરવામાં આવેલી કલમ 370 વિરુધ્ધ તીવ્ર અવાજ ઉઠાવનારા નેતાઓમાં ડો. શ્યામાપ્રસાદ મુખરજીનું નામ પ્રથમ આવે છે. ડો. શ્યામાપ્રસાદ મુખરજીએ પોતાનું સમગ્ર જીવન ભારતની એકતા, અખંડિતતા અને પ્રગતિ માટે સમર્પિત કરી દીધું અને પોતાનાં ઉચ્ચ આદર્શો દ્વારા સમગ્ર દેશનાં લાખો લોકોને પ્રેરિત કર્યા. તેમણે મહાન વિદ્વાન અને બુધ્ધિજીવી તરીકે પણ પોતાની અમીટ છાપ છોડી અને રાષ્ટ્ર નિર્માણ માટે જીવનભર પ્રયાસ કરતા રહ્યા..**

"ભારતની કીર્તિ તેની રાજકીય સંસ્થાઓ અને સૈન્ય શક્તિથી નહીં પણ તેની આધાત્મિક, સત્ય અને આત્મના વિચારો, દુઃખી માનવતાની સેવામાં, અભિવ્યક્ત સર્વોચ્ચ શક્તિની વિરાટતામાં તેનાં વિશ્વાસ પર આધારિત છે. -ડો. શ્યામાપ્રસાદ મુખરજી



"હું ડો. શ્યામાપ્રસાદ મુખરજીની જયંતી પર તેમને નમન કરું છું. એક સાચા દેશભક્ત તરીકે તેમણે ભારતનાં વિકાસમાં ઉત્કૃષ્ટ અને અનુકરણીય યોગદાન આપ્યું. તેમણે ભારતની એકતાને સતત આગળ વધારવા માટે અથાક સાહસિક પ્રયાસ કર્યા. તેમનાં અણમોલ વિચાર અને આદર્શ દેશભરમાં કરોડો લોકોને નવી ઊર્જાથી ભરી દે છે. **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

**વર્ષઃ3 અંકઃ 01 | 01-15 જુલાઈ, 2022**

**સંપાદક**
**જયદીપ ભટનાગર,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**જયપ્રકાશ ગુપ્તા (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દૂ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**




**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/news.aspx
**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચાર અંગે સતત અપડેટ મેળવવા ફોલો કરોઃ-** @NISPIBIndia

## અંદરનાં પાને....
# કૌશલ્ય વિકાસની રાજધાની ભારત



**કવર સ્ટોરી** કૌશલ્ય વિકાસ રોજગારનો નવો મંત્ર બની ગયો છે, જેનાથી રાષ્ટ્રના યુવાનો પોતાના વિકાસ અને કલ્યાણના દ્વાર ખોલીને જીવન સુધારી રહ્યા છે. | 14-25

**હું મારી માતાની આ જીવન યાત્રામાં દેશની સંપૂર્ણ માતૃશક્તિનાં તપ, ત્યાગ અને યોગદાનનાં દર્શન કરું છું. | 45-56**



**સ્વતંત્રતા સંગ્રામમાં દેશે ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’નો ઉત્કૃષ્ટ પરિચય આપ્યો**

આઝાદીના અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં વાંચો સુમંત મહેતા, અલેખ પાત્રા, અમરેન્દ્રનાથ ચેટરજી અને સુશાલી ચૈન ત્રેહાનની કહાની... 41-44

**ડિજિટલ ઈન્ડિયા આત્મનિર્ભર ભારતનો સંકલ્પ અને સાધના**

ટેકનોલોજી અને ઈનોવેશન દ્વારા પારદર્શિતા તરફ વધતા ભારતમાં ડિજિટલ ઈન્ડિયાની યાત્રાના સાત વર્ષ પૂરા થયા. | 34-36


**સમાચાર સાર** | 4-5

**હિમાચલનો સપૂત બન્યો કારગિલનો ‘સિંહ’**
કારગિલ યુધ્ધના હીરો કેપ્ટન વિક્રમ બત્રાની કહાની | 6

**જ્યારે બંધારણ અને સંસ્કારનું મિલન થયું**
રાષ્ટ્રપતિએ પોતાના પૈતૃક ગામમાં વડાપ્રધાનનું સ્વાગત કર્યું | 7-9

**નવી ઊડાન, નવો સંકલ્પ**
યુપી રોકાણ શિખર સંમેલનના પ્રથમ તબક્કામાં નવા ભારતનો સંકલ્પ | 10

**અવકાશ ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્ર મોટી ભૂમિકા ભજવશે**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસ | 11-13

**પર્યાવરણ સંરક્ષણ માટે વૈશ્વિક નેતૃત્વની પહેલ**
આંતરરાષ્ટ્રીય પર્યાવરણ દિવસ પર વિશેષ | 26-27

**ધિરાણ સાથે સંકળાયેલી તમામ યોજના હવે એક જગ્યાએ**
જન સમર્થ પોર્ટલથી લોન લેવી સરળ બની | 28

**વિશ્વનું બાયોટેક હબ બનવાનું લક્ષ્ય**
બાયોટેક સ્ટાર્ટઅપ એક્સ્પો-2022માં વડાપ્રધાનનું સંબોધન | 29

**વિકાસ અને વારસો સાથે-સાથે**
મહાન સંત શ્રી તુકારામ મહારાજના શિલા મંદિરનું ઉદઘાટન | 30-31

**સશસ્ત્ર સેનામાં યુવાનોની ભર્તી કરવામાં આવશે**
કેબિનેટની બેઠકનાં મહત્વનાં નિર્ણયો | 32-33

**એક રાષ્ટ્ર, એક કર**
ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સનાં સાત વર્ષ પૂરા | 37-38

**નેશનલ ડોક્ટર્સ ડે**
ડોક્ટર્સ દિવસ પ્રસંગે માનવતાના દેવદૂતોને નમન | 39-40



**પ્રકાશક અને મુદ્રકઃ** સત્યેન્દ્ર પ્રકાશ, મુખ્ય મહાનિદેશક, સીબીસી (સેન્ટ્રલ બ્યૂરો ઑફ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઈવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલઃ** રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઑફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઈમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે....

સાદર નમસ્કાર,

**મહાભારતના એક શ્લોકમાં કહેવામાં આવ્યું છે-**

**વિશ્વકર્મા નમસ્તેસ્તુ , વિશ્વાત્મા વિશ્વ સંભવઃ॥**

એટલે કે જેમનાં કારણે સમગ્ર વિશ્વમાં બધું જ શક્ય બને છે, તે વિશ્વકર્માને નમસ્કાર છે. વિશ્વવર્માને વિશ્વકર્મા એટલાં માટે કહેવાય છે કે તેમનાં કૌશલ્ય વગર સમાજનું અસ્તિત્વ અશક્ય છે. કમનસીબે કૌશલ્ય વિકાસની વ્યવસ્થા આપણી સામાજિક-શિક્ષણ વ્યવસ્થામાં ધીમે ધીમે નબળી પડતી ગઈ. તેનાં મહત્વને સમજીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 2014થી જ ભારતને આત્મનિર્ભર બનાવવાનો જે સંકલ્પ લીધો હતો તે આજે દરેક ભારતવાસીનો સંકલ્પ બની ગયો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરદર્શી નેતૃત્વમાં શરૂ કરેલા કૌશલ્ય ભારત મિશને દેશનાં યુવાનોને કુશળ અને મજબૂત બનાવ્યા. આ મિશન દ્વારા નોકરી માંગનારને 'નોકરી આપનાર' બનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આનાં પરિણામે ભારત દુનિયાના અન્ય દેશોની સરખામણીમાં કોવિડ જેવી ભયાનક મહામારીને સારી રીતે કાબુમાં લાવી શક્યું. ભાગ્યે જ કોઈને શક હશે કે કેન્દ્ર સરકારનાં સુશાસન મોડલમાં ટેકનોલોજી મોખરે છે. 'સ્કિલ, રિ-સ્કિલ અને અપ-સ્કિલ'નો મંત્ર ટેકનોલોજીનાં યુગમાં નવા નવા કૌશલ્ય વિકાસની અનિવાર્ય શરત બની ગઈ છે અને કૌશલ્ય ભારત મિશન કરોડો યુવાનોના કૌશલ્યની સાથે રોજગારીની નવી તકો આપીને વીતેલાં સાત વર્ષથી ડો. બાબા સાહેબ આંબેડકરનાં સપનાને સાકાર કરી રહ્યું છે.


ભારત બદલાઈ રહ્યું છે અને વૈશ્વિક સ્તર પર પણ ભારતનું કદ વધી રહ્યું છે, જેનાં મૂળમાં દેશની અપાર જનશક્તિ છે, જે આપત્તિને અવસરમાં બદલીને રાષ્ટ્ર માટે કંઇ પણ કરવા માટે તત્પર રહે છે. તેનાં પરિણામે જ, ભારત હવે વિશ્વમાં કૌશલ્ય વિકાસના કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે. કૌશલ્ય ભારત મિશનનાં સાત વર્ષ પૂરા થવા પ્રસંગે આ યોજના પર કવર સ્ટોરી બનાવવામાં આવી છે.

આ જ રીતે, એક દેશ-એક કર વ્યવસ્થાને સાકાર કરનાર જીએસટીને 1 જુલાઇએ પાંચ વર્ષ પૂરાં થઈ રહ્યા છે. ડિજિટલ ઈન્ડિયાને પણ સાત વર્ષ પૂરાં થઈ રહ્યા છે, જેનાં પર વિશેષ અહેવાલો આ અંકમાં સમાવિષ્ટ છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના પૈતૃક ગામ પરોંખમાં વડાપ્રધાનની મુલાકાત પ્રસંગે જોવા મળેલી બંધારણ અને સંસ્કારની અદભૂત ઝલક પણ આ અંકનું આકર્ષણ છે. વ્યક્તિત્વ શ્રૃંખલામાં હિમાચલ પ્રદેશના વીર સપૂત કેપ્ટન વિક્રમ બત્રાની પ્રેરક ગાથા, કેબિનેટ દ્વારા સંરક્ષણ ક્ષેત્રમાં ભર્તી યોજના, અમૃત મહોત્સવ, કોવિડ સામેની લડાઈ અને વડાપ્રધાન દ્વારા વિવિધ વિકાસ યોજનાઓની ભેટ આ અંકમાં સમાવવામાં આવી છે.

**તમારાં સૂચનો અમને response-nis@pib.gov.in પર મોકલતાં રહેશો.**

**હિંદી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**
**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

**(જયદીપ ભટનાગર)**




# પ્રતિભાવ

### મેગેઝીન દ્વારા રાષ્ટ્રની પ્રગતિની માહિતી મળી રહે છે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગતિશીલ નેતૃત્વમાં કેન્દ્રની ભાજપ સરકારે 30મેનાં રોજ સત્તામાં 8 વર્ષ પૂરાં કર્યા. આ પ્રસંગે 14 ક્ષેત્રોમાં વર્ગીકૃત સેંકડો યોજનાઓની ગતિથી રાષ્ટ્રની પ્રગતિને નવી દિશા મળશે તેની માહિતી મળી. વીતેલાં આઠ વર્ષમાં પીએમ મોદીના નેતૃત્વ હેઠળની સરકારે રાષ્ટ્ર હિતમાં અનેક ઐતિહાસિક નિર્ણયો લીધા છે, જેનાં કારણે ભારત હવે વિકાસની નવી ઊંચાઈઓને સ્પર્શી રહ્યું છે. વિક્રમ ગતિથી દેશમાં ગરીબીમાં ઘટાડો થઈ રહ્યો છે. 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'ની સંપાદકીય ટીમે પોતાનાં અથાક પ્રયાસોથી 1-15 જૂનના અંકમાં કવર સ્ટોરી અને અન્ય લેખો બહુ સુંદર રીતે પ્રકાશિત કરવામાં આવ્યા છે.

**-ચૌધરી શક્તિસિંહ એડવોકેટ**
**shaktisinghadv@gmail.com**

### 'સંપાદકની કલમે' વાંચવાલાયક હોય છે

ન્યૂ ઈન્ડિયા સમાચારનો અંક નંબર 29 વાંચવા મળ્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડો. બાબા સાહેબ આંબેડકર વિષે રજૂ કરેલું મંતવ્ય પ્રશંસાને પાત્ર છે. 'સંકટ મોચન સરકાર' શિર્ષક હેઠળ રશિયા-યુક્રેન યુધ્ધમાં ફસાયેલા વિદ્યાર્થીઓને સ્વદેશ પાછા લાવવા ચલાવવામાં આવેલા 'ઓપરેશન ગંગા' અભિયાનની માહિતી દેશવાસીઓએ વાંચવા જેવી છે. સંપાદક શ્રી જયદીપ ભટનાગરનો તંત્રી લેખ ખૂબ માહિતીસભર હોય છે. ન્યૂ ઈન્ડિયા સમાચાર ઉત્તરોતર પ્રગતિ કરે તેવી મારી શુભકામના.

**- મંગળભાઈ ગોવિંદભાઈ ચૌહાણ**
**(મહુવા, ગુજરાત)**

### ઉત્કૃષ્ટતાથી ભરપૂર છે 'ન્યૂ ઈન્ડિયા સમાચાર' મેગેઝીન

ન્યૂ ઈન્ડિયા સમાચારનો 1-15 મેનો અંક એક મિત્રને ત્યાં વાંચવા મળ્યો. ઉત્કૃષ્ટતાથી ભરપૂર મેગેઝીન સ્વાવલંબનથી માંડીને સ્વાભિમાન વધારવાનું માધ્યમ સાબિત થઈ રહ્યું છે. મેગેઝીનની સામગ્રીનું ભાષા સ્તર પ્રશંસનીય છે. 1857ની ક્રાંતિની દુર્લભ સામગ્રી વાંચવાલાયક અને સંગ્રહણીય છે. વડાપ્રધાન મોદીના વડપણમાં પ્રગતિના શિખર તરફ અગ્રેસર ભારતની તસવીર મેગેઝીનમાં જોવા મળે છે.

**રમાશંકર ગુપ્તા**
**gahoiakshay@gmail.com**

### મેગેઝીનની આતુરતાથી રાહ જોઇએ છીએ

ન્યૂ ઈન્ડિયા સમાચાર માહિતીસભર મેગેઝીન છે, જેમાં સરકારી યોજનાઓ અને કાર્યોની માહિતી વાંચવા મળે છે. મેગેઝીનમાં સંગ્રહણીય માહિતી પૂરી પાડવા માટે સંપાદકીય ટીમને શુભેચ્છા. ઉમદા સંપાદન કાર્ય માટે સમગ્ર ટીમનો ખૂબ ખૂબ આભાર.

**અરવિંદ જીન્દાલ**
**arvindjindal63@gmail.com**

### મેગેઝીનમાં પ્રસિધ્ધ થતા આંકડા ચોક્કસ અને પ્રેરણાદાયક

મને ન્યૂ ઈન્ડિયા સમાચારનો 1થી 15 જૂનનો અંક વાંચવા મળ્યો. મેગેઝીનનાં માધ્યમથી જાણવા મળ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેટલી ઉપલબ્ધિ હાંસલ કરી છે. તેઓ દરેક વિભાગમાં મોટી સિદ્ધિ મેળવવા માટે નાની મોટી તમામ બાબતો પર નજર રાખે છે. તેઓ રાજનેતા નહીં, પણ સિધ્ધિ હાંસલ કરનાર વ્યક્તિ છે. ન્યૂ ઈન્ડિયા સમાચારમાં આપવામાં આવેલા આંકડા ચોક્કસ અને પ્રેરણાદાયક હોય છે.

**એમ પી ચંદ્રશેખર**

**ફોલો કરો @NISPIBIndia**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ: રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઇમેલ: response-nis@pib.gov.in**



## 105 કલાકમાં 75 કિ.મી. લાંબો રોડ બનાવ્યો, ગિનીઝ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું

"જ્યારે અમે રસ્તા અને પુલ બનાવીએ છીએ ત્યારે માત્ર શહેરો અને ગામોને નથી જોડતાં. અમે આકાંક્ષાઓ સાથે ઉપલબ્ધિ, આશાની સાથે તક અને આશાની સાથે ખુશીઓને પણ જોડીએ છીએ." વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં આ




વિશ્વાસને આગળ વધારતા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ વિશ્વમાં પ્રથમ વાર મેળવેલી સફળતાને કારણે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અમરાવતીથી અકોલા સેક્શન વચ્ચે સિંગલ લેન પર 75 કિ.મી. લાંબા બિટુમિનસ કોન્ક્રિટ રોડનું બાંધકામ માત્ર 105 કલાક અને 33 મિનિટમાં પૂરું કરવામાં આવ્યું. અમરાવતીથી અકોલા ડિવિઝન નેશનલ હાઈવે-53નો હિસ્સો છે. આ મહત્વપૂર્ણ ઈસ્ટ કોરિડોર છે, જે કોલકતા, રાયપુર, નાગપુર અને સુરત જેવા મહત્વનાં સ્થળોને જોડે છે. 75 કિ.મીનાં આ રોડને 720 કર્મચારીઓએ તૈયાર કર્યો છે, જેમાં સલાહકારોની ટીમ પણ સામેલ હતી. 75 કિલોમીટર સિંગલ લેન બિટુમિનસ કોંક્રીટ રોડની કુલ લંબાઈ 37.5 કિલોમીટર ટુ-લેન પાકા રોડની સમકક્ષ છે. રોડનું બાંધકામ 3 જૂનનાં રોજ સવારે સાત વાગે શરૂ થયું હતું, જે 7 જૂનનાં રોજ સાંજે પાંચ વાગે પૂરું થયું. આ અગાઉ બિટુમિનસ રોડનાં બાંધકામમાં ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ ફેબ્રુઆરી, 2019માં દોહા (કતાર)માં નોંધાયો હતો.

### ખેડૂતોને વધુ એક ભેટ

## 14 ખરીફ પાકની એમએસપી વધારવા મંજૂરી

ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્ય સાથે આગળ વધી રહેલી કેન્દ્ર સરકારે દેશના અન્નદાતાઓને વધુ એક ભેટ આપી છે. 8 જૂનનાં રોજ આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિની બેઠકમાં વર્ષ 2022-23 માટે વિવિધ ખરીફ પાકો માટે લઘુતમ ટેકાનાં ભાવ (એમએસપી) માં વધારાને મંજૂરી આપી છે. 14 ખરીફ પાકોની એમએસપીમાં 4થી 9 ટકા સુધી વધારો કરવામાં આવ્યો છે.

| પાક | 2022-23 માટે MSP | |
|---|---|---|
| | રૂ. પ્રતિ ક્વિન્ટલ | વધારો (રૂ.) |
| ચોખા (સામાન્ય) | 2040 | 100 |
| ચોખા (ગ્રેડ એ) | 2060 | 100 |
| જુવાર (હાઈબ્રિડ) | 2970 | 232 |
| જુવાર (માલદંડી) | 2990 | 232 |
| બાજરો | 2350 | 100 |
| રાગી | 3578 | 201 |
| મકાઈ | 1962 | 92 |
| તુવેર | 6600 | 300 |
| મગ | 7755 | 480 |
| અડદ | 6600 | 300 |
| મગફળી | 5850 | 300 |
| સુરજમુખી બીજ | 6400 | 385 |
| સોયાબીન (પીળા) | 4300 | 350 |
| તલ | 7830 | 523 |
| રામતલ | 7287 | 357 |
| કપાસ (મધ્યમ) | 6080 | 354 |
| કપાસ (લાંબો) | 6380 | 355 |

# ભારત-બાંગલાદેશ વચ્ચે ત્રીજી ટ્રેનની શરૂઆત

1971થી બાંગલાદેશ સાથે ભારતના સંબંધો મજબૂત રહ્યા છે અને 2014 બાદ આ સંબધો સતત વિસ્તરતા રહ્યા છે. બંને દેશો વચ્ચેનાં ભાવનાત્મક સંબંધોને હવે મિતાલી એક્સપ્રેસ આગળ ધપાવશે. ગયા વર્ષે માર્ચ મહિનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બાંગલાદેશ પ્રવાસમાં તેની જાહેરાત કરવામાં આવી હતી. કોવિડનાં 16 મહિના બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ પ્રથમ મુલાકાત હતી. 1 જૂનનાં રોજ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ અને બાંગલાદેશના રેલવે મંત્રી મોહમ્મદ નુરુલ સુઝાને લીલી ઝંડી આપીને ન્યૂ જલપાઈગુડીથી ઢાકા વચ્ચે ચાલતી આ ટ્રેનની શરૂઆત કરાવી હતી. કોલકતા-ઢાકા વચ્ચે મૈત્રી એક્સપ્રેસ અને કોલકતા-ખુલના વચ્ચે બંધન એક્સપ્રેસ બાદ બંને દેશો વચ્ચે ચાલતી આ ત્રીજી ટ્રેન છે. આ ટ્રેન અઠવાડિયામાં બે દિવસ દોડે છે. આ ટ્રેન બાંગલાદેશને ઉત્તર બંગાળની સાથે સાથે ભારતનાં પૂર્વોત્તર વિસ્તારથી જોડે છે. આ ટ્રેન દ્વારા બાંગલાદેશી નાગરિકો ભારતનાં માર્ગે નેપાળ જવામાં સરળતા રહેશે.

# રાષ્ટ્રીય આદિવાસી સંશોધન કેન્દ્રની શરૂઆત



ભારતના સંપૂર્ણ અને સર્વગ્રાહી વિકાસ માટે એ સુનિશ્ચિત કરવું જરૂરી છે કે સમાજનાં તમામ વર્ગો દેશની આર્થિક અને સામાજિક સમૃધ્ધિમાં ભાગીદાર બને. પણ ભારતની આઝાદીમાં આશરે 9 ટકા અને કુલ જમીનના 15 ટકા ભાગમાં રહેતા આદિવાસી સમુદાયને છેલ્લાં છ દાયકાથી વિકાસ પ્રોજેક્ટ્સનો પૂરો લાભ નથી મળ્યો. પ્રથમ વાર કેન્દ્ર સરકારે આ વર્ગનાં કલ્યાણ માટે નિર્ણાયક પગલાં લીધાં છે. જનજાતિય ગૌરવ દિવસથી માંડીને શિક્ષણ ક્ષેત્રમાં એકલવ્ય સ્કુલ તથા કળા અને કૌશલ્ય તાલીમની દિશામાં અનેક મહત્વનાં પગલાં લેવામાં આવ્યા છે. તેનાં ભાગ રૂપે 7 જૂનનાં રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે દિલ્હીમાં રાષ્ટ્રીય આદિવાસી સંશોધન કેન્દ્રનું ઉદઘાટન કર્યું. રાષ્ટ્રીય સ્તરની આ સંસ્થા આદિવાસી સમાજની ચિંતાઓ, મુદ્દાઓનાં ઉકેલ માટે મુખ્ય કેન્દ્ર તરીકે સ્થાપવામાં આવ્યું છે. આ કેન્દ્ર પ્રતિષ્ઠિત સંશોધન સંસ્થાઓ, યુનિવર્સિટીઝ, સંગઠનોની સાથે સાથે શૈક્ષણિક એકમો અને સંસાધન કેન્દ્રો સાથે સહયોગ અને નેટવર્કિંગ કરશે. તે આદિવાસી સંશોધન કેન્દ્રો, ઉત્કૃષ્ટતા કેન્દ્રો અને રિસર્ચ પ્રોજેક્ટ્સનું મોનિટરીંગ કરવાની સાથે સાથે રિસર્ચ અને તાલીમની ગુણવત્તામાં સુધારા માટે માપદંડ નક્કી કરશે.

# સુરત એરપોર્ટ પર અત્યાધુનિક ટર્મિનલનું વિસ્તરણ



ભારતમાં હીરા અને કાપડનાં વેપારનાં મુખ્ય કેન્દ્ર સુરતમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. દેશનાં 16 શહેરો સાથે સંકળાયેલા સુરત એરપોર્ટ પર પ્રવાસીઓની સંખ્યામાં થઈ રહેલા વધારાને ધ્યાનમાં રાખીને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા રૂ. 353 કરોડનાં ખર્ચે સુવિધાઓનું વિસ્તરણ કરી રહી છે. વિકાસ પ્રોજેક્ટ્સમાં ટર્મિનલ ભવનના વિસ્તરણ ઉપરાંત વિમાનોનાં પાર્કિંગની સંખ્યા પાંચથી વધારીને 18 અને સમાંતર ટેક્સી ટ્રેકનું નિર્માણ કરવાનું કામ પણ ચાલી રહ્યું છે. નવા આધુનિક વિસ્તારિત ટર્મિનલ ભવનમાં વ્યસ્ત સમય દરમિયાન 1200 સ્થાનિક અને 600 આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓની અવરજવર શક્ય બનશે. આ સાથે, નવા ટર્મિનલની વાર્ષિક પ્રવાસી ક્ષમતા 26 લાખની થઈ જશે. આધુનિક સુવિધાઓથી સંપૂર્ણ સજ્જ ટર્મિનલમાં 20 ચેક-ઈન કાઉન્ટર, પાંચ એરોબ્રિજ, ઈન-લાઈન બેગેજ હેન્ડલિંગ સિસ્ટમ અને આગામી પ્રવાસીઓ માટે પાંચ કન્વેયર બેલ્ટ હશે. નવા ટર્મિનલમાં 475 કાર પાર્ક કરવાની ક્ષમતા પણ હશે. એરપોર્ટનું નવું વિશ્વ સ્તરીય ટર્મિનલ ભવન આ ઔદ્યોગિક શહેરની કનેક્ટિવિટીમાં વધારો કરશે. જેનાથી શહેર અને તેની આસપાસના વિસ્તારોનાં વિકાસને વેગ મળશે.

# હવે હિન્દીમાં પણ પ્રસિધ્ધ થશે સંયુકત રાષ્ટ્રની માહિતીઓ

વર્ષ 1977માં વિદેશ મંત્રી અટલબિહારી વાજપેયીએ પ્રથમ વાર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને હિન્દીમાં સંબોધિત કરી હતી. ત્યારે પ્રથમ વાર સંયુક્ત રાષ્ટ્રમાં હિન્દીનો ડંકો વાગ્યો હતો. એ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અનેક વાર સંયુક્ત રાષ્ટ્રમાં પોતાનું સંબોધન હિન્દીમાં કર્યું હતું. હિન્દીમાં માહિતીનાં મહત્વને ધ્યાનમાં લઈને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ પ્રથમ વાર હિન્દી ભાષા સાથે સંકળાયેલા ભારતના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું છે કે સંયુક્ત રાષ્ટ્રનાં તમામ જરૂરી કામકાજ અને માહિતીઓ તેની સત્તાવારા ભાષાઓ ઉપરાંત હિન્દી ભાષામાં પણ પ્રસિધ્ધ કરવામાં આવે. આમ, સંયુક્ત રાષ્ટ્રનાં તમામ જરૂરી સંદેશ હવે હિન્દીમાં પણ મોકલવામાં આવશે. જે પ્રસ્તાવ પસાર થયો છે તેમાં ભારતની બાંગલા અને ઊર્દુ ભાષાનો પણ ઉલ્લેખ છે. ●

# હિમાચલનો સપૂત બન્યો કારગિલનો 'સિંહ'



**જન્મ: 9 સપ્ટેમ્બર, 1974**
**મૃત્યુઃ 7 જુલાઇ, 1999**

**1 જૂન, 1999નાં રોજ લેફ્ટનન્ટ વિક્રમ બત્રાને તેમની ટીમ સાથે કારગિલ યુધ્ધમાં મોકલવામાં આવ્યા હતા. વિક્રમ બત્રાએ પોતાનાં સાહસ અને વીરતાનો પરિચય આપ્યો એટલું જ નહીં પણ 20 જૂન, 1999નાં રોજ સવારે સાડા ત્રણ વાગે પોતાના સાથીઓ સાથે શ્રીનગર-લેહ માર્ગ પર સૌથી ઉપરનાં 5140 નંબરના પોઇન્ટને પાકિસ્તાની સેનાનાં કબ્જામાંથી મુક્ત કર્યું. વિક્રમ બત્રાએ આ પોઇન્ટને મુક્ત કર્યું હોવાની જાહેરાત રેડિયો દ્વારા કરીને 'યહ દિલ માંગે મોર' કહ્યું ત્યારે માત્ર સેના જ નહીં પણ સમગ્ર ભારતમાં તેમનું નામ છવાઇ ગયું. યુધ્ધનાં મેદાનમાં જ તેમને કેપ્ટનનો રેન્ક આપવામાં આવ્યો. કારગિલનાં પાંચ સૌથી મહત્વનાં શિખર જીતવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર વિક્રમ બત્રા 7 જુલાઇ, 1999નાં રોજ દેશ માટે શહીદ થયા.**

પાકિસ્તાની સેના પાસેથી 5140 નંબરનું શિખર કબ્જે કર્યા પછી 7 જુલાઇ, 1999નાં રોજ વિક્રમ બત્રાને નવું લક્ષ્ય આપવામાં આવ્યું. પોઇન્ટ 4875 જીતવાનું. એ સમયે તેમની તબિયત ખરાબ હતી. તેમની છાતીમાં દુઃખાવો હતો અને આંખો લાલ થઈ ગઈ હતી. તેમના અધિકારી તેમને ઊંચાઇ પર મોકલવામાં ખચકાતા હતા પણ બત્રાએ પોતે જ આગ્રહપૂર્વક કરીને કહ્યું કે તેઓ આ કામ પૂરું કરશે. દુશ્મનોના કબ્જામાંથી આ શિખરને મુક્ત કરાવવા માટે વિક્રમ બત્રાએ પોતાનાં જીવની પરવા ન કરી અને અંતિમ શ્વાસ સુધી લડતા લડતા મોતને વ્હાલું કર્યું. વિક્રમ બત્રા કારગિલ યુધ્ધમાં એવા સિપાહીનો ચહેરો બન્યા જે પોતાની માતૃભૂમિનાં રક્ષણ માટે સરહદ પર ગયા. 16 જૂનનાં રોજ કેપ્ટને પોતાના જોડિયા ભાઈ વિશાલને દ્રાસ સેક્ટરથી મોકલેલી ચિઠ્ઠીમાં લખ્યું હતું- "પ્રિય કુશ, મા અને પિતાજીનો ખ્યાલ રાખજે. અહીં ગમે તે થઈ શકે છે."

1999માં પાકિસ્તાને છળકપટથી કારગિલનાં અનેક શિખરો પર કબ્જો કરી લીધો હતો ત્યારે ભારતીય સેનાએ એ શિખરોને મુક્ત કરાવવા માટે ઓપરેશન વિજય શરૂ કર્યું હતું. આ યુધ્ધમાં 24 વર્ષના કેપ્ટન વિક્રમ બત્રાએ સૌથી મહત્વની ભૂમિકા ભજવી હતી. કારગિલ યુધ્ધ દરમિયાન શહીદ થતાં પહેલાં બત્રાએ અનેક પાકસ્તાની સૈનિકોને મારી નાખ્યા હતા અને પોતાનાં અનેક સાથીઓને બચાવ્યા હતા. આ બહાદુરી બદલ ભારત સરકારે કેપ્ટન વિક્રમ બત્રાને મરણોપરાંત સર્વોચ્ચ અને સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કાર પરમવીર ચક્રથી સન્માનિત કર્યા હતા.

**કેપ્ટન બત્રાએ મિત્રને કહ્યું હતું, "કાં તો હું જીતીને તિરંગો ફરકાવીને આવીશ અથવા તો એ જ તિરંગામાં લપેટાઇને આવીશ. પણ આવીશ ખરો."**

હિમાચલ પ્રદેશના પાલમપુરમાં 9 સપ્ટેમ્બર, 1974નાં રોજ જન્મેલા વિક્રમ બત્રાને બાળપણથી ભારતીય સેનામાં જવાનું ઝનૂન હતું. 1985માં દૂરદર્શન પર પ્રસારિત થયેલી સીરિયલ 'પરમવીર ચક્ર' જોઇને તેમને સેનામાં જોડાવાની પ્રેરણા થઈ હતી. મર્ચન્ટ નેવીમાં હોંગકોંગની શિપિંગ કંપનીમાં ભર્તી થયા પછી વિક્રમે લશ્કરમાં કારકિર્દી બનાવવાનો નિર્ધાર કર્યો. સેનામાં ભર્તી થઈ ત્યારે એક મિત્રએ જ્યારે કહ્યું કે, "હવે તુ સેનામાં છે. પોતાનું ધ્યાન રાખજે.." ત્યારે તેમણે જવાબ આપ્યો હતો, "ચિંતા ન કર. કાં તો હું જીતીને તિરંગો ફરકાવીને આવીશ અથવા તો એ જ તિરંગામાં લપેટાઈને આવીશ. પણ આવીશ ખરો." વિક્રમ બત્રાની હિંમત અને પરાક્રમને જોતાં તેમના વિષે તત્કાલીન ભારતીય સેના પ્રમુખે એક વાર કહેલું કે, "જો તેઓ જીવતા પાછા આવત તો ભારતીય સેનાના પ્રમુખ બની ગયા હોત." વિક્રમ બત્રાનું મનોબળ અને શરીર સૌષ્ઠવને જોતાં કારગિલ યુધ્ધમાં તેમને 'શેરશાહ' કોડ નેમ આપવામાં આવ્યું હતું અને પાકિસ્તાનમાં આજે પણ લોકો તેમને આ નામે જ જાણે છે. 'કારગિલના સિંહ'ના નામે પણ જાણીતા વિક્રમ બત્રાની શહીદી બાદ પોઇન્ટ 4875 શિખરનું નામ બત્રા ટોપ રાખવામાં આવ્યું છે. ●



# જ્યારે બંધારણ અને સંસ્કારનું મિલન થયું...

**દેશનાં સર્વોચ્ચ બંધારણીય પદ રાષ્ટ્રપતિની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે. રાષ્ટ્રપતિ માટે દર પાંચ વર્ષે યોજાતી ઔપચારિક ચૂંટણી પ્રક્રિયાની જાહેરાતનાં લગભગ એક સપ્તાહ પહેલાં ઉત્તરપ્રદેશના પરૌંખ ગામમાં દેશે એક અદભૂત દ્રશ્ય જોયું, જેણે બધાંનાં મન મોહી લીધાં. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પ્રોટોકોલ તોડીને પરૌંખની ધરતી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું, કારણ કે પરૌંખ રાષ્ટ્રપતિનું પૈતૃક ગામ છે અને એક ગ્રામીણ તરીકે તેમણે પોતાના ગામની ધરતી પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું મહેમાન તરીકે ભાવભીનું સ્વાગત કર્યું. બંધારણની મર્યાદાની સાથે સાથે ભારતીય સંસ્કારની આવી વિશિષ્ટતાનાં ઉદાહરણ ભાગ્યે જ જોવા મળે છે. આ વાતનો ઉલ્લેખ રાષ્ટ્રપતિ અને વડાપ્રધાને પોતાના સંબોધનોમાં પણ કર્યો...**

---

આ એક એવા ગામની વાત છે જ્યાં આજથી લગભગ 50-55 વર્ષ પહેલાં પ્રથમ વાર કોઈ રાષ્ટ્રીય સ્તરના નેતાનું આગમન થયું હતું. ગામના ઘણાં લોકોએ જીવનમાં પ્રથમ વાર જીપ જોઈ હતી. આ ગામ છે ઉત્તરપ્રદેશના કાનપુરનું પરૌંખ અને નેતા હતા ડો. રામમનોહર લોહિયા. આ જ ગામના પનોતા પુત્ર જ્યારે દેશના સર્વોચ્ચ બંધારણીય હોદ્દા પર પહોંચ્યા અને તેમના આમંત્રણથી દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ જ ગામમાં પહોંચ્યા ત્યારે એ ઘટના એ ગામ અને આસપાસના વિસ્તારો માટે દુર્લભ ઐતિહાસિક ઘટનાથી ઓછી નહોતી. **આવો જાણીએ આ પ્રસંગે પરૌંખમાં રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન વચ્ચેના સંબંધોની આત્મીયતા કઈ રીતે ભાવવિભોર કરનારી હતી. કંઈક આવી રીતે જોવા મળી રાષ્ટ્રપતિ અને વડાપ્રધાન વચ્ચેના સંબંધોની આત્મીયતા...**




# નવ-નવ વડાપ્રધાન આપનાર ઉત્તરપ્રદેશથી પ્રથમ વાર કોઈ રાષ્ટ્રપતિપદ સુધી પહોંચ્યુ, તેનો શ્રેય વડાપ્રધાન મોદીને

- મારા આમંત્રણથી તમે મારા નાનકડા પૈતૃક ગામ પધારીને જનતાને મળવા માટે અહીં આવ્યા. આ તમારી સહૃદયતા અને ઉદારતા છે.
- ઉત્તરપ્રદેશ તો આપણી લોકશાહીની સર્વસમાવેશી શક્તિ પ્રત્યે તમારી નિષ્ઠાનું એ  દિવસથી જ પ્રશંસક છે જ્યારે રાજ્યના ગરીબ પરિવારમાં જન્મેલા મારા જેવા માણસને રાષ્ટ્રપતિપદની જવાબદારી આપવાની પહેલ તમારા દ્વારા કરવામાં આવી.
- આ રાજ્યએ દેશને નવ-નવ વડાપ્રધાન આપ્યા, રાષ્ટ્રપતિ એક વાર પણ નહીં. આજે ઉત્તરપ્રદેશના લોકોને ગર્વની અનુભૂતિ થાય છે કે અહીંના એક રહેવાસીને પ્રથમ વાર દેશના સર્વોચ્ચ પદ પર જવાબદારી આપવામાં આવી. તેનો શ્રેય વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાય છે.
- એને હું સમગ્ર દેશનું સૌભાગ્ય માનું છું કે દરેક નાગરિકના જીવનને સરળ અને સુખમય બનાવવા માટે વડાપ્રધાન સતત પ્રયત્નશીલ રહે છે. તેમણે ભારત માતાની સેવા કરવાનાં અર્થને નવાં પરિમાણ આપ્યા છે અને રાષ્ટ્રસેવા-જનકલ્યાણના ખ્યાલને નવી સાર્થકતા પ્રદાન કરી છે.
- ભારતીય સંસ્કૃતિ પર આધારિત સમાવેશી અને સમરસ સમાજનાં નિર્માણ અને ગરીબ, પછાત અને વંચિત વર્ગોના ઉત્થાન પ્રત્યે બાબાસાહેબ જીવનભર સંઘર્ષરત રહ્યા. તેમનાં આદર્શોને વડાપ્રધાનજીએ જે રીતે અમલી કર્યા છે જે આપણા બધાં માટે અનુકરણીય અને એક પ્રકારનું દ્રષ્ટાંત છે.
- હું જ્યારે મારા ગામમાં જઉં છું ત્યારે સહજ રીતે જ અહીંની માટીને મારા માથા પર લગાવું છું. માતૃશક્તિ માટે આ વિશેષ અનુરાગ અને આદરભાવ મેં વડાપ્રધાનજીના જીવનમાં પણ જોયો છે.
- વડાપ્રધાનજીની દ્રઢ ઇચ્છાશક્તિનો ઉલ્લેખ કરવા માંગીશ. તાજેતરમાં જ જાપાના પ્રવાસ દરમિયાન ત્યાં વસતા ભારતીય સમુદાયના લોકોને સંબોધન કરતા વડાપ્રધાનજીએ કહ્યું હતું કે તેમને માખણ પર નહીં, પણ પથ્થર પર લીટી ખેંચવાનું સારું લાગે છે.
- વડાપ્રધાનજીના ચરિત્રની આ જ દ્રઢતા આજે ભારતની શક્તિને વૈશ્વિક સ્તર પર નવા રૂપમાં સ્થાપિત કરી રહી છે.




# ગામડાંમાં જન્મેલો ગરીબમાં ગરીબ માણસ પણ રાષ્ટ્રપતિ-વડાપ્રધાન-રાજ્યપાલ-મુખ્યમંત્રીનાં હોદ્દા સુધી પહોંચી શકે છે

- આ ગામે રાષ્ટ્રપતિજીનું બાળપણ જોયું છે અને મોટા થયા પછી તેમને દરેક ભારતીયનું ગૌરવ બનતા પણ જોયા છે. મને ખબર પડી કે પાંચમા ધોરણ બાદ તેમનું એડમિશન 5-6 માઈલ દૂર આવેલા ગામમાં કરવામાં આવ્યું ત્યારે તેઓ ઉઘાડા પગે શાળાએ દોડતા જતા હતા અને આ દોડ આરોગ્ય માટે નહોતી. આ દોડ એટલાં માટે હતી કે ગરમીથી તપતા રસ્તા પર પગ ઓછા બળે.
- મેં પરૌંખમાં ભારતીય ગામની અનેક આદર્શ છબીઓને અનુભવી છે. અહીં સૌ પ્રથમ મને પથરી માતાના આશીર્વાદ લેવાની તક મળી. આ મંદિર આ ગામની, આ વિસ્તારની અધ્યાત્મિક આભાની સાથે સાથે એક ભારત-શ્રેષ્ઠ ભારતનું પણ પ્રતીક છે. હું કહી શકું કે આ એવું મંદિર છે, જ્યાં દેવભક્તિ પણ છે, દેશભક્તિ પણ છે.
- હું રાષ્ટ્રપતિજીના પિતાજીના વિચારોને પ્રણામ કરું છું. તેમની કલ્પનાશક્તિને પ્રણામ કરું છું. તેઓ પોતાનાં જીવનમાં તીર્થાટન પર જતા હતા, અલગ અલગ યાત્રાસ્થળો પર ગયા, ક્યારેક બદ્રીનાથ ગયા, ક્યારેક કેદારનાથ ગયા, ક્યારેક અયોધ્યા ગયા, ક્યારેક કાશી ગયા, ક્યારેક મથુરા ગયા, અલગ અલગ સ્થળો પર ગયા.
- એ સમયે એમની આર્થિક સ્થિતિ એવી નહોતી કે ગામનાં તમામ લોકો માટે કોઇ ત્યાંથી પ્રસાદ લઈ આવે અને આખા ગામમાં વહેંચી શકે. પણ તેઓ એ યાત્રા ધામમાંથી એક એક પથ્થર લાવીને અહીં આ ઝાડ નીચે મૂકી દેતા હતા. હિન્દુસ્તાનના ખૂણે ખૂણેથી પથ્થર આવ્યા છે. તેનાં પ્રત્યે એક ભાવ જાગી જતો હતો અને ગામનાં લોકોએ મંદિર તરીકે તેની પૂજા કરી.
- પરૌંખની માટીમાંથી રાષ્ટ્રપતિજીને જે સંસ્કાર મળ્યા છે, તેની સાક્ષી આજે દુનિયા બની રહી છે. હું આજે જોઈ રહ્યો હતો કે એક તરફ બંધારણ, બીજી બાજુ સંસ્કાર અને આજે ગામમાં રાષ્ટ્રપતિજીએ પદને કારણે રાખવી પડતી તમામ મર્યાદાઓથી બહાર નીકળીને મને આશ્ચર્યચકિત કરી દીધો.
- તેઓ જાતે મારું સ્વાગત કરવા હેલીપેડ પર આવ્યા. હું ભારે મૂંઝવણ અનુભવી રહ્યો છું કારણ કે અમે તો તેમનાં માર્ગદર્શનમાં કામ કરી રહ્યા છીએ, તેમનાં પદની એક ગરિમા છે. મેં કહ્યું, રાષ્ટ્રપતિજી તમે આજે મારી સાથે અન્યાય કર્યો. તો તેમણે સહજ રીતે કહ્યું કે બંધારણની મર્યાદાઓનું પાલન તો હું કરું છું પણ ક્યારેક-ક્યારેક સંસ્કારોની પણ તાકાત હોય છે. ●



# નવી ઉડાન નવો સંકલ્પ

**કોવિડ કાળમાં સમગ્ર દુનિયા અટકી ગઈ હતી, પણ ભારતની ગતિ યથાવત રહી. દેશે આગળ વધવાનો અને આત્મનિર્ભર બનવાનો સંકલ્પ લીધો. કેન્દ્રીય નેતૃત્વના આ સંકલ્પને કારણે દેશમાં આર્થિક મોરચે કામગીરી ચાલુ રહી. પ્રથમ વાર 30 લાખ કરોડ રૂપિયાથી વધુની નિકાસ થઈ, પ્રથમ વાર 84 અબજ ડોલરનું સીધુ વિદેશી રોકાણ આવ્યું, 70,000થી વધુ સ્ટાર્ટઅપ નોંધાયા, 100 યુનિકોર્ન, વિશ્વનો ત્રીજો મોટો ઊર્જા ગ્રાહક દેશ, વિશ્વની સૌથી ઝડપથી વૃધ્ધિ પામતું અર્થતંત્ર.. આટલી સિધ્ધિથી અટકવાનું નથી. હજુ આર્થિક મોરચે ઘણું કામ કરવાનું છે. 3 જૂનનાં રોજ લખનૌમાં આયોજિત ઉત્તરપ્રદેશ રોકાણકાર સંમેલન 3.0નાં પ્રથમ તબક્કામાં 80,000 કરોડ રૂપિયાથી વધુનાં 1406 નવા પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા ભારતના સંકલ્પોનું પુનરાવર્તન કર્યું...**

વસતિની રીતે દેશનું સૌથી મોટું રાજ્ય ઉત્તરપ્રદેશ લાંબો સાંસ્કૃતિક અને ગૌરવવંતો ઇતિહાસ ધરાવે છે. રાજ્યમાં અગાઉથી જ યમુના એક્સપ્રેસ-વે, પૂર્વાંચલ એક્સપ્રેસ-વે અને લખનઉ-આગ્રા એક્સપ્રેસ વે છે. બુંદેલખંડ એક્સપ્રેસ-વે લગભગ તૈયાર થઈ ચૂક્યો છે. ગંગા એક્સપ્રેસ-વેનો શિલાન્યાસ થઈ ચૂક્યો છે. હાલમાં રાજ્યમાં નવ એરપોર્ટ કાર્યાન્વિત છે અને પાંચ પર કામ ચાલી રહ્યું છે. આ ઉપરાંત, સાત એરપોર્ટ સૂચિત છે. દેશનાં બેમાંથી એક ડિફેન્સ કોરિડોર ઉત્તરપ્રદેશમાં છે. રાજ્યમાં વિકાસના આ નવા માપદંડો છે, જેની વર્ષોથી રાહ જોવાતી હતી. 3 જૂનનાં રોજ ઉત્તરપ્રદેશ રોકાણકાર શિખર સંમેલન 3.0માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 80,000 કરોડ રૂપિયાથી વધુનાં 1406 પ્રોજેક્ટનો શિલાન્યાસ કરતા કહ્યું, "ઉત્તરપ્રદેશમાં ભારતના પાંચમાં છઠ્ઠા ભાગની વસતિ રહે છે. એટલે કે યુપીના એક વ્યક્તિની પ્રગતિ દેશનાં દર છઠ્ઠા માણસની પ્રગતિ કહેવાશે. મને વિશ્વાસ છે કે ઉત્તરપ્રદેશ જ 21મી સદીના ભારતના વિકાસની કહાનીને વેગ આપશે." ●

## વડાપ્રધાનનું સંબોધનઃ ઊડતી નજરે..

- વિશ્વ આજે જે ભરોસામંદ સાથીને શોધી રહ્યું છે તેનાં પર ખરા ઉતરવાનું સામર્થ્ય માત્ર આપણા લોકશાહી દેશ ભારત પાસે જ છે. વિશ્વ આજે ભારતની શક્તિને પણ જોઈ રહ્યું છે.
- ભારતમાં મજબૂત મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમ, મજબૂત અને ડાઇવર્સ વેલ્યુ અને સપ્લાય ચેઇન વિકસિત કરવા માટે દરેકનાં પ્રદાનની જરૂર છે. સરકાર તેની રીતે સતત નીતિઓ બનાવી રહી છે, જૂની નીતિઓમાં સુધારો કરી રહી છે.
- અમે સ્થિર નીતિ પર ભાર મૂક્યો છે, સંકલન પર ભાર મૂક્યો છે, ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ પર ભાર મૂક્યો છે. વીતેલા સમયમાં અમે હજારો કોમ્પ્લાયન્સ નાબૂદ કર્યા છે, જૂના કાયદાઓને નાબૂદ કર્યા છે. એક રાષ્ટ્ર-એક કર એટલે કે જીએસટી, એક રાષ્ટ્ર-એક ગ્રિડ, એક રાષ્ટ્ર-એક મોબિલિટી કાર્ડ, એક રાષ્ટ્ર-એક રેશન કાર્ડ. આ બધું અમારાં પ્રયત્નો, અમારી નક્કર અને સ્પષ્ટ નીતિઓનું પરિણામ છે.
- 2014માં ભારતમાં માત્ર 6 કરોડ બ્રોડબેન્ડ સબસ્ક્રાઇબર્સ હતા. આજે તેની સંખ્યા 78 કરોડથી વધી ગઈ છે. 2014માં 1 જીબી ડેટા આશરે 200 રૂપિયામાં પડતો હતો, આજે તેની કિંમત ઘટીને માત્ર 11-12 રૂપિયા થઈ ગઈ છે.
- ભારતમાં વિશ્વમાં સસ્તો ડેટા ધરાવતા દેશોમાં સ્થાન પામે છે. 2014માં દેશમાં 11 લાખ કિલોમીટર ઓપ્ટિકલ ફાઇબર હતો



# હવે ખાનગી ક્ષેત્ર પણ અવકાશ ક્ષેત્રમાં મહત્વની ભૂમિકા ભજવશે

**માનવતાનાં ભવિષ્ય અને તેનાં વિકાસ માટે આગામી દિવસોમાં બે ક્ષેત્ર સૌથી અસરકારક સાબિત થવાનાં છે- અવકાશ અને સમુદ્ર. ભારતે આ બંને દેશોમાં વિલંબ કર્યા વગર આગળ વધવાની જરૂર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આ વિઝનને ધ્યાનમાં રાખતા અવકાશ સાથે સંકળાયેલાં તમામ ક્ષેત્ર ખાનગી કંપનીઓ માટે ખોલવામાં આવ્યા છે. ઈસરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજી સુધી ખાનગી કંપનીઓ પહોંચી શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 10 જૂનનાં રોજ અમદાવાદના બોપલમાં બનાવવામાં આવેલા INSPACeના હેડક્વાર્ટરનો શુભારંભ કર્યો. ગુજરાત પ્રવાસ દરમિયાન વડાપ્રધાને નવસારીમાં એ એમ નાઈક હેલ્થકેર કોમ્પલેક્સ અને નિરાલી મલ્ટી હોસ્પિટલનાં ઉદઘાટનની સાથે સાથે 3050 કરોડ રૂપિયાનાં ખર્ચનાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ પણ કર્યો...**

ભારતની અંદર અનેક સંભાવના પડેલી છે, પણ ક્યારેય મર્યાદિત પ્રયત્નોથી અનંત સંભાવનાઓ સાકાર ન થઈ શકે. 21મી સદીનાં વિકાસમાં ક્રાંતિનું સૌથી મોટું માધ્યમ બનવા જઈ રહેલાં અવકાશ ક્ષેત્રને પણ આ વાત લાગુ પડે છે. ભારતના અવકાશ ક્ષેત્રમાં રહેલી આ સંભાવનાઓને તેમની મંઝીલ સુધી પહોંચાડવાની નવી શરૂઆત સરકારે કરી છે. અમદાવાદના બોપલમાં ઈન્ડિયન નેશનલ સ્પેસ પ્રમોશન એન્ડ ઓથોરાઈઝેશન (ઇન-સ્પેસ/IN-SPACe) એટલે કે 'ભારતીય રાષ્ટ્રીય અવકાશ સંવર્ધન અને અધિકૃતતા કેન્દ્ર' આ દિશામાં મહત્વનું પગલું છે. 10 જૂનનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું ઉદઘાટન કરતા જણાવ્યું હતું, "આજે 21મી સદીના આધુનિક ભારતની વિકાસ યાત્રામાં એક સુંદર પ્રકરણ ઉમેરાયું છે. અવકાશ ક્ષેત્રમાં વેપાર સરળીકરણમાં સુધારો લાવવા માટે અમે ટૂંક સમયમાં એક નીતિ લાવી રહ્યા છીએ."

ઉલ્લેખનીય છે કે જૂન, 2020માં આ પ્રોજેક્ટને મંજૂરી મળી હતી. આ કેન્દ્ર ભારત સરકારનાં અવકાશ વિભાગની સ્વતંત્ર નોડલ એજન્સી છે. બોપલમાં તેનું ઉદઘાટન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું, "બહુ લાંબા સમયથી અવકાશ ઉદ્યોગમાં ખાનગી

# અવકાશની તાકાતને આ રીતે સમજો

## વિશ્વ વિક્રમ

વિક્રમ 104 ઉપગ્રહોને એક જ ઉડાનમાં લોંચ કરવામાં આવ્યા. એક જ ઉડાનમાં 3 ઓર્બિટ મિશન લોંચ કરવામાં આવ્યા.



## ઉપગ્રહ

હાઈ-સ્પીડ સંદેશાવ્યવહારને પ્રોત્સાહિત કરવા માટે ભારતના સૌથી એડવાન્સ્ડ ઉપગ્રહ GSAT11 અને GSAT-29 લોંચ કરવામાં આવ્યા.

છેલ્લાં આઠ વર્ષમાં વિક્રમ અવકાશ મિશન લોંચ. વર્ષ 2014 પહેલાં વર્ષે સરેરાશ 1.7 મિશન લોંચ થતા હતા, જે 2014 બાદ 5.4 થઈ ગયા

## IRNSS-1 G

સાથે ભારત પાસે પોતાની ઉપગ્રહ નેવિગેશન સિસ્ટમ


આ રીતે અવકાશ યાન મિશનની વાત કરીએ તો 2014 પહેલાં દર વર્ષે 2.15 થતા હતા, જે 2014 બાદ 5.9 થઈ ગયા.

વિદેશી ઉપગ્રહોનાં પ્રક્ષેપણ 2014 પહેલાં 35 હતાં, જે 2014 બાદ 807 થયાં.

## ISPA

ભારતીય અવકાશ સંગઠન (ISPA) નો શુભારંભ ભારતને કમર્શિયલ સ્પેસ આધારિત ભ્રમણમાં ગ્લોબલ લીડર બનાવવાની દિશામાં પહેલ છે.

પ્રગતિશીલ અવકાશ સુધારા, કાર્યક્રમો અને મિશનો દ્વારા ભારત અગ્રણી અવકાશ મહાશક્તિ તરીકે ઊભરી રહ્યું છે.



મંગલયાનનાં પ્રથમ પ્રયત્નમાં મંગળની કક્ષામાં પ્રવેશ કરનાર પ્રથમ દેશ.

**342**

ઉપગ્રહ અત્યાર સુધી લોંચ કરવામાં આવ્યા છે 34 વિવિધ દેશોનાં

## ઇન-સ્પેસમાં કઈ સુવિધાઓ છે?

આપણાં ઉદ્યોગને મદદનો હાથ લંબાવવાની જરૂર છે, જે ઇન-સ્પેસ પૂરો પાડશે. કારણ કે ઇન-સ્પેસ પ્રમોટર, ઇનેબલર, ઓથોરાઇઝેશન અને સુપરવાઇઝરની ભૂમિકા નિભાવશે. ઇન-સ્પેસની ટેકનિકલ લેબ અને ક્લિન રૂમમાં સેટેલાઇટનાં ડિઝાઇન, ફેબ્રિકેશન, એસેમ્બલિંગ, ઇન્ટીગ્રેશન અને ટેસ્ટિંગ માટેનાં ઉપકરણ ભારતીય કંપનીઓ માટે પૂરા પાડવામાં આવશે. અહીં બીજી અનેક આધુનિક સુવિધા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવશે જે સ્પેસ ઉદ્યોગની ક્ષમતા વધારવામાં મદદ કરશે.

> **હું ખાનગી ક્ષેત્રને આશ્વાસન આપવા માંગું છું કે અવકાશ ક્ષેત્રમાં સતત સુધારા ચાલુ રહેશે. મોટાં વિચાર જ મોટાં વિજેતા બનાવી શકે છે. ઇન-સ્પેસમાં અવકાશ ઉદ્યોગમાં ક્રાંતિ લાવવાની ક્ષમતા છે. ભારતનો અવકાશ ઉદ્યોગ એક રીતે આત્મનિર્ભર ભારતની સૌથી મોટી ઓળખ છે. જ્યારે આ કાર્યક્રમને ભારતના ખાનગી ક્ષેત્રથી મજબૂતી મળશે ત્યારે તમે કલ્પના કરી શકો છો કે તેની શક્તિને કેટલી વધારશે.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

ક્ષેત્રને માત્ર એક વિક્રેતા તરીકે જોવામાં આવ્યો છે. પણ હવે ખાનગી ક્ષેત્ર માત્ર એક વિક્રેતા નહીં હોય, પણ અવકાશ ક્ષેત્રમાં મોટાં વિજેતાની ભૂમિકા ભજવશે. સરકારી અવકાશ સંસ્થાઓની તાકાત અને ભારતનાં ખાનગી ક્ષેત્રનું ઝનુન ભેગું થશે ત્યારે વિકાસની સરહદો અનંત થઈ જશે. સરકાર યુવાનો સામેથી દરેક અવરોધ હટાવી રહી છે. સતત સુધારા કરી રહી છે. સરકારનો પ્રયત્ન છે કે ભારતના ખાનગી ક્ષેત્ર માટે વધુને વધુ ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસનું વાતાવરણ બને, જેથી દેશનું ખાનગી ક્ષેત્ર દેશનાં લોકોનાં ઇઝ ઓફ લિવિંગમાં એટલી જ



હેલ્થકેર કોમ્પ્લેક્સ અને હોસ્પિટલનું ઉદઘાટન

## આયુષ્યમાન ભારતને કારણે ગુજરાતમાં રૂપિયા 7,000 કરોડની બચત

ગરીબોનાં સશક્તિકરણ અને જીવનને સરળ બનાવવા માટે આરોગ્ય સુવિધાઓનું આધુનિકીકરણ અને ત્યાં સુધીની પહોંચ મહત્વપૂર્ણ છે. આ બાબતને ધ્યાનમાં રાખીને સરકારે દેશનાં આરોગ્ય ક્ષેત્રમાં સુધારા માટે છેલ્લાં આઠ વર્ષ દરમિયાન સર્વગ્રાહી અભિગમ અપનાવ્યો છે. સરકારનો એક હેતુ ગરીબ અને મધ્યમવર્ગને બિમારીથી બચાવવાનો છે અને બિમારીની સ્થિતિમાં ખર્ચમાં ઘટાડો કરવાનું લક્ષ્ય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવસારીમાં એ એમ નાઈક હેલ્થકેર કોમ્પ્લેક્સ અને નિરાલી મલ્ટિ સ્પેશ્યાલિટી હોસ્પિટલનું ઉદઘાટન કર્યા બાદ આમ જણાવ્યું હતું. આયુષ્યમાન ભારત અંતર્ગત ગુજરાતમાં 41 લાખ રોગીઓએ મફત સારવારનો લાભ લીધો છે, જેનાંથી દર્દીઓને રૂ. 7,000 કરોડની બચત થઈ છે. વડાપ્રધાને જણાવ્યું, “ગુજરાતના લોકો માટે આરોગ્ય અને સેવા જીવનનું લક્ષ્ય છે. આપણી પાસે બાપુ જેવા મહાપુરુષોની પ્રેરણા છે, જેમણે સેવાને દેશની તાકાત બનાવી. ગુજરાતનો આ જુસ્સો આજે પણ ઊર્જાથી ભરેલો છે.”

બે દાયકામાં વિકાસની ગૌરવશાળી પરંપરા

## 33 પ્રોજેક્ટ્સનું ઉદઘાટન, શિલાન્યાસ અને ભૂમિ પુજન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવસારીમાં આદિવાસી વિસ્તાર ખુડવેલમાં 10 જૂનનાં રોજ ગુજરાત ગૌરવ અભિયાનમાં ભાગ લીધો, જેમાં 3050 કરોડ રૂપિયાનાં ખર્ચનાં સાત પ્રોજેક્ટ્સનું ઉદઘાટન, 12 પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને 14 પ્રોજેક્ટ્સનું ભૂમિ પુજન કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ્સને કારણે આ વિસ્તારમાં પાણીના પુરવઠામાં સુધારાની સાથે સાથે, કનેક્ટિવિટીમાં વધારો થશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, છેલ્લાં બે દાયકામાં ઝડપથી થયેલો સર્વસમાવેશી વિકાસ અને આ વિકાસને કારણે જન્મેલી નવી આકાંક્ષા ગુજરાતનું ગૌરવ છે. આ વિવિધ પ્રોજેક્ટ્સને કારણે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ અને તાપી જિલ્લામાં લોકોનું જીવન સરળ બનશે.

મદદ કરે. સરકાર અવકાશ ક્ષેત્રની ક્ષમતાને સમજે છે એટલાં માટે ટેકનોલોજી અને નિપુણતાને વહેંચી રહી છે.”

અમદાવાદમાં IN-SPACeના પ્રારંભ સાથે જ હેડક્વાર્ટરનાં ઉદઘાટન દરમિયાન ઈસરોએ ખાનગી ક્ષેત્ર અને અલગ અલગ એજન્સીઓ સાથે 10 સમજૂતિઓ પણ કરી.

ઉલ્લેખનીય છે કે, વૈશ્વિક અવકાશ ઉદ્યોગનું મૂલ્ય 400 અબજ અમેરિકન ડોલર છે અને તેમાં 2040 સુધી એક ટ્રિલિયન ડોલરનો ઉદ્યોગ બનવાની ક્ષમતા છે. ભારત આ વૈશ્વિક ભાગીદારીમાં પોતાનું પ્રદાન વધારવા માંગે છે. IN-SPACe આ દિશામાં પગલું છે. ઓક્ટોબર 2021માં ઈન્ડિયન સ્પેસ એસોસિએશનાં લોંચ ઈવેન્ટને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું હતું, IN-SPACe ખાનગી ક્ષેત્રને અવકાશમાં પ્રોત્સાહન આપવાનું અને અવકાશ સંબંધિત તમામ કાયક્રમો માટે સિંગલ વિન્ડોનું કામ કરશે. તે ખાનગી કંપનીઓને ભારતીય અવકાશ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરવા માટે સમાન તકો આપશે. અવકાશ ક્ષેત્ર સંબંધિત તમામ મુદ્દાઓ માટે સિંગલ વિન્ડો તરીકે કામ કરશે. ખાનગી ક્ષેત્ર હવે ઈસરોના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરી શકશે.



# કૌશલ્ય
## વિકાસના કેન્દ્ર તરીકે વિક્સિત થઈ રહેલું નવું ભારત



**શિક્ષણ હોય કે આરોગ્ય, શ્રમ હોય કે ઉદ્યોગ જગત, ગામડું હોય કે શહેર, સરકાર હોય કે કોર્પોરેટ, રાષ્ટ્ર કે સમાજ સાથે સંકળાયેલા તમામ ક્ષેત્ર માટે કૌશલ્ય વિકાસ અનિવાર્ય બની ગયું છે. કોવિડ બાદની દુનિયામાં તેનું મહત્વ વધી ગયું છે. એટલાં માટે, વિશ્વનાં સૌથી વધુ યુવા વસતિ ધરાવતા ભારતે કૌશલ્ય ક્ષમતાના વિકાસને નવી દિશા આપી છે, જ્યાં યુવાનો કૌશલ્ય દ્વારા જીવન સુધારીને પોતાના વિકાસ અને ઉન્નતિનો માર્ગ મોકળો કરી રહ્યા છે. સાથે સાથે, 'સ્કિલ, રિ-સ્કિલ અને અપ-સ્કિલ' કરોડો યુવાનો અને નબળાં વર્ગ માટે કૌશલ્ય સાથે રોજગારનો મંત્ર બની ગયો છે. કૌશલ્ય ભારત મિશન યુવાનોને વધુ સારા માનવ સંસાધન તરીકે સ્થાપિત કરી રહ્યું છે. આ મિશને કૌશલ્યને નવી ઓળખ આપી છે અને આ રીતે આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સાકાર થઈ રહ્યો છે. સાત વર્ષ પહેલાં 15 જુલાઈનાં રોજ વિશ્વ યુવા કૌશલ્ય દિવસ પ્રસંગે દીર્ઘદ્રષ્ટિ સાથે આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો...**

**ના**ની ઉંમરમાં પિતાનાં અવસાન બાદ મારા ઘરની આર્થિક સ્થિતિ બગડી ગઈ હતી. ઘરમાં બે બહેનો છે જે મૂક-બધિર છે. અમે ખુબ મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. મને જન શિક્ષણ સંસ્થાન અંગે જાણવા મળ્યું, જે જિલ્લા સ્તરે કૌશલ્ય વિકાસની તાલીમ આપતી હતી. મેં તેમાં એડમિશન લઈને ફેશન ડિઝાઇનિંગનો કોર્સ કર્યો. હવે એ જ કૌશલ્ય વિકાસ કેન્દ્ર પર મૂક-બધિરોને કૌશલ્યની તાલીમ આપવાનું કામ કરું છું. હવે મારો સમગ્ર પરિવાર બહુ ખુશ છે કારણ કે અહીં મને સારો પગાર મળે છે અને લોકોને તાલીમ આપવાની તક પણ. રાહત અનેઆત્મવિશ્વાસથી ભરપૂર આ અભિપ્રાય છે જમ્મુ-કાશ્મીરના કુપવાડાની યુવતી નીલોફરનો, જેનાં પરિવારને કૌશલ્ય વિકાસ અભિયાને આશરો આપ્યો છે. આ જ રીતે હરિયાણામાં રહેતી પુજા રાની હોસ્પિટલોમાં દર્દીઓની સંભાળ રાખવાની તાલીમ લઈને જીવનમાં આગળ વધી રહી છે. તો ઇમરાનને લાગતું હતું કે 12મું ધોરણ પાસ કરીને તેની જિંદગી એમ જ બરબાદ થઈ



# 'સ્કિલ, રી-સ્કિલ, અપ-સ્કિલ'ના મોદી મંત્રને આ રીતે સમજો

આજનાં યુગમાં બિઝનેસ અને બજાર એટલી ઝડપથી બદલાઈ રહ્યાં છે કે ખુદને પ્રાસંગિક બનાવી રાખવું મોટો પડકાર છે. કોવિડ બાદ તો વધુ મહત્વનું બની ગયું છે. પણ વડાપ્રધાન મોદીનાં શબ્દોમાં તેનો એક જ ઉપાય છે. પ્રાસંગિક (Relevant) રહેવાનો મંત્ર છે- સ્કિલ, રી-સ્કિલ અને અપ-સ્કિલ.' સ્કિલનો અર્થ થાય છે તમે કોઈ નવું કૌશલ્ય શીખો. જેમ કે તમે લાકડાનાં ટૂકડામાંથી ખુરશી બનાવવાનું શીખ્યા તો એ તમારી કુશળતા કહેવાય. તમે લાકડાનાં એ ટૂકડાની કિંમત વધારી દીધી. પણ આ કિંમત જળવાઈ રહે તે માટે નવી ડિઝાઈન, નવી સ્ટાઈલ એટલે કે રોજ કંઈક નવું જોડવું પડે છે. એ માટે નવું નવું શીખતા રહેવું પડે છે. અને કંઈક નવું શીખતા રહેવાનો અર્થ છે- રી-સ્કિલ. આપણી સ્કિલનું હજુ વિસ્તરણ કરવું, જેમ કે નાનું મોટું ફર્નિચર બનાવતા બનાવતા તમે બીજી વસ્તુઓ બનાવતા ગયા અને આખી ઓફિસ ડિઝાઈન કરવા માંડો તો તે થયું અપ-સ્કિલ. સ્કિલ, રી-સ્કિલ અને અપ-સ્કિલનો આ મંત્ર જાણવો, સમજવો અને તેનું પાલન કરવું એ આપણાં બધાંના જીવનમાં બહુ મહત્વપૂર્ણ છે.

**આજના યુવાન, જેમનો જન્મ 21મી સદીમાં થયો છે તેઓ ભારતની આઝાદીના 100 વર્ષ સુધી ભારતની વિકાસ યાત્રાને આગળ વધારવા જઈ રહ્યા છે. એટલાં માટે આ નવી યુવાન પેઢીનાં યુવાનોનાં કૌશલ્ય વિકાસ રાષ્ટ્રીય જરૂરિયાત છે. આ આત્મનિર્ભર ભારતની આધારશિલા છે.**


-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

જશે. પણ પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ કેન્દ્ર તેનાં જીવનમાં આશાની નવું કિરણ બનીને આવ્યું. તાલીમ લેતી વખતે તેને લાગ્યું કે તે જીવનમાં કંઈક કરી શકે છે. રાજસ્થાનના શ્રીગંગાનગરના રવિન્દ્ર શર્મા કહે છે, "કૌશલ્ય વિકાસ કેન્દ્રમાં આવ્યો તે પહેલાં મેં કમ્પ્યુટરને હાથ પણ લગાવ્યો નહોતો અને મારી કુશળતા અંગે કશી ખબર પણ નહોતી., પણ હવે મને અને મારી કુશળતાને ઓળખ મળી છે." કેન્દ્ર સરકાર કોવિડ કાળમાં પણ કૌશલ્ય વિકાસની ગતિને રોકવા નથી દીધી. કોવિડ કાળમાં જ્યારે તમામ પ્રવૃત્તિઓ બંધ પડી ગઈ હતી ત્યારે કૌશલ્ય વિકાસ કેન્દ્રો પર તાલીમ આપવી મોટો પડકાર બની ગયો હતો. ત્યારે કેન્દ્ર સરકારની ઓનલાઈન તાલીમ વ્યવસ્થાએ અમારી જિંદગીને સરળ બનાવી દીધી. નોઈડાની આઈટીઆઈમાં ભણતી કૃતિકા શર્મા દરેક પડકારનો સામનો કરીને આયોજનબધ્ધ રીતે તાલીમ મેળવીને અત્યંત ખુશ છે. કોવિડ કાળમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેઈનિંગનાં નિર્દેશથી તૈયાર કરવામાં આવેલા ઓનલાઈન લર્નિંગ મોડ્યુલથી આ શક્ય બની શક્યું. તેનો લાભ આઈઆઈટીમાં ભણતા 17-18 લાખ વિદ્યાર્થીઓને મળ્યો છે.

આત્મવિશ્વાસ અને આત્મનિર્ભરતાનો આવો જ ભાવ કૌશલ્ય તાલીમ મેળવીને સ્વરોજગાર મેળવી રહેલા કરોડો યુવાનોનાં ચહેરા પર જોવા મળી રહ્યો છે. તેનું કારણ એ છે કે ભારતની ઔદ્યોગિક પ્રગતિ અને સતત બદલાઈ રહેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને કૌશલ્ય વિકાસનાં વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્યને ગતિ અને ગુણવત્તા પ્રદાન કરવામાં આવી છે. ભારતને આત્મનિર્ભર બનાવવું એક સપનું નહીં પણ સંકલ્પ છે. દેશને કૌશલ્યની રાજધાની બનાવવાના લક્ષ્ય માટે આત્મનિર્ભર ભારતનો પાયો સાત વર્ષ પહેલાં નાખવામાં આવ્યો હતો. ભારતને કૌશલ્યનું હબ બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને પૂરું કરવા માટે આ વર્ષોમાં અનેક અનોખા પ્રયત્નો કરવામાં આવ્યા છે, જેણે કૌશલ્યને નવી ઓળખ આપી છે. આજે ભારતમાં

**કૌશલ ભારત મિશનને અખિલ ભારતીય સ્તરે અસરકારક બનાવવા માટે 20 મંત્રાલયો/ વિભાગોમાં 40થી વધુ કૌશલ્ય વિકાસ યોજનાઓ અને કાર્યક્રમો લાગુ કરવામાં આવ્યા છે.**

**5.70** **કરોડથી વધુ લોકોને તાલીમ આપવામાં આવી છે આ યોજનાઓ-કાર્યક્રમો અંતર્ગત માર્ચ 2022 સુધી**



*આંકડા માર્ચ 2022 સુધીનાં

લગભગ અઢી હજાર કૌશલ્ય ભારત કેન્દ્ર અને લગભગ 15,000 તાલીમ કેન્દ્રો છે, જ્યાં 38 સેક્ટર્સમાં 300થી વધુ અભ્યાસક્રમોની તાલીમ આપવામાં આવે છે. કૌશલ્ય ભારત મિશનની સફળતાનો અંદાજ તેનાં પરથી પણ લગાવી શકાય કે દર વર્ષે એક કરોડથી વધુ યુવાનો આ મિશનમાં જોડાઈને પોતાનાં જીવન અને રાષ્ટ્રને નવી ઓળખ આપી રહ્યા છે. ભારતમાં કૌશલ્ય વિકાસ કોઈ નવો વિષય નથી, પણ નિયતનો ફરક છે. પહેલાં કૌશલ્ય વિકાસનો મુદ્દો અનેક વિભાગોમાં પડી રહેતો હતો, તેનું કોઈ માલિક નહોતું. પણ કૌશલ્ય વિકાસનાં મહત્વને નજીકથી જોનાર અને સમજનાર વડાપ્રધાન મોદીએ બધાંને એક મંચ પર લાવીને કૌશલ્ય વિકાસનું અલગ મંત્રાલય બનાવી દીધું. તેમનો વિચાર એટલો સ્પષ્ટ હતો કે કૌશલ્ય વિકાસ પર ફોકસ કરીને દેશમાં યુવાનોને એવી રીતે તૈયાર કરવામાં આવે કે તેમને કોઈનાં પર આધાર ન રાખવો પડે. યુવાનોને નોકરી માંગનાર બનાવવાને બદલે કૌશલ્યથી સજ્જ કરવામાં આવે જેથી તે નોકરી આપનાર બની શકે. મહાન ભૌતિક વિજ્ઞાની રોબર્ટ નોયસે કહ્યું હતું, નવીનતા અને કલ્પના જ સંભાવનાનો મૂળ મંત્ર છે. વડાપ્રધાન મોદી પણ માને છે કે સમાજ કે જીવન ત્યારે જ પ્રગતિ કરી શકે જ્યારે હંમેશા કંઈક નવું કરવામાં આવે. એટલાં માટે જ આપણે સફળ છીએ. અને એટલા માટે જ દેશની યુવા પેઢીમાં એ સાહસ અને જુસ્સો જરૂરી છે. તેમનું માનવું છે કે ઘણી વાર લોકો નિષ્ફળતાથી ગભરાય છે, જ્યારે કે જે કિનારા પર ઊભો છે તે ડૂબતો નથી પણ જે પાણીમાં છલાંગ લગાવે છે તે ડૂબે તો છે પણ તરતાં શીખી જાય છે. યુવાનોને કૌશલ્યની સાથે સાથે નવી તકો આપવા માટે પણ કેન્દ્ર સરકાર સ્ટાર્ટઅપ ઈન્ડિયા, સ્ટેન્ડઅપ ઈન્ડિયા, મુદ્રા યોજના દ્વારા ધિરાણ પૂરું પાડી રહી છે.

કૌશલ્યનું મહત્વ વધારવામાં આવે તે સમયની માંગ છે. કોઈ પણ કામ રાતોરાત નથી થતું. એક સમન્વિત પ્રયાસોથી જ સફળતા મળે છે. આ દિશામાં અટલ ઈનોવેશન મિશનનાં

# જ્યારે યુવાવસ્થામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કૌશલ્યનું મહત્વ અનુભવ્યું હતું

## 20 વર્ષનાં કૌશલ્યની કિંમત 20 રૂપિયા છે....

હવે યુવાનોના સપના હકીકતમાં બદલાઈ રહ્યા છે તો તેની પાછળનું મોટું કારણ એ છે કે 2014માં સત્તા પર આવ્યા ત્યારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનાં પર ધ્યાન આપ્યું છે. આ માટે તેમણે પ્રથમ વાર કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયની સ્થાપના કરી. કોઈ પણ વ્યક્તિ માટે કૌશલ્ય વિકાસ કેટલું મહત્વપૂર્ણ છે તેનું ઉદાહરણ પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાના પાંચ વર્ષ પૂરા થવા પ્રસંગે આયોજિત વર્ચ્યુઅલ સમારોહમાં વડાપ્રધાન મોદીએ પોતાનાં અનુભવ દ્વારા રજૂ કર્યું. તેમણે જણાવ્યું હતું કે, "સ્કિલની શું તાકાત હોય છે, તેની સાથે સંકળાયેલો અનુભવ દરેકને થયો થશે. મને એક જૂની ઘટના યાદ આવે છે. ત્યારે હું યુવાવસ્થામાં આદિવાસી વિસ્તારમાં સ્વયંસેવક તરીકે કેટલીક સંસ્થાઓ સાથે મળીને કામ કરતો હતો. એક વાર એક સંસ્થાનાં લોકો સાથે તેમની જીપમાં ક્યાંક બહાર જવાનું હતું. પણ સવારે નીકળતી વખતે જીપ સ્ટાર્ટ જ ન થઈ. એ જંગલોમાં ભટકતા-ભટકતા તમામ લોકો જીપ ચાલુ કરવા મથ્યા. ધક્કા માર્યા તો પણ ગાડી ચાલુ ન થઈ. સાત આઠ વાગ્યા ત્યારે ક્યાંકથી એક મિકેનિકને લઈ આવ્યા. તેણે આવીને કશુંક આમ-તેમ કર્યું અને બે મિનિટમાં જીપ ચાલુ કરી દીધી. અમે પૂછ્યું, કેટલાં રૂપિયા? તો તેણે કહ્યું, 20 રૂપિયા. એ જમાનામાં 20 રૂપિયાની કિંમત બહુ હતી. મારા એક સાથીએ કહ્યું, "અરે યાર. બે મિનિટનું કામ અને તુ 20 રૂપિયા માંગે છે." તેણે જે જવાબ આપ્યો એ આજે પણ મને પ્રેરણા આપે છે. એ અભણ મિકેનિકે કહ્યું, "સાહેબ હું બે મિનિટના 20 રૂપિયા નથી લેતો. 20 વર્ષથી કામ કરતાં કરતાં જે કૌશલ્ય મારામાં આવ્યું છે, જે અનુભવ મેળવ્યો છે, તેનાં 20 રૂપિયા લઉં છું." આ જ હોય છે કૌશલ્યની તાકાત. કૌશલ્ય તમારા કામને જ નહીં, તમારી પ્રતિભા અને પ્રભાવને પ્રેરક બનાવી દે છે."


ટિંકરિંગ લેબમા નાના બાળકો ઈનોવેશન કરી રહ્યા છે, નવા એપ બનાવી રહ્યા છે. અટલ ઈનોવેશન મિશન બાળકોમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપનાર આંદોલન બની ચૂક્યું છે. આજે ભારતમાં જ્ઞાન અને કૌશલ્ય વચ્ચે જે અંતર છે તેને ધ્યાનાં રાખીને જ 15 જુલાઈ, 2015નાં રોજ કૌશલ્ય વિકાસ મિશન શરૂ કરવામાં આવ્યું હતું. તેનો હેતુ યુવાનોને જ્ઞાનની સાથે સાથે કૌશલ્ય પણ આપવાનો હતો. તેનાં માટે દેશભરમાં હજારો પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ કેન્દ્રો ખોલવામાં આવ્યા. આઈટીઆઈની સંખ્યા વધારવામાં આવી અને લાખો નવી સીટો ઉમેરવામાં આવી. તેનાં પરિણામે, અત્યાર સુધી આશરે 6,000 કરોડ લોકોનો કૌશલ્ય વિકાસ કરવામાં આવ્યો છે અને આ અભિયાન નવા નવા પ્રયોગો સાથે ચાલુ છે.

### કૌશલ્ય વિકાસ રાષ્ટ્રીય જરૂરિયાત બની ગઈ છે

આ વૈશ્વિક મહામારીનાં પડકારોએ કૌશલ્યનાં મહત્વને અનેક ગણું વધારી દીધું છે. ભારત તેની સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ મનાવી રહ્યું છે અને અમૃત યાત્રા તરીકે આઝાદીનાં 100 વર્ષ પૂરા થવા પ્રસંગે સ્વર્ણિમ ભારત માટે પ્રતિબધ્ધ છે, ત્યારે આત્મનિર્ભર ભારતનો આધાર બનવાની દિશામાં નવી પેઢીનાં યુવાનોનો કૌશલ્ય વિકાસ રાષ્ટ્રીય જરૂરિયાત છે. વીતેલાં આઠ વર્ષમાં દેશમાં શૈક્ષણિક, આરોગ્ય, ઉદ્યોગ સાથે સંકળાયેલા નવા નવા એકમો બન્યાં છે, તેમાં નવેસરથી કૌશલ્ય ભારત મિશનને ગતિ આપવાનાં વિચાર સાથે કેન્દ્ર સરકાર પ્રતિબધ્ધ છે. ભારતની પરંપરામાં પણ કૌશલ્યની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે કારણ કે સમાજ અને રાષ્ટ્ર કૌશલ્યને મહત્વ આપે છે, ત્યારે રાષ્ટ્ર અને સમાજનું અપ-સ્કિલિંગ થાય છે, ઉન્નતિ પણ થાય છે. એટલાં માટે વિજયા દશમીનાં રોજ શસ્ત્ર પુજા, અક્ષય તૃતીયાનાં રોજ પાક અને કૃષિ ઓજારોની પુજા, ભગવાન વિશ્વકર્માની પુજા કરવામાં આવે છે. કૌશલ્ય સાથે સંકળાયેલા સમુદાયો માટે આ મોટાં તહેવારો છે. પણ ગુલામીના લાંબા સમયગાળામાં કૌશલ્ય વિકાસની વ્યવસ્થા સામાજિક અને શૈક્ષણિક

# સ્નાતક હોવાની સાથે સાથે કૌશલ્ય હોવું પણ જરૂરી છે

દાદા ધર્માધિકારીએ એક પુસ્તકમાં લખેલો આ પ્રસંગ છે. એક યુવાન તેમની પાસે નોકરી માંગવા આવ્યો. એ ઇચ્છતો હતો કે ધર્માધિકારી કોઇકને ભલામણ કરે તો નોકરી મળી જાય. દાદા ધર્માધિકારીએ પૂછ્યું, "તને શું આવડે છે." તો તેણે કહ્યું, "હું ગ્રેજ્યુએટ છું." તેમણે ફરીથી પૂછ્યું, "તને શું આવડે છે." તેણે ફરીથી કહ્યું "હું ગ્રેજ્યુએટ છું." ત્રીજી વાર પૂછ્યું- "ભાઈ, તને આવડે છે શું." તે ફરી બોલ્યો, "હું ગ્રેજ્યુએટ છું." ત્યારે ધર્માધિકારીએ પૂછ્યું કે, "તને ટાઇપિંગ આવડે છે?."તો યુવકે કહ્યું, "ના." રસોઈ બનાવતા આવડે છે.? કહ્યું, "ના." ચા નાસ્તો બનાવતા આવડે છે.? તો પેલા યુવકે કહ્યું, "જી ના. હું તો ગ્રેજ્યુએટ છું." એટલે કે શિક્ષણ દ્વારા ઘણી વાર જ્ઞાનનો એવો ખજાનો ભરી દેવામાં આવે છે જે વ્યાવહારિક જીવનમાં કામ નથી આવતું. સ્વામી વિવેકાનંદને ટાંકીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "જ્ઞાન અને કૌશલ્યમાં અંતર છે, જેને સ્વામી વિવેકાનંદ સમજી ગયા હતા. આજે વિશ્વમાં કાં તો સર્ટિફિકેટનું મહત્વ છે અથવા તો કુશળતાનું. આ વાતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર કૌશલ્ય વિકાસ પર ભાર મૂકી રહી છે.



વ્યવસ્થામાં ધીરે ધીરે નબળી પડતી ગઈ.

શિક્ષણ અને જ્ઞાન આપણને માહિતી પૂરી પાડે છે કે આપણે શું કરવું છે, તો કૌશલ્ય એ શીખવાડે છે કે એ કામ વાસ્તવિક રીતે કઈ રીતે થશે. દેશનું સ્કિલ ઇન્ડિયા મિશન આ જ હકીકત સાથે આગળ વધવાનું મિશન છે. આજે દુનિયામાં કૌશલ્યની માંગ છે અને જે કૌશલ્યથી સજ્જ હશે તે જ પ્રગતિ કરશે. આ વાત વ્યક્તિઓ અને રાષ્ટ્ર બંને પર લાગુ પડે છે. વિશ્વ માટે ભારત કૌશલ્યનાં ક્ષેત્રમાં નેતૃત્વકર્તા બની શકે એ જ કૌશલ્યની રણનીતિનાં કેન્દ્રમાં છે. તેને ધ્યાનમાં રાખતાં કેન્દ્ર સરકારે વૈશ્વિક જરૂરિયાતને આધારે મેપિંગની નવી પહેલ કરી છે. આટલું જ નહીં, ભારત કોવિડ મહામારી સામેની લડાઈને મજબૂત રીતે લડી શક્યું તેનું કારણ એ પણ છે કે છેલ્લાં કેટલાકં વર્ષોથી સરકારે દેશમાં કુશળ વર્કફોર્સ તૈયાર કર્યો છે. હવે કેન્દ્ર સરકારે 34 વર્ષ બાદ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડી જેમાં વ્યાવહારિક જ્ઞાનને કૌશલ્ય સાથે જોડીને ભારતને

**કમાવવાની સાથે સાથે હંમેશા શીખતા રહેવું જોઇએ. માત્ર કુશળ વ્યક્તિ જ આજની દુનિયામાં આગળ વધી શકે છે. આ વાત લોકો અને દેશ બંને માટે લાગુ પડે છે. ભારત વિશ્વ માટે એક કૌશલ્યસભર શ્રમ-શક્તિ પૂરી પાડી શકે તેવું આપણા યુવાનોની કૌશલ્ય યોજનાનાં કેન્દ્રમાં હોવું જોઇએ. હિતધારકોને સતત 'સ્કિલ', 'રી-સ્કિલ' અને 'અપસ્કિલ' કરતા રહેવું જોઇએ.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# સાત દાયકાની સામે આઠ વર્ષ

## આઇઆઇટી, આઇઆઇએમથી માંડીને મેડિકલ કોલેજોની સંખ્યા વધી

| સાત દાયકા (1947-2014) | 8 વર્ષ (2014થી) | કુલ (2022 સુધી) |
|---|---|---|
| 7 AIIMS | 15 AIIMS મંજૂરી/સંચાલિત | 22 AIIMS |
| 387 મેડિકલ કોલેજ | 219 મેડિકલ કોલેજ | 605 મેડિકલ કોલેજ |
| 82,000 મેડિકલ સીટ | 66,000 મેડિકલ સીટ | 1.48 લાખ મેડિકલ સીટ |
| 16 IITs | 7 IITs | 23 IITs |
| 13 IIMs | 7 IIMs | 20 IIMs |
| 723 યુનિવર્સિટી | 320 યુનિવર્સિટીઝ | 1,043 યુનિવર્સિટી |

### આઇઆઇટીની સંખ્યા વધી

**વીતેલાં આઠ વર્ષમાં કૌશલ્ય માટે ઈકો-સિસ્ટમમાં ઝડપી વધારો**

● 14,747 સંસ્થાઓ ખુલી ● 4626 સંસ્થાઓ 2014 પછી ઉમેરાઈ ● 4 લાખથી વધુ સીટો 2014 બાદ ઉમેરવામાં આવી ● 3397 સમજૂતિપત્રો પર હસ્તાક્ષર ઉદ્યોગની જરૂરિયાતોનાં સંદર્ભમાં તાલીમ માટે

જ્ઞાન-કૌશલ્યનું ગ્લોબલ હબ બનાવવાની દિશામાં ઝડપથી પગલાં લીધાં છે.

સ્કિલ ઈન્ડિયા કાર્યક્રમ એવી મહિલાઓ માટે વરદાન સાબિત થયો જેમણે ક્યારેય પરંપરાગત વ્યાવસાયિક શિક્ષણ મેળવ્યું નહોતું કે પછી જેમને કેટલાંક કારણોસર સ્કુલ અને કોલેજ છોડી દેવાં પડ્યાં હતાં. શાળમાં ન જનાર અને પરંપરાગત શિક્ષણ અને વ્યાવસાયિક યોગ્યતાથી વંચિત રહી ગયેલી લાખો મહિલાઓને સ્કિલ ઈન્ડિયાને કારણે કૌશલ્યની તાલીમ મળી રહે છે, જેને કારણે તેઓ ખુદને મજબૂત બનાવીને આત્મનિર્ભર બની શકી છે. બાબા સાહેબ આંબેડકરે યુવાનો અને નબળાં વર્ગનાં કૌશલ્ય વિકાસ પર બહુ ભાર મૂક્યો હતો અને કૌશલ્ય મિશન દ્વારા દેશ બાબા સાહેબના આ સ્વપ્નને પૂરું કરવા પ્રયત્ન કરી રહ્યો છે. આદિવાસી સમાજ માટે દેશે 'Going Online As Leaders' એટલે કે GOAL પ્રોગ્રામ શરૂ કર્યો છે. આ પ્રોગ્રામ પરંપરાગત કૌશલ્યનાં ક્ષેત્રોમાં આદિવાસી સમુદાયની મદદ કરીને ઉદ્યોગસાહસિકતા વિકસાવી રહ્યો છે.

**કૌશલ્ય વિકાસ મિશન બન્યું જન આંદોલન**

કોઈ પણ દેશની સૌથી મોટી તાકાત તેનાં યુવાનો હોય છે. દેશની આર્થિક પ્રગતિમાં પણ યુવા વર્ગનું યોગદાન સૌથી મહત્વનું હોય છે. આજે ભારતમાં, 65 ટકા યુવા વસતિ છે. આ યુવા વર્ગને વિવિધ કૌશલ્યની તાલીમ આપીને ઉમદા માનવ સંસાધનમાં પરિવર્તિત કરવાનું જન આંદોલન ચાલી રહ્યું છે. આ દિશામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં દ્રષ્ટિકોણને અનુરૂપ કૌશલ્ય વિકાસનાં વિવિધ આયામો પર ફોકસ કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાનાં સપનાને સાકાર કરવા માટે ટૂંકી મુદતના તાલીમ કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી, જેમાં 300થી વધુ વિષયોમાં તાલીમની વ્યવસ્થા કરવામાં આવી. સોફ્ટ સ્કિલ અંગે થયેલી શરૂઆતમાં વિશ્વ પ્રમાણિત કાર્યક્રમો પ્રમાણે અત્યાર સુધી સવા કરોડથી વધુ યુવાનોને તાલીમ આપવામાં આવી છે. દેશના અસંગઠિત વર્કફોર્સને ઔપચારિક બનાવવા

## કૌશલ્ય સાથે જોડાયેલાં પગલાં

- ઉદ્યોગ 4.0 અનુરૂપ બજાર આધારિત ભવિષ્યનાં કૌશલ્ય માટે અત્યાર સુધી 146 ભાવિ કૌશલ્ય યોગ્યતાઓને મંજૂરી આપવામાં આવી છે. પીએમ કૌશલ્ય વિકાસ યોજના 3.0 અંતર્ગત પ્રમાણિત તમામ ઉમેદવારોને રોજગારની તકો શોધવા માટે અસીમ (ASEEM) પોર્ટલથી જોડવામાં આવી રહ્યા છે.
- પીએમ કૌશલ વિકાસ યોજના 3.0 અંતર્ગત કોવિડ યોદ્ધાઓ માટે ક્રેશ કોર્સ પ્રોગ્રામની શરૂઆત થઈ અને 1.24 લાખ કર્મચારીઓને સંબંધિત હેલ્થકેર સેક્ટર જોબ રોલ્સ અંતર્ગત તાલીમ આપવામાં આવી છે.
- તાલીમને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમાં 22 લાખથી વધુ સક્રિય એપ્રેન્ટિસ જોડાયા છે. ડિસેમ્બર 2021 સુધી લગભગ 4.9 લાખ એપ્રેન્ટિસ તાલીમ પૂરી કરી ચૂક્યા છે.
- ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે 9.93 લાખ ભાગ લેનારાઓને 39,251 કાર્યક્રમો દ્વારા તાલીમ આપવામાં આવી.
- પ્રધાનમંત્રી યુવા યોજના દ્વારા 991 નવાં સાહસ બનાવવામાં આવ્યા અને 1071 વર્તમાન એકમોનું વિસ્તરણ કરવામાં આવ્યું.

માટે પરંપરાગત કૌશલ્ય (જેમ કે પ્લમ્બર, સુથાર, પથ્થર પર નક્શી કામ વગેરે)ને પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના અંતર્ગત પહેલાંના અનુભવને માન્યતા આપવાની પણ પહેલ થઈ જેથી અસંગઠિત ક્ષેત્રને સંગઠિત ક્ષેત્રમાં બદલી શકાય. અગાઉનાં શિક્ષણની માન્યતા અંતર્ગત 50 લાખથી વધુનું મૂલ્યાંકન અને સર્ટિફિકેશન થયું છે. આ ઉપરાંત, જેલોમાં પણ આ યોજના અંતર્ગત લાભ પૂરો પાડવામાં આવ્યો. ગયા વર્ષે 18 જૂનનાં રોજ કોવિડ યોદ્ધાઓની તાલીમ માટે 6 નવાં ક્રેશ કોર્સની શરૂઆત કરવામાં આવી અને એક લાખ આરોગ્યકર્મીઓને તાલીમ આપવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું.

અંતરિયાળ વિસ્તારોમાં કૌશલ્યને નિખારવા માટે જન શિક્ષણ સંસ્થા (જેએસએસ) મહત્વની પહેલ છે. વીતેલાં કેટલાંક વર્ષોમાં 9 લાખથી વધુ લોકોને આ પહેલ અંતર્ગત તાલીમ આપવામાં આવી ચૂકી છે. આ માટે દેશમાં 304 જન શિક્ષણ સંસ્થાઓ કામ કરી રહી છે. ભારત આજે

## અમૃત કાળ માટે કૌશલ્યનું વિઝન

ભારત @ 2047 માટે કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયે નીતિ આયોગ સાથે મળીને કેટલાંક નિષ્ણાતો સાથે વિઝન તૈયાર કર્યું છે અને હિતધારકો સાથે આ વિષયો પર સંવાદ કરી રહ્યું છે.



### અપાર સંભાવના

- ગિગ અથવા નોલેજ ઈકોનોમીમાં રોજગારની અનેક સંભાવના છે. આ ક્ષેત્રમાં રોજગાર વધારવા માટે કૌશલ્ય તાલીમ, સિસ્ટમ અને મોડલમાં કાર્યક્ષમતા માટે કૌશલ્ય પૂરું પાડવું જરૂરી છે.
- વિદેશી સંસ્થાઓની સરળતાથી સ્થાપના માટે વિશ્વની શ્રેષ્ઠ કામગીરીનું અનુકરણ કરવું અને સ્થાનિક શ્રેષ્ઠ કામ પર ફોકસ કરવું. 2047 માટે ભવિષ્યમાં રોજગારની સંભાવાનાનો અભ્યાસ અને પૃથક્કરણ.
- ભારત હેલ્થકેર, કેર-સેક્ટર, હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ, IT-ITES, કન્સ્ટ્રક્શન, હોસ્પિટાલિટી, ટેકનોલોજી અને ઈનોવેશન જેવા સેક્ટર્સમાં વિશેષ કામ કરી શકે છે.
- 2047 માટે બિનસંગઠિત ક્ષેત્રને સંગઠિત કરવા પર વધુ ભાર
- ભારત, કેનેડા, સિંગાપોર, બ્રિટન, ઓસ્ટ્રેલિયા, જર્મની, જાપાન, અખાતી અને સ્કેન્ડેનેવિયા જેવા મહત્વનાં દેશો સાથે વૈશ્વિક માન્યતા બોર્ડ જે કૌશલ્ય જરૂરિયાતો અને અગ્રણી સંસ્થાઓમાં ચડિયાતી કામગીરી કરે.



# કૌશલ્ય મિશન માટેનાં બજેટમાં સતત વધારો

**કૌશલ્ય વિકાસને વેગ આપવાનાં માર્ગમાં બજેટને અવરોધ ન બનવા દેવામાં આવ્યું. તેનું બજેટ સતત વધી રહ્યું છે. 2022-23નાં સામાન્ય બજેટમાં કૌશલ્ય વિકાસ કાર્યક્રમોને ઉદ્યોગની ભાગીદારી સાથે સતત વધારવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ રહ્યાં મુખ્ય પાસાઃ**

- રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખાના ઉદ્યોગની જરૂરિયાતો સાથે જોડવામાં આવ્યું. આનાં માટે દેશમાં 750 વર્ચ્યુઅલ અને 75 સ્કિલિંગ ઇ-લેબ સ્થાપિત થશે.
- કૌશલ્ય અને આજીવિકા માટે 'દેશ સ્ટેક પોર્ટલ' (DESH-Stack e-portal) સ્થાપિત કરીને ઓનલાઇન તાલીમ દ્વારા યુવાનોને કુશળ બનાવવામાં આવશે. એપીઆઇ આધારિત વિશ્વાસનીય કૌશલ્ય પ્રમાણપત્ર આપવામાં આવશે.
- ડ્રોન-એ-એ સર્વિસ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવામાં આવશે.
- રોજગારને પ્રોત્સાહન આપવા માટે ડ્રોન અને ડ્રોન કોમ્પોનન્ટનાં ઉત્પાદન માટે 120 કરોડ રૂપિયાની પીએલઆઇ યોજનાને મંજૂરી આપી છે. આ ક્ષેત્રમાં આગામી ત્રણ વર્ષમાં 10,000 નોકરીનું સર્જન કરવામાં આવશે.
- રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમે દેશ-દુનિયાની કેટલીક સંસ્થાઓ સાથે મળીને સ્કિલ ઇમ્પેક્ટ બ્રાન્ડ પણ લોંચ કરી છે, જે સ્કિલિંગ માટે આ પ્રકારની પ્રથમ બ્રાન્ડ છે. આ જોડાણથી ચાર વર્ષમાં 50,000 યુવાનોને લાભ આપવા માટે 14.4 મિલિયન અમેરિકન ડોલરનું ફન્ડ એકત્ર કરવામાં આવ્યું છે.

વૈશ્વિક અર્થતંત્ર તરીકે વિકસી રહ્યું છે તેને ધ્યાનમાં રાખતા યુવાનોને બજારની માંગ પ્રમાણે તાલીમ આપવાની સાથે તેમને 'ઓન ધ જોબ્સ સ્કિલ ટ્રેઇનિંગ' આપવામાં આવી રહી છે. 2016થી શરૂ કરવામાં આવેલી નેશનલ એપ્રેન્ટિસશીપ પ્રમોશન સ્કીમ માટે એપ્રેન્ટેસશીપ કાયદામાં મોટો ફેરફાર કરવામાં આવ્યો. એપ્રેન્ટીસ એક્ટમાં ફેરફાર કરીને એપ્રેન્ટીસશીપને પ્રોત્સાહન આપવા માટે સંગઠનોને 25 ટકા સ્ટાઈપેન્ડ રિઈમ્બર્સમેન્ટની જોગવાઈ કરવામાં આવી. શિક્ષણ મંત્રાલયના સહયોગમાં કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયે ડિગ્રી એપ્રેન્ટિસશીપ શરૂ કરી છે, જે આ પ્રકારનો અનોખો બેવડો વ્યાવસાયિક શિક્ષણ કાર્યક્રમ છે. તેમાં એપ્રેન્ટિસશીપ ઓન ધ જોબ ટ્રેઇનિંગનો સમાવેશ થાય છે. યુવાનો માટે વિશ્વભરમાં રોજગારનાં દ્વાર ખોલી દેવામાં આવ્યા છે. લગભગ 20 દેશો સાથે વિદેશી ગતિશીલતા વધારવા માટે અનેક કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યા છે, જેમાં સંયુક્ત આરબ અમિરાત સાથે સ્કિલ મેપિંગ, ડ્રાઈવિંગ તાલીમ અને જાપાન સાથે ટીઆઈપીપીનો સમાવેશ થાય છે. ભારત વિશ્વસ્તર પર કૌશલ્ય ક્ષેત્રમાં પોતાની કામગીરી દર્શાવી રહ્યું છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારત આંતરરાષ્ટ્રીય કૌશલ્ય સ્પર્ધામાં 29મા ક્રમેથી 13મા ક્રમે આવ્યું છે. બદલાઈ રહેલી સ્થિતિમાં આજે યુવાનો સમક્ષ નવી તકો આવી રહી છે. તેમનાં માટે કૌશલ્યથી સજ્જ રહેવું અનિવાર્ય છે. સ્કિલિંગ, રિ-સ્કિલિંગ અને અપ-સ્કિલિંગથી પોતાની જાતને બજાર પ્રમાણે સક્ષમ બનાવીને ભારતનો યુવાન દરેક પડકાર માટે  તૈયાર છે. કૌશલ્ય ભારત અભિયાન હવે નવા ભારતની ઓળખ બની રહ્યું છે.

## ટેકનોલોજી અને મેનેજમેન્ટથી કૌશલ્યને નવી દિશા

વડાપ્રધાનનું ન્યૂ ઇન્ડિયાનું વિઝન સાકાર થઈ રહ્યું છે, તો તેનું કારણ એ છે કે યુવાનોની આકાંક્ષાઓને ટેકનોલોજીનાં સૌથી મોટા ગ્રાહક પૂરતા મર્યાદિત રાખવાને બદલે તેમને નવી ઉડાન આપવાની નીતિ છે. ભારતે ખુદને ટેકનોલોજીની દુનિયામાં લીડર બનવાનું લક્ષ્ય રાખ્યું છે એટલાં માટે

# નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ કૌશલ્ય

- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં અભ્યાસક્રમનો બોજ ઓછો કરીને ભવિષ્યનાં સંદર્ભમાં કૌશલ્ય વિકાસ કરવાનો સમાવેશ થાય છે. તેમાં વિદ્યાર્થીઓની સાથે શિક્ષકોનાં કૌશલ્ય વિકાસનો પણ લક્ષ્ય છે. 2025 સુધી સ્કુલ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ સાથે સંકળાયેલા દેશનાં ઓછામાં ઓછા 50 ટકા વિદ્યાર્થીઓને કુશળ બનાવવાની ભલામણ કરવામાં આવી છે.
- સ્કુલ અભ્યાસ અને સાક્ષરતા વિભાગ 'સર્વગ્રાહી શિક્ષણ-શાળા શિક્ષણ માટે એકીકૃત સ્કીમ' અમ્બ્રેલા અંતર્ગત શાળાકીય શિક્ષણનાં વ્યાવસાયિકરણની યોજના અમલી બનાવી રહ્યું છે, જેથી વિદ્યાર્થી પોતાની યોગ્યતા, ક્ષમતા અને આકાંક્ષાઓ પ્રમાણે કારકિર્દી પસંદ કરી શકે. સ્કીમમાં ધોરણ 9થી 12માં સામાન્ય શિક્ષણમાં વ્યાવસાયિક શિક્ષણને સંકલિત કરવા માટે દેશભરમાં 14,435 શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. તેમાં, 15.63 લાખ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન પણ થઈ ચૂક્યું છે.
- શિક્ષણ મંત્રાલયનાં સહયોગથી પ્રધાનમંત્રી કૌશલ યોજના 3.0માં પ્રાયોગિક ધોરણે સ્કિલ હબ ઈનિશિયેટિવ (SHI) શરૂ કરવામાં આવ્યું છે. તેનો હેતુ, સ્થાનિક અર્થતંત્રની જરૂરિયાતો સાથે સંતુલન સાધીને માળખું તૈયાર કરવાનો અને વ્યાવસાયિક તાલીમની જરૂરિયાતો પૂરી કરવાનું છે. સ્કિલ હબ એ નોડલ સ્કિલ સેન્ટર છે, જે ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓ માટે ઈન્ડસ્ટ્રિયલ વિઝિટ અને 'બેગ વગરનાં દિવસ' જેવી સુવિધા આપે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અનેક પ્રસંગોએ આ દાયકાને 'ટેકેડ' એટલે કે ટેકનોલોજીનો દાયકો ગણાવે છે. ન્યૂ ઇન્ડિયામાં ટેકનોલોજીને લઇને એક નવી સંસ્કૃતિ વિક્સાવવાની જરૂર છે, જ્યાં લોકો નવી નવી ટેકનોલોજી સાથે પ્રયોગ કરવાનાં ઇચ્છુક હોય, જેમને મોટાં પડકાર સ્વીકારવામાં કોઇ ખચકાટ ન હોય. સાથે સાથે ટેકનોલોજીમાં 'ફોલોઅર' બનવાની નહીં પણ 'લીડર' બનવાની ઇચ્છા હોય કારણ કે 21મી સદીની બદલાતી સ્થિતિમાં ઇન્ટરનેટ અને ઓનલાઇન લર્નિંગની જરૂર છે. એટલાં માટે, કૌશલ્ય તાલીમ માટે ભારત સ્કિલ્સ, ઇ-સ્કિલ્સ પ્લેટફોર્મ જેવાં અનેક પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે. આઇઆઇટી, આઇઆઇએમની જેમ હવે ભારતીય કૌશલ્યને વિશ્વ સ્તરીય બનાવવા માટે ભારતીય કૌશલ્ય સંસ્થા (આઇઆઇએસ) નામની અત્યાધુનિક તાલીમ સંસ્થાઓની યોજના બનાવવામાં આવી છે. મુંબઇ અને ગાંધીનગરમાં પીપીપી મોડલ પર આ સંસ્થા શરૂ થશે.

વડાપ્રધાને તાજેતરમાં જ એ વાત પર ભાર મૂક્યો છે કે જ્યાં

# ખેડૂતો માટે પણ તાલીમની પહેલ

- 'કૃષિ વિસ્તાર સબ મિશન' દ્વારા ગ્રામીણ યુવાનોને સાત દિવસની ટૂંકા ગાળાની કૌશલ્ય તાલીમ પૂરી પાડવામાં આવે છે.
- 'કૃષિ વિસ્તાર સબ મિશન' અંતર્ગત સ્વરોજગારની તકો પૂરી પાડવા માટે કૃષિ ક્લિનિકો અને કૃષિ વ્યવસાય કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે.
- તેમાં નોડલ તાલીમ સંસ્થાઓની મદદથી 45 દિવસની રેસિડેન્શિયલ તાલીમ આપવામાં આવે છે.
- તાલીમાર્થીઓને કૃષિ વ્યવસાય શરૂ કરવા માટે ધિરાણ મેળવવામાં મદદ કરવામાં આવે છે. તાજેતરમાં જ આ યોજનાને મુદ્રા લોન યોજના સાથે જોડવામાં આવી છે.

## લઘુમતીઓ માટે પણ મહત્વપૂર્ણ પગલું

- સીખો ઔર કમાઓ, નઈ મંઝિલ, ઉસ્તાદ, નઈ રોશની અને ગરીબ નવાઝ સ્વરોજગાર જેવી યોજનાઓ દ્વારા 10 લાખથી વધુ યુવાનોને કૌશલ્ય વિકાસ તાલીમ અને રોજગારની તકો આપવામાં આવે છે. તેમાં 50 ટકાથી વધુ લાભાર્થી મહિલા છે.
- હુનર હાટનાં માધ્યમથી કુશળ કારીગરો અને શિલ્પકારોને બજાર અને તકો પૂરી પાડવામાં આવી રહી છે. 8 વર્ષ દરમિયાન દેશભરમાં 39 હુનર હાટ દ્વારા 8.5 લાખથી વધુ માસ્ટર્સ, કારીગરો અને શિલ્પકારોને રોજગારની તકો આપવામાં આવી છે.

# કૌશલ્ય વિકાસમાં ભારત વિશ્વ બેન્ક સાથે

**ભારત અનેક પ્રતિભાઓથી ભરેલો દેશ છે, તેમને કૌશલ્યથી સજ્જ કરવા ખૂબ જરૂરી છે. આ ઝૂંબેશમાં વિશ્વ બેન્ક પણ ભારત સાથે છે. વિશ્વ બેન્ક સાથે મળીને સંકલ્પ અને સ્ટ્રાઈવ પ્રોગ્રામ ચલાવવામાં આવી રહ્યા છે. 15થી વધુ દેશો સાથે પરસ્પર સહયોગ સાથે કાર્યક્રમ ચલાવવામાં આવી રહ્યા છે.**





**1 સંકલ્પ** — આ અંતર્ગત રાજ્ય-જિલ્લા કૌશલ્ય કમિટીને મજબૂત કરવાનું, સારી બજાર કનેક્ટિવિટી બનાવવાની અને ગુણાત્મક રીતે ટૂંકા ગાળાની તાલીમમાં સુધારાની પહેલ કરવામાં આવી છે.

**2 સ્ટ્રાઈવ** — ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ-આઈઆઈટી, એપ્રેન્સિટશીપ દ્વારા આપવામાં આવતા કૌશલ્ય તાલીમની પ્રાસંગિકતા અને કાર્યક્ષમતામાં સુધારો કરવો.

**3 ફેલોશિપ** — રાજ્યોની ભાગીદારી વધારવા માટે કૌશલ્ય વિકાસ અને ઉધોગ સાહસિકતા મંત્રાલયે આઈઆઈએમ, બેંગલુરુનાં સહયોગમાં મહાત્મા ગાંધી નેશનલ ફેલોશિપ દ્વારા જિલ્લા સ્તરે કુશળ કાર્યબળ તૈયાર કરવાની પહેલ કરી છે.

> **“ આજે દેશનો યુવાન હેકથોનનાં માધ્યમથી, ટેકનોલોજીનાં માધ્યમથી, દેશની હજારો સમસ્યાઓનો ઉકેલ શોધી રહ્યો છે અને ઉકેલ આપી રહ્યો છે. આજે દેશનો યુવાન નોકરીની બદલાઈ રહેલી તકો પ્રમાણે નવાં નવાં કામ શરૂ કરી રહ્યો છે, ખુદ કામ કરી રહ્યો છે, જોખમ લઈ રહ્યો છે, સાહસ કરી રહ્યો છે અને બીજાઓને પણ કામ આપી રહ્યો છે. ”** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

સુધી દેશ ફિનટેક, એગ્રીટેક, મેડિટેક અને કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં આગળ નથી વધતો, ત્યાં સુધી ઉદ્યોગ 4.0 શક્ય નથી. એટલાં માટે તેમનું સ્પષ્ટ કહેવું છે કે, ‘ટેકનોલોજી પ્રથમ’ તેમની સરકારનાં સુશાસન મોડલનો કન્સેપ્ટ છે. સામાન્ય બજેટમાં યુવાનોનાં સ્કિલ ડેવલપમેન્ટ અંગે પણ નવી અને ઈનોવેટિવ પહેલની જાહેરાત કરવામાં આવી છે, જેમ કે ડિગ્રી કોર્સિસમાં એપ્રેન્ટિસશીપ, લોકલ બોડીઝમાં ઈન્ટર્નશીપ અને ઓનલાઈન ડિગ્રી કોર્સની વ્યવસ્થા. ભારતમાંથી જે યુવાનો નોકરી માટે વિદેશ જવા માંગે છે, તેમનાં માટે બ્રિજ કોર્સિસની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે. આજે દેશનો યુવાન નવી નવી એપ બનાવી રહ્યો છે, સ્ટાર્ટઅપ હવે યુનિકોર્ન બની રહ્યા છે અને ઈનોવેશન, ઈન્ક્યુબેશનની સાથે સ્ટાર્ટઅપનાં નવા પ્રવાહનું નેતૃત્વ હવે ભારત કરી રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા કૌશલ્ય પર ભાર મૂકવામાં આવી રહ્યો હોવાથી 2014 પહેલાં જ્યાં દેશમાં સરેરાશ 4,000 પેટન્ટ નોંધાતા હતા, ત્યાં હવે તેની સંખ્યા વધીને પ્રતિ વર્ષ 15,000થી વધી ગઈ છે.

પણ ઝડપથી બદલાઈ રહેલી આજની દુનિયામાં અનેક સેક્ટર્સમાં લાખો કુશળ લોકોની જરૂર છે. ખાસ કરીને, આરોગ્ય સેવામાં તો બહુ મોટી સંભાવના છે. આ સ્થિતિને સમજીને કૌશલ્ય વિકાસ મંત્રાલયે વિશ્વભરમાં સર્જાઈ રહેલી તકોની મેપિંગ શરૂ કરી છે. ભારતનાં યુવાનોને અન્ય દેશોની જરૂરિયાતો અંગે સાચી અને સચોટ માહિતી મળી રહે તે સરકારનો પ્રયાસ છે. કયા દેશમાં હેલ્થ સર્વિસમાં નવા દ્વાર ખુલી રહ્યા છે. કયા દેશમાં, કયા સર્વિસ સેક્ટરમાં, શી જરૂરિયાત છે, તેની માહિતી હવે ઝડપથી ભારતના યુવાનોને મળી રહેશે. સ્કિલ મેપિંગને કારણે હવે આ પ્રકારની માહિતી આપવાનું કામ વધુ સરળ થઈ જશે. આ ઉપરાંત, દેશમાં શ્રમિકોના સ્કિલ મેપિંગનું એક પોર્ટલ પણ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ કુશળ શ્રમિકોનું મેપિંગ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. તેનાંથી રોજગારદાતાઓ એક ક્લિકમાં કુશળ વર્કફોર્સ સુધી પહોંચી શકશે. આનાથી ખાસ કરીને એ શ્રમિકોને ફાયદો થશે, જેઓ તાજેતરમાં જ શહેરમાંથી પોતાનાં ગામ ગયા છે.

કૌશલ્ય ભારત મિશન દર વર્ષે લાખો યુવાનોને આજની

# AICTE સાથે ડિજિટલ કૌશલ્ય નિર્માણ

- ક્લાઉડ કમ્પ્યુટિંગ, બિગ ડેટા, ડેટા એનાલિસિસ, સાઈબર સુરક્ષા, બ્લોકચેઈન, ડ્રોન અને રોબોટિક્સ જેવી ભવિષ્યની ઊભરતી ટેકનોલોજીમાં તાલીમ માટે શિક્ષણ અને કૌશલ્ય વિકાસ મંત્રાલયે અખિલ ભારતીય ટેકનોલોજી શિક્ષણ પરિષદ સાથે ડિજિટલ કૌશલ્ય નિર્માણ કાર્યક્રમની શરૂઆત કરી છે.
- ત્રણ અને છ મહિનાનાં કોર્સનું સંચાલન કરીને તેનાં અંતર્ગત 110 કરોડ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવશે.
- વિદ્યાર્થીઓને ટેકનોલોજીની તાલીમની સાથે સાથે ઈન્ટર્નશિપ પણ કરાવવામાં આવશે. 10 લાખ વિદ્યાર્થીઓને ગ્રામીણ વિકાસ વિભાગ, પાંચ લાખને રેલવે, એક લાખને સહકારિતા મંત્રાલય, 1 લાખને શિક્ષણ અને કૌશલ્ય વિકાસ મંત્રાલયમાં ઈન્ટર્નશિપની સુવિધા પૂરી પાડવામાં આવશે.

**“ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારતને વિશ્વની કૌશલ્ય વિકાસ રાજધાની તરીકે સ્થાપવા માંગે છે. વિશ્વ અભૂતપુર્વ પરિવર્તનોનો સામનો કરી રહ્યું છે, ત્યારે 'સ્કિલિંગ, રી-સ્કિલિંગ અને અપ-સ્ક્લિંગ' એ સમયની જરૂરિયાત છે. આપણે કૌશલ્ય વિકાસને જન આંદોલન બનાવવું પડશે. સરકાર ભવિષ્ય માટે એક મજબૂત વર્કફોર્સ તૈયાર કરવા માટે સૂત્રધાર તરીકેનું કામ કરી રહી છે. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પણ શિક્ષણ અને કૌશલ્ય વિકાસ વચ્ચે વધુ સંતુલન બનાવવાનો પ્રયાસ આ જ દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. ”**

-ધર્મેન્દ્ર પ્રધાન, કેન્દ્રીય મંત્રી, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા




જરૂરિયાત પ્રમાણે ટ્રેનિંગ આપવામાં મદદ કરી રહ્યું છે. દેશમાં ડિજિટલ સ્કિલિંગ ઈકો સિસ્ટમ બને અને ઉદ્યોગ જગતની માંગ પ્રમાણે કૌશલ્યનો વિકાસ થાય તેનાં પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. દરેક નાગરિકને મહત્વનો માનીને એવી તક આપવામાં આવી રહી છે કારણ કે એક સફળ વ્યક્તિની બહુ મોટી નિશાની હોય છે કે તે પોતાનું કૌશલ્ય વધારવાની એક પણ તક જતી ન કરે. કૌશલ્ય વિકાસ માત્ર આજીવિકા કમાવવાનું સાધન માત્ર નથી. જિંદગીમાં ઉમંગ, ઉત્સાહ પણ જરૂરી છે. કૌશલ્ય જ વ્યક્તિની પ્રેરક શક્તિ બને છે અને નવી પ્રેરણા સાથે ઊર્જાનું કામ કરે છે. તમે યુવાન હોય કે વડીલ, તમે નવાં નવાં કૌશલ્ય શીખી રહ્યા હોવ તો જીવન પ્રત્યેનો ઉત્સાહ ઘટતો નથી.

ચોક્કસપણે, નવા ભારતે પોતાનાં માટે નવો માર્ગ અપનાવ્યો છે અને તેનાં પર તે અડગ રહેશે કારણ કે તે હવે નિયતીના ભરોસે બેસવાને બદલે અમૃત કાળના સંકલ્પો સાથે વૈશ્વિક માપદંડો પ્રમાણે કૌશલ્ય વિકાસ અને રોજગાર નિર્માણની નીતિઓ પર ચાલવાનું શરૂ કરી દીધું છે. એક એવું નવું ભારત જેમાં તકો પણ છે અને ઉડવા માટે સમગ્ર આકાશ પણ છે. ●

## યુનિસેફ સાથે પાસપોર્ટ-ટુ-અર્નિંગ ‘યુવાહ કૌશલ્ય’ કાર્યક્રમ



યુવાનોને ઉદ્યોગ સાહસિકતા, રોજગાર અને સામાજિક કૌશલ્યમાં મજબૂત બનાવવા માટે યુનિસેફે માઈક્રોસોફ્ટ સાથે પાસપોર્ટ-ટુ-અર્નિંગ (P2E) શરૂ કર્યું છે, જેને ‘યુવાહ કૌશલ’નું નામ આપવામાં આવ્યું છે. આ ઈ-લર્નિંગ સોલ્યુશનનો હેતુ યુવાનોને વિના મૂલ્યે નોકરી સંબધિત કૌશલ્યમાં મજબૂત બનાવવાનું અને ઉદ્યોગ સાહસિકતા, રોજગાર અને સામાજિક અસરની તકો પૂરી પાડવાનું છે. P2E શરૂ કરનાર ભારત પ્રથમ દેશ છે.



L.I.F.E.
લાઇફ સ્ટાઇલ ફોર એન્વાયર્નમેન્ટ

# પર્યાવરણ સંરક્ષણના વૈશ્વિક નેતૃત્વની પહેલ

**પર્યાવરણ સંરક્ષણ માટે ભારત કેટલું ગંભીર છે તે છેલ્લાં કેટલાંક વર્ષમાં સમગ્ર વિશ્વએ જોયું છે. ગયા વર્ષે ગ્લાસગોમાં યોજાયેલી કોપ 26ની બેઠક તેનું ઉદાહરણ છે, જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા LiFE (લાઇફ સ્ટાઇલ ફોર એન્વાયર્નમેન્ટ એટલે કે પર્યાવરણ અનુકુળ જીવનશૈલી)ના મંત્રની વિશ્વનાં દરેક દેશે પ્રશંસા કરી. ગ્લાસગોનાં વૈશ્વિક મંચ પરથી સમગ્ર વિશ્વમાં ગુંજેલો LiFEનો આ મંત્ર હવે વૈશ્વિક આંદોલન બનવાની દિશામાં જઈ રહ્યો છે. 5 જૂને પર્યાવરણ દિવસનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક પહેલ "LiFE MOVEMENT" ની શરૂઆત કરી, તો સાથે સાથે ઈશા ફાઉન્ડેશનના 'માટી બચાવો' કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણની દિશામાં ભારતનાં મહત્વનાં પ્રદાનનો ઉલ્લેખ કર્યો..**

પ્રકૃતિ, માટી અને પર્યાવરણ. ભારત માટે આ માત્ર શબ્દો જ નથી, પણ સંસ્કૃતિ અને ધર્મ સાથે સંકળાયેલા એ ઈશ્વરીય તત્વ સમાન છે, જે પ્રાચીન સમયથી આપણા દેવી-દેવતાઓ અને આપણા પૂર્વજો સાથે જોડાયેલાં છે. આજે વિશ્વ પર્યાવરણના અસંતુલનના ગંભીર જોખમનો સામનો કરી રહ્યું છે અને 'પર્યાવરણ અનુકુળ જીવનશૈલી' અપનાવીને આપણે સૌ આ સંકટ વચ્ચે પણ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકીએ છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ મંત્ર દ્વારા વિશ્વને નવો માર્ગ ચિંધ્યો છે. ભારતે આ દિશામાં મહત્વપૂર્ણ વૈશ્વિક પહેલ કરતા સંયુક્ત રાષ્ટ્રની અનેક એજન્સીઓની ભાગીદારીમાં LiFE નામનું આંદોલન શરૂ કર્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 5 જૂનનાં રોજ વિશ્વ પર્યાવરણ દિવસ પ્રસંગે વીડિયો કોન્ફરન્સ દ્વારા 'પર્યાવરણ અનુકુળ જીવનશૈલી આંદોલન' એટલે કે LiFE Movement ની શરૂઆત કરી. આ સાથે જ 'LiFE Global Call for Ideas and Papers' ની પણ શરૂઆત થઈ, જેમાં વિશ્વભરમાંથી વ્યક્તિઓ,

# પર્યાવરણનાં હિતમાં ભારતનાં મહત્વનાં પગલાં

- ભારતે બિન અશ્મિભૂત ઇંધણ આધારિત સ્ત્રોતોમાંથી સ્થાપિત વીજ ક્ષમતાના 40 ટકા ઉત્પાદન સુધી પહોંચવાની પ્રતિબધ્ધતા નિર્ધારિત સમયનાં નવ વર્ષ પહેલાં હાંસલ કરી લીધી છે.

- નિર્ધારિત સમયથી નવ વર્ષ પહેલાં ભારતે કોપ 21માં નક્કી કરેલાં લક્ષ્યોને હાંસલ કર્યા છે. 2014થી અત્યાર સુધી સૌર ઊર્જાની સ્થાપિત ક્ષમતામાં 1900 ટકાનો વધારો થયો છે.

- પેટ્રોલમાં 10 ટકા ઇથેનોલ મિશ્રણનું લક્ષ્ય નવેમ્બર 2022 સુધીનાં નિર્ધારિત લક્ષ્યનાં પાંચ મહિના પહેલાં હાંસલ થયું છે. તેનાંથી 5.5 અબજ ડોલરથી વધુ રકમનાં ક્રુડ ઓઇલની આયાત ઓછી થઈ છે. કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં પણ 2.7 મિલિયન ટનનો ઘટાડો થયો. ખેડૂતોની આવકમાં લગભગ 5.5 અબજ ડોલરનો વધારો થયો.

### એલઇડી બલ્બ

**370** મિલિયન એલઇડી બલ્બ અત્યાર સુધી વિતરિત કરવામાં આવ્યા.

**50** અબજ યુનિટ વીજળીની બચત થઇ

**40** મિલિયન ટન કાર્બન ડાયોક્સાઇડનો ઘટાડો થયો

**288%** **વધારો કરવામાં આવ્યો ગંગા નદીનાં શુધ્ધિકરણનાં ખર્ચમાં. રાજસ્થાનના ભાદલામાં વિશ્વનો સૌથી મોટો સોલર પાર્ક શરૂ થઇ ચૂક્યો છે.**

**64%** **નો વધારો થયો એશિયન સિંહોની સંખ્યામાં 2010થી 2020 સુધી. 33 ટકાનો વધારો થયો છે વાઘની સંખ્યામાં 2014થી 2018 સુધી.**

યુનિવર્સિટી, થીંક ટેન્ક, બિન-નફાકારક સંસ્થાઓ અને અન્ય લોકોને ઉત્કૃષ્ટ જળવાયુ અનુકુળ વ્યવહાર પરિવર્તન સમાધાન રજૂ કરવા માટે આમંત્રિત કરવામાં આવી રહ્યા છે, જેનું વિસ્તરણ થઈ શકે.

ભારત સરકારે આ મિશન સંયુક્ત રાષ્ટ્ર, વિશ્વ સંસાધન સંસ્થા, સામાજિક અને વ્યવહાર પરિવર્તન કેન્દ્ર (સીએસબીસી) અને બિલ એન્ડ મેલિન્ડા ગેટ્સ ફાઉન્ડેશનની ભાગીદારીમાં શરૂ કર્યુ છે. લાઇફ મુવમેન્ટની શરૂઆત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પર્યાવરણ સંરક્ષણની દિશામાં ભારતનાં મહત્વપૂર્ણ પગલાં અને તેની સફળતાઓનો ઉલ્લેખ કર્યો, અને ઇનોવેશન તથા ટેકનોલોજીની સાથે સાથે રી-યુઝ, રીડ્યુસ અને રી-સાઇકલના સિધ્ધાંત પર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું, “ભારત ઉત્તમ પર્યાવરણ અને વિશ્વ કલ્યાણને આગળ વધારવા માટે કોઈ પણ પ્રયત્નોનું સમર્થન કરવા તૈયાર છે. અમારો ટ્રેક રેકોર્ડ જ ઘણું બધું કહી જાય છે. અમને ખુશી છે કે વિશ્વ આ પ્રયાસોનું સમર્થન કરી રહ્યું છે. મને વિશ્વાસ છે કે લાઇફ અભિયાન આપણને હજુ એક કરશે તથા આગામી પેઢીઓ માટે એક સલામત ભવિષ્ય સુનિશ્ચિત કરશે.” ●

<u>માટી બચાવો કાર્યક્રમ</u>

## માટીને જીવંત બનાવવાની પહેલ

છેલ્લાં કેટલાંક વર્ષોથી સમગ્ર વિશ્વમાં માટીની ગુણવત્તા ખરાબ થઈ રહી હોવા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. નિષ્ણાતોનું માનીએ તો છેલ્લાં 25 વર્ષમાં સમગ્ર વિશ્વની 10 ટકા ફળદ્રુપ જમીન ઉજ્જડ બની ગઈ છે. તેનું કારણ છે રાસાયણિક ખાતર, જંતુનાશકોનો ઉપયોગ અને ગ્લોબલ વોર્મિંગને કારણે માટીનો ભેજ અને પોષક તત્વોનું નાબૂદ થવું. સતત વધી રહેલી આ ચિંતા વચ્ચે ભારત પ્રાકૃતિક ખેતી, સોઇલ હેલ્થ કાર્ડ, નીમ કોટેડ યુરિયા, લઘુ સિંચાઈ, કેચ ધ રેઈન, નદી સંરક્ષણ અને અટલ ભૂજલ જેવી મહત્વની યોજનાઓ સાથે આગળ વધી રહ્યું છે. 5 જૂનનાં રોજ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ઈશા ફાઉન્ડેશન દ્વારા આયોજિત ‘માટી બચાવો’ કાર્યક્રમને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માટી બચાવવાની દિશામાં ભારતનાં પાંચ મહત્વનાં પગલાંનો ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, “અમે પાંચ મુખ્ય બાબતો પર ફોકસ કર્યું છે.-પ્રથમ, માટીને રસાયણમુક્ત કઈ રીતે કરવી. બીજું, માટીમાં જે જીવ રહે છે, જેને ટેકનિકલ ભાષામાં તમે Soil Organic Matter કહો છો, તેને કઈ રીતે બચાવવા. ત્રીજું, માટીમાં ભેજ કઈ રીતે જાળવી રાખવો. ચોથું- ભૂગર્ભ જળ નીચે જવાથી માટીને જે નુકસાન થઈ રહ્યું છે તેને કઈ રીતે દૂર કરવું અને પાંચમું, જંગલ વિસ્તાર ઘટવાથી માટીનું સતત ધોવાણ થઈ રહ્યું છે તેને કઈ રીતે રોકવું.”

જન સમર્થ પોર્ટલ

# ધિરાણ સાથે સંકળાયેલી સરકારી યોજનાઓ હવે એક જ સ્થળે



**પોતાનો ધંધો શરૂ કરવો હોય કે પછી અરજીથી માંડીને મંજૂરીની પ્રક્રિયા હોય, હવે બધું જ ડિજિટલ થઈ ચૂક્યું છે. ઈઝ ઓફ લિવિંગ માટે સેવાઓનું ડિજિટાઈઝેશન કેટલું મહત્વનું છે તે આપણે છેલ્લાં આઠ વર્ષમાં જોયું છે. કેન્દ્ર સરકારે હવે ધિરાણ સાથે સંકળાયેલી અનેક યોજનાઓને ઓનલાઈન પ્લેટફોર્મ પર રજૂ કરી છે, જેથી ધિરાણ લેવા માંગતા લોકો કોઈ પણ પ્રકારની મુશ્કેલી વગર ઓનલાઈન અરજી કરીને લોન મેળવી શકે. જન સમર્થ પોર્ટલ નામની વેબસાઈટ પર આ ધિરાણ અલગ અલગ શ્રેણીઓમાં આપવામાં આવશે, જેનો પ્રારંભ 6 જૂનનાં રોજ વડાપ્રધાન મોદીએ કર્યો...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 6 જૂનનાં રોજ નાણા મંત્રાલય અને કોર્પોરેટ બાબતોના મંત્રાલયના 'આઈકોનિક વીક' સમારોહનાં ઉદઘાટન પ્રસંગે જન સમર્થ પોર્ટલની શરૂઆત કરી. સરકારની 13 યોજનાઓને એક પ્લેટફોર્મ પર લાવીને તેનાં માટે ધિરાણ લેવામાં સરળતા કરવા માટે આ પોર્ટલ લોંચ કરવામાં આવ્યું હતું. આને કારણે તેમને અનેક જગ્યાએ ચક્કર લગાવવાની અને અનેક પ્રક્રિયાઓમાંથી પસાર થવાની જરૂર નહીં પડે. આ પોર્ટલ નાગરિકોનું જીવન સરળ કરવાની સાથે સાથે તેમનાં સપના પૂરાં કરવામાં પણ મદદ કરશે. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લાં આઠ વર્ષમાં બંને મંત્રાલયોની યાત્રા અને ઉપલબ્ધિઓ પર ડિજિટલ પ્રદર્શનનું ઉદઘાટન કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, "હવે ભારત સરકારની ધિરાણ સાથે સંકળાયેલી યોજનાઓ અલગ અલગ સાઈટ પર નહીં પણ એક જ જગ્યાએ મળશે. હવે અલગ અલગ વેબસાઈટ પર જવાની જરૂર નથી." જન સમર્થ પોર્ટલ સામાન્ય નાગરિકને સક્ષમ બનાવશે. સામાન્ય લોકોની સેવા કરવાની ભાવના સાથે આ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે, કારણ કે સરકારની એ સર્વોચ્ચ પ્રાથમિકતા અને ફરજ છે કે તે પોતે જનતા સુધી પહોંચે, દરેક પાત્ર વ્યક્તિ સુધી પહોંચે અને તેને સંપૂર્ણ લાભ આપે. ●

## જન સમર્થ પોર્ટલ પર હાલમાં ચાર લોન શ્રેણીમાં 13 યોજનાઓ ઉપલબ્ધ

- જન સમર્થ પોર્ટલ પર હાલમાં 4 લોન શ્રેણીઓમાં 13 સરકારી યોજનાઓની અરજી જમા કરવા અને 125થી વધુ ધિરાણકર્તામાંથી પોતાનાં ધિરાણકર્તા પસંદ કરવા માટે એક જ સ્થળે તમામ સુવિધા પૂરી પાડે છે.
- CBDT, GST, UDAY, NESL, UIDAI, CIBIL અને અન્ય સરકારી એજન્સીઓ સાથે સંકલન દ્વારા ઝડપથી લોન પ્રોસેસિંગ સુનિશ્ચિત કરે છે.
- જન સમર્થ પોર્ટલ કૃષિ, આજીવિકા, શિક્ષણ અને વેપારી પ્રવૃત્તિની શ્રેણીમાં લોન પૂરી પાડશે.
- ત્રણ સરકારી યોજનાઓ અગાઉથી જ જન સમર્થ પોર્ટલ પર છે અને તેમાં બીજી યોજનાઓ પણ સામેલ કરવામાં આવશે. જન સમર્થ પોર્ટલ પાત્રતાની તપાસ કરશે, સૈધ્ધાંતિક મંજૂરી આપશે અને અરજીને જે તે બેન્કમાં મોકલશે.
- આ પોર્ટલ લાભાર્થીની ધિરાણ પ્રક્રિયાનાં દરેક તબક્કાની લેટેસ્ટ માહિતીથી માહિતગાર પણ કરાવશે. બેન્ક શાખાઓમાં એકથી વધુ વાર જવાની જરૂર નહીં પડે.
- અહીં અભ્યાસ માટે ત્રણ, કૃષિ માટે ત્રણ, વ્યાવસાયિક પ્રવૃત્તિઓ માટે છ અને આજીવિકા માટે એક યોજના ઉપલબ્ધ છે.




## બાયોટેક સ્ટાર્ટઅપ એક્સ્પો-2022

# બાયોટેક હબ બનવાની દિશામાં ભારત


**બાયોટેક એવું સેક્ટર છે, જે રોજગારની સાથે સાથે દેશની જીડીપીમાં મહત્વનું પ્રદાન કરે છે. કેન્દ્ર સરકારનાં સતત પ્રયાસોને કારણે છેલ્લાં આઠ વર્ષમાં ભારતના બાયોટેક સેક્ટરે 8 ગણા વધારા સાથે 80 અબજ ડોલરની બાયો-ઈકોનોમી સુધી પહોંચવામાં સફળતા પ્રાપ્ત કરી છે. હવે સમય છે નવાં લક્ષ્યો સાથે આગળ વધવાનો અને આ દિશામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 9 જૂનનાં રોજ પ્રથમ બાયોટેક સ્ટાર્ટઅપ એક્સ્પોની શરૂઆત કરી....**

કોવિડનાં સમયમાં દેશનાં આરોગ્ય માળખું એટલુ બધું વિક્સિત નહોતું. મેડિકલ ડિવાઈસથી માંડીને મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વેક્સિન રિસર્ચ અને રસીની સમસ્યા હતી, પણ ભારતે એ કરી બતાવ્યું જેની કોઈએ કલ્પના પણ નહોતી કરી. બાયોટેકથી માંડીને બીજાં તમામ સેક્ટર્સ સાથે સરકાર અને ઉદ્યોગના સુસંકલનને કારણે કોવિડ સામે સફળતા હાંસલ થઈ હતી. આ સફળતા પાછળ વીતેલાં આઠ વર્ષની ભારે મહેનત અને પ્રયાસ છે, જેમાં બાયોટેક જેવા સેક્ટર પર વિશેષ ફોકસ કરવામાં આવ્યું છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા, અટલ ઈનોવેશન મિશન, મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારત જેવા મહાઅભિયાનોને કારણે બાયોટેક સેક્ટરને મદદ મળી છે. આ તમામ પ્રયત્નોને એક નવી દિશા સાથે આગળ વધવા માટે 9-10 જૂનનાં રોજ દિલ્હીનાં પ્રગતિ મેદાન પર બાયોટેક સ્ટાર્ટઅપ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું. તેનાં ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, “વિશ્વમાં આપણા આઈટી પ્રોફેશનલ્સની સ્કિલ અને ઈનોવેશન અંગેનો વિશ્વાસ નવી ઊંચાઈ પર છે. આ દાયકામાં ભારતના બાયોટેક ફેક્ટર, ભારતના બાયો પ્રોફેશનલ્સ માટે પણ આ જ રેપ્યુટેશન અને વિશ્વાસ ભારતનાં બાયો પ્રોફેશનલ્સ માટે અમે જોઈ રહ્યા છીએ.”

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં આ સેક્ટરનાં વિકાસ માટે બાયો ટેકનોલોજી ઉદ્યોગ સંશોધન સહાયતા પરિષદ (બીઆઈઆરએસી) નાં પ્રદાન અંગે પણ જણાવ્યું. વડાપ્રધાને જણાવ્યું કે, “આજે જ્યારે દેશ અમૃત કાળ દરમિયાન નવા સંકલ્પ લઈ રહ્યો છે ત્યારે દેશનાં વિકાસમાં બાયોટેક ઉદ્યોગની ભૂમિકા ઘણી મહત્વની છે.”●

### બાયોટેક સેક્ટરમાં અપાર સંભાવનાઓ...

ભારત વિશ્વમાં બાયો ટેકનોલોજી માટે ટોચનાં 12 દેશોમાં સામેલ હોવાની સાથે સાથે ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં ત્રીજા સ્થાને છે. ભારત ગ્લોબલ ઈનોવેટિવ ઈન્ડેક્સમાં 46મા ક્રમે આવ્યું છે અને દેશની બાયો-ઈકોનોમીમાં દર વર્ષે દ્વિઅંકી વધારો થઈ રહ્યો છે. 2018નાં 51 અબજ ડોલરની સરખામણીમાં 2021માં 81 અબજ ડોલર સુધી પહોંચી હતી. આપણે 2025 સુધી 150 અબજ ડોલરનાં લક્ષ્યની નજીક પહોંચી રહ્યા છીએ. કોવિડનાં વર્ષોમાં પણ ભારતે દ્વિઅંકી વૃદ્ધિ હાંસલ કરી હતી. બાયોટેક ઈન્ક્યુબેટરની સંખ્યા અને કુલ ફન્ડિંગમાં પણ લગભગ સાત ગણો વધારો થયો છે. 2014માં ભારતમાં માત્ર છ બાયો ઈન્ક્યુબેટર હતા, જ્યારે આજે તેની સંખ્યા વધીને 75 થઈ ગઈ છે. 8 વર્ષ પહેલાં દેશમાં 10 બાયોટેક પ્રોડક્ટ્સ હતી, આજે તેની સંખ્યા 700થી વધુ થઈ ગઈ છે.



## પૂણેમાં સંત તુકારામ મંદિર અને મુંબઇમાં ક્રાંતિકારીઓની ગેલેરીનું ઉદઘાટન

# વિકાસ અને વારસો સાથે સાથે





**વીતેલાં આઠ વર્ષમાં આધુનિક ટેકનોલોજી અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ભારતના વિકાસનો પર્યાય બન્યાં છે, તો ભારતની મહાન પરંપરા અને સંસ્કૃતિની જાળવણીનું કામ પણ થયું છે. કેદારનાથ, કાશી વિશ્વનાથ મંદિરથી માંડીને હૈદરાબાદમાં શ્રી રામાનુજાચાર્યની પ્રતિમા તેનું ઉદાહરણ છે. હવે તેમાં મહારાષ્ટ્રના મહાન શ્રીસંત તુકારામ મહારાજના શિલા મંદિરનો પણ ઉમેરો થયો છે. 14 જૂનનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું ઉદઘાટન કરતાં જણાવ્યું, “અમે સુનિશ્ચિત કરીએ છીએ કે વિકાસ અને વારસો બંને એક સાથે આગળ વધે.”**

સંત તુકારામ વારકરી સંપ્રદાયના સંત અને કવિ હતા, જેમણે અભંગ (ભક્તિ ગીત) ભક્તિ કવિતા અને કીર્તન તરીકે જાણીતા આધ્યાત્મિક ગીતો દ્વારા મોટા પાયે લોકોને જાગૃત કરવાનું કામ કર્યું. કહેવાય છે કે દેહુમાં રહેતા સંત તુકારામે જ મહારાષ્ટ્રમાં ભક્તિ આંદોલનનો પાયો નાખ્યો હતો. માત્ર વારકરી સંપ્રદાય જ નહીં, પણ વિશ્વભરનાં સાહિત્યમાં તેમનું અસાધારણ સ્થાન છે. તેમના અભંગનો અનુવાદ અંગ્રેજી ભાષામાં પણ થયો છે. તેમનાં અવસાન બાદ, શિલા મંદિર બનાવવામાં આવ્યું હતું, જેનું ઉદઘાટન તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. મંદિરમાં સંત તુકારામની મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે. સંત તુકારામ, વિઠ્ઠલ એટલે કે ભગવાન વિષ્ણુના પરમ ભક્ત હતા અને તેઓ વૈષ્ણવ ધર્મમાં આસ્થા ધરાવતા હતા. સંત તુકારામે રચેલાં ભક્તિપદોમાંથી અનેક રચનાઓ આજે પણ ઉપલબ્ધ છે. ભારત સરકારે 2002માં તેમની યાદીમાં 100 રૂપિયાના ચાંદીનો સિક્કો જારી કર્યો હતો. તેમનાં મંદિરનું લોકાર્પણ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, “આજે આઝાદીનાં

## પંઢરપુરથી ચારધામ અને રામ મંદિરથી માંડીને રામાયણ સર્કિટ સુધી વારસાને સાચવવાનો પ્રયાસ

- પંઢરપુર પાલખી માર્ગનું આધુનિકીકરણ થઈ રહ્યું છે, તો ચારધામ યાત્રા માટે પણ નવા હાઈવે બની રહ્યા છે. સમગ્ર દેશમાં 'પ્રસાદ' યોજના અંતર્ગત તીર્થ સ્થળો અને પર્યટન સ્થળોનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.
- અયોધ્યામાં ભવ્ય રામ મંદિર પણ બની રહ્યું છે, કાશી વિશ્વનાથ ધામનું પણ પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે અને સોમનાથમાં પણ નવી સુવિધાઓ વિકસાવવામાં આવી છે.
- મહર્ષિ વાલ્મિકીએ રામાયણમાં ભગવાન રામ સાથે સંકળાયેલા જે સ્થળોનો ઉલ્લેખ કર્યો છે, તેનો રામાયણ સર્કિટ અંતર્ગત વિકાસ કરવામાં આવી રહ્યો છે.
- આ આઠ વર્ષમાં બાબા સાહેબ આંબેડકરના પાંચ તીર્થોનો પણ વિકાસ થયો છે.

## જલ ભૂષણ ભવન અને ગેલેરીનું ઉદઘાટન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈમાં રાજભવનમાં જલ ભૂષણ ભવનનું ઉદઘાટન કર્યું, જે 1885થી મહારાષ્ટ્રના રાજ્યપાલનું સત્તાવાર નિવાસસ્થાન રહ્યું છે. આ બિલ્ડીંગનું આયુષ્ય પૂરું થવાથી તેને તોડીને નવું બિલ્ડીંગ બનાવવામાં આવ્યું, જેમાં જૂના બિલ્ડીંગની તમામ વિશેષતાઓને જાળવી રાખવામાં આવી છે. વડાપ્રધાને મુંબઈમાં ક્રાંતિકારીઓની એક ગેલેરીનું પણ ઉદઘાટન કર્યું. 2016માં રાજભવનમાં એક બંકર મળ્યું હતું, જેનો ઉપયોગ અંગ્રજો શસ્ત્રો અને દારૂગોળાનો સંગ્રહ કરવા માટે કરતા હતા. 2019માં બંકરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું અને મહારાષ્ટ્રના સ્વતંત્રતા સેનાનીઓ અને ક્રાંતિકારીઓનાં યોગદાનને યાદગાર બનાવવા માટે બંકરને સંગ્રહાલયમાં પરિવર્તિત કરવામાં આવ્યું.

**આપણાં શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે, મનુષ્ય જન્મમાં સૌથી દુર્લભ સત્સંગ સંતોનો છે. સંતોની કૃપાની અનુભૂતિ થઈ ગઈ તો ઇશ્વરની અનુભૂતિ આપોઆપ થઈ જાય છે. આજે દેહુની આ પવિત્ર તીર્થ ભૂમિ પર આવીને મને એવી જ અનુભૂતિ થઈ રહી છે.**

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

75મા વર્ષમાં દેશે 100 ટકા લક્ષ્યોને પૂરા કરવાનો સંકલ્પ લીધો છે." વાસ્તવમાં, આજે દેશમાં ગરીબો માટે જે યોજનાઓ ચલાવવામાં આવી રહી છે તેને વીજળી, પાણી, મકાન અને સારવાર જેવી જીવનની પ્રાથમિક જરૂરિયાતો સાથે જોડવામાં આવી રહી છે. સરકાર તેને 100 ટકા લોકો સુધી પહોંચાડવાનું લક્ષ્ય લઈને ચાલી રહી છે. આ જ રીતે, દેશે પર્યાવરણ, જળ સંરક્ષણ અને નદીઓને બચાવવા જેવા અભિયાન શરૂ કર્યા છે અને સ્વસ્થ ભારતનો સંકલ્પ લીધો છે. સરકાર આ સંકલ્પનો સંપૂર્ણપણે પૂરા કરવા માટે પ્રતિબધ્ધ છે. હાલમાં દેશમાં પ્રાકૃતિક ખેતીની ઝૂંબેશ પણ ચલાવવામાં આવી રહી છે, જે વારકરી સંતોના આદર્શો સાથે જોડાયેલી છે. કેન્દ્ર સરકારનો અંત્યોદયનો સંકલ્પ વારકરી સંત તુકારામથી પ્રભાવિત છે, જેની સ્તુતિ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "તેમનાં આદર્શ અનેક લોકોને પ્રોત્સાહિત કરે છે. તેઓ આપણને બીજાઓની સેવા કરવા અને કરૂણામયી સમાજનો વિકાસ કરવા માટે પ્રેરિત કરે છે. છત્રપતિ શિવાજી મહારાજ જેવા રાષ્ટ્રનાયકના જીવનમાં પણ તુકારામજી જેવા સંતોને મહત્વની ભૂમિકા રહી છે. આઝાદીની લડાઈમાં વીર સાવરકરને સજા થઈ ત્યારે તેઓ બેડીઓને ચિપલાની જેમ વગાડતા વગાડતા તુકારામના અભંગ ગાતા હતા.

મહારાષ્ટ્ર પ્રવાસ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તુકારામ મહારાજના મંદિરનું લોકાર્પણ કરવાની સાથે સાથે જલ ભૂષણ ભવન અને ક્રાંતિકારીઓની ગેલેરીનું ઉદઘાટન કર્યું અને ગુજરાતી અખબાર મુંબઈ સમાચારનાં દ્વિશતાબ્દિ મહોત્સવમાં પણ ભાગ લીધો.

### 200 વર્ષથી સતત પ્રકાશિત થતું મુંબઈ સમાચાર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુંબઈના બાન્દ્રા કુર્લા કોમ્પલેક્સમાં મુંબઈ સમાચારના દ્વિશતાબ્દિ મહોત્સવમાં પણ ભાગ લીધો. 1 જુલાઈ, 1822નાં રોજ ફરેદુનજી મર્ઝબાન દ્વારા સાપ્તાહિક તરીકે શરૂ થયેલું મુંબઈ સમાચાર 1832થી દૈનિક તરીકે પ્રકાશિત થઈ રહ્યું છે. મુંબઈ સમાચાર સતત 200 વર્ષથી પ્રકાશિત થઈ રહ્યું છે. આ અનોખી ઉપલબ્ધિની યાદગીરીમાં એક ટપાલ ટિકિટ પ્રસિધ્ધ કરવામાં આવી હતી. ●

## સંરક્ષણ ક્ષેત્રમાં યુવાનોની ભર્તી માટે માર્ગ મોકળો કરતી 'અગ્નિપથ' યોજના

# સામર્થ્યવાન યુવાઓનો નવો 'ફાલ' તૈયાર થશે

**યુવાન કોઈ પણ રાષ્ટ્રનાં વિકાસનો પાયો હોય છે. યુવા મન પ્રતિભા અને રચનાત્મકતાથી ભરેલું હોય છે. વિશ્વનો કોઈ પણ દેશ યુવા શક્તિ વગર મજબૂત ન બની શકે અને ભારત તો વિશ્વનો સૌથી યુવાન દેશ છે. દેશનાં આ યુવાનોની તરફેણમાં બે નિર્ણાયક પગલાં ભરતાં કેન્દ્ર સરકારે મહત્વનાં નિર્ણયોને મંજૂરી આપી છે. પ્રથમ 'અગ્નિપથ' યોજના અંતર્ગત સશસ્ત્ર સેનાઓમાં 4 વર્ષની સેવાની તક અને બીજો... આગામી દોઢ વર્ષમાં કેન્દ્ર સરકાર અને તેનાં વિભાગો દ્વારા મિશન મોડમાં 10 લાખ નવાં રોજગાર..જેથી આત્મનિર્ભર અને મજબૂત ભારતનાં નિર્માણમાં યુવા શક્તિ સક્ષમ બને અને સંરક્ષણ સેવાઓમાં મોટાં પરિવર્તન આવે...**



ભારતની યુવા શક્તિને શિસ્તબધ્ધ, કૌશલ્યસભર અને આર્થિક રીતે મજબૂત બનાવવા માટે કેન્દ્ર સરકાર સતત પગલાં ભરી રહી છે. હવે આ યુવા શક્તિને નવી દિશા આપવા માટે સશસ્ત્ર દળોમાં પરિવર્તનની નવી ઝૂંબેશ અંતર્ગત 'અગ્નિપથ' યોજનાની જાહેરાત કરવામાં આવી છે. 14 જૂનનાં રોજ સંરક્ષણ બાબતો અંગેની કેબિનેટ સમિતિએ આ યોજનાને મંજૂરી આપી દીધી છે. આ યોજના અંતર્ગત 17.5 વર્ષથી 21 વર્ષની ઉંમરના યુવાનોને ચાર વર્ષ માટે સશસ્ત્ર દળોમાં જોડાવાની તક આપવામાં આવશે. પ્રથમ વર્ષમાં ઉંમરમાં બે વર્ષની રાહત આપવામાં આવી છે. અત્યાર સુધીની સૌથી ક્રાંતિકારી યોજના અંગેની સમજૂતિ અહીં રજૂ કરવામાં આવી છે...

## અગ્નિવીર કહેવાશે આ સૈનિકો

- સિપાહીના હોદ્દા પર નવી ભર્તીઓ હવે અગ્નિપથ યોજના અંતર્ગત થશે અને તેનાં અંતર્ગત ભર્તી થનારા સૈનિકો અગ્નિવીર કહેવાશે.
- તેમને ચાર વર્ષ માટે સેનામાં કામ કરવાની તક આપવામાં આવશે. આમાંથી 25 ટકા સિપાહીને વધુ સમય માટે ફરજ નિભાવવાની તક મળશે. એટલે કે ચાર વર્ષ બાદ આમાંથી 25 ટકા સૈનિક સશસ્ત્ર સેનાઓમાં 15 વર્ષના સ્થાયી કમિશન માટે પાત્ર હશે.
- આ અગ્નિવીરોને ચાર વર્ષની સેવા બદલ ઉચ્ચક રકમ, ટેકનિકલ યોગ્યતાનું સર્ટિફિકેટ મળશે જેનાથી તેમને કોર્પોરેટ જગતમાં નવી નોકરી મેળવવામાં મદદરૂપ સાબિત થશે. આ યોજના અંતર્ગત પ્રથમ ભર્તીની જાહેરાત ટૂંક સમયમાં થશે.

## યોગ્યતાનાં આધારે ભર્તી

- અગ્નિવીર બનવા માટે 10મું અને 12મું ધોરણ પાસ દેશનો કોઈ પણ યુવાન, જેની ઉંમર 17.5 વર્ષથી 21 વર્ષ વચ્ચે છે તે અરજી કરી શકે છે.
- અગ્નિપથ યોજના અંતર્ગત ભૂમિ, હવાઈ અને નૌકા દળમાં ભર્તી કરવા માટે અખિલ ભારતીય યોગ્યતા પર આધારિત ભર્તી યોજના લાવવામાં

આવશે. જે યુવાન 10મા ધોરણ બાદ અગ્નિવીર બનશે, તેને સેના તરફથી 12મા ધોરણનું સર્ટિફિકેટ મળશે.

- યોજના અંતર્ગત ચાર વર્ષ માટે આ આ વર્ષે આશરે 46,000 યુવાનોની ભર્તી કરવામાં આવશે. તેમાં મહિલાઓનો પણ સમાવેશ થાય છે. દર વર્ષે આ પ્રકારની ભર્તી કરવામાં આવશે.

## પગાર અને સુવિધાઓ

- પ્રથમ વર્ષમાં અગ્નિવીરને 30,000 રૂપિયા પ્રતિ માસ પગાર મળશે, જેમાંથી 9,000 રૂપિયા સર્વિસ ફન્ડમાં જમા થશે. આટલી જ રકમ સેના પણ અગ્નિવીરના ખાતામાં જમા કરાવશે. બીજા વર્ષે 33,000 રૂપિયા, ત્રીજા વર્ષે 36,500 અને ચોથા વર્ષે 40,000 રૂપિયા માસિક પગાર આપવામાં આવશે. આ ઉપરાંત, નિયમ પ્રમાણે રેશન, યુનિફોર્મ અને પ્રવાસ ભથ્થું આપવામાં આવશે.
- ચાર વર્ષની મુદત પૂરી થયા પછી અગ્નિવીરને 11.71 લાખ રૂપિયા સર્વિસ ફન્ડ તરીકે આપવામાં આવશે, અને તે કરમુક્ત હશે. અગ્નિવીરને પેન્શન કે ગ્રેજ્યુઈટીનો લાભ નહીં આપે.
- અગ્નિવીરોને 48 લાખનો નોન કોન્ટ્રીબ્યુટરી લાઈફ ઈન્શ્યોરન્સ, સેવા દરમિયાન મૃત્યુના સંજોગોમાં 44 લાખ રૂપિયા વધારાનું ઉચ્ચક વળતર મળશે. વિકલાંગતા વળતરમાં 75, 50 અને 25 ટકા દિવ્યાંગતાને આધારે એક સાથે અનુક્રમે રૂ. 44, રૂ. 25 અને રૂ.15 લાખ વળતર આપવામાં આવશે.

## કૌશલ્ય વિકાસની પહેલ

- આ અંતર્ગત ભર્તી થનારા અગ્નિવીરોને સેનામાંથી બહાર આવ્યા પછી બીજી નોકરીઓની તકો મળે તે માટેનાં પ્રયાસ પણ કરવામાં આવ્યા છે. સેનાની નોકરી દરમિયાન ટેકનિકલ ટ્રેઈનિંગ, ડિપ્લોમા કે વધુ અભ્યાસની તક આપવામાં આવશે. આનાથી તેમને કોર્પોરેટ જગતમાં નોકરી મેળવવામાં સરળતા રહેશે.

## સશસ્ત્ર બળો માટે મહત્વપૂર્ણ પહેલ

- ભારતીય સેનામાંથી દર વર્ષે આશરે 60,000 કર્મચારીઓ નિવૃત્ત થાય છે. સેના આ ખાલી જગ્યાઓ પર ભર્તી માટે 100થી વધુ રેલીઓનું આયોજન કરતી હતી. હવે આ  ભર્તી અગ્નિપથ યોજના અંતર્ગત કરી શકાશે.
- સેનામાં મોટા ફેરફારનાં ભાગ રૂપે અગ્નિપથ યોજનાનો હેતુ સેનાની રેન્કમાં કામ કરનારા સૈનિકોની સરેરાશ ઉંમર ઓછી કરવાનો છે. હાલમાં એક સૈનિકની સરેરાશ ઉંમર 32 વર્ષ છે પણ નવી ભર્તી યોજનામાં તે ઘટીને 26 વર્ષ થઈ જશે.
- કઠિન અને પારદર્શક પસંદગી પ્રક્રિયા દ્વારા સર્વશ્રેષ્ઠ યુવાનોની પસંદગી કરવામાં આવશે. બદલાતી પરિસ્થિતિઓ અને જરૂરિયાત પ્રમાણે અનુકુળ ઊર્જાવાન અને વધુ શિક્ષીત યુવાનોને કારણે સંરક્ષણ માટે શ્રેષ્ઠ તૈયારી થશે.

# દોઢ વર્ષમાં 10 લાખ યુવાનોને નવી નોકરીની ભેટ




સરકારી નોકરીની તૈયારી કરનારા ઉમેદવારો માટે ખુશખબરી છે. આગામી દોઢ વર્ષમાં સરકાર વિવિધ વિભાગોમાં 10 લાખ જગ્યાઓ પર ભર્તી કરશે. આ ભર્તી કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો અને મંત્રાલયો અંતર્ગત કરવામાં આવશે. એટલે કે દરરોજ લગભગ 1850 લોકોને રોજગાર આપવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તમામ વિભાગો અને મંત્રાલયોમાં કર્મચારીઓની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ આ નોકરીઓ આપવાનો આદેશ મિશન મોડ પર એટલે કે જલ્દીથી જલ્દી પૂરો કરવાનાં નિર્દેશ આપ્યા છે. નવા રોજગાર કેન્દ્ર સરકારના મંત્રાલય અને પોસ્ટ, સંરક્ષણ (સિવિલ), રેલવે અને મહેસુલ સહિતનાં વિભાગો માટે છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે કેન્દ્રીય રાજ્યમંત્રી જીતેન્દ્રસિંહે રાજ્યસભામાં એક પ્રશ્નનાં જવાબમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારનાં વિભાગોમાં 1 માર્ચ, 2020 સુધી 8.72 લાખ જગ્યા ખાલી હતી. આ આંકડો વધીને 10 લાખ થઈ ગયો હશે, જેનાં માટે ભર્તી કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આદેશ આપ્યો છે. જીતેન્દ્રસિંહે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારનાં તમામ વિભાગોમાં કુલ 40 લાખ 4 હજાર હોદ્દા છે, જેમાંથી 31 લાખ 32 હજાર કર્મચારી નિમાયેલા છે. આમ, 8.72 લાખ જગ્યાઓ પર ભર્તી કરવાની જરૂર છે. ●



## ડિજિટલ ઈન્ડિયા

# આત્મનિર્ભર ભારતની સાધના અને સંકલ્પ

**ટેકનોલોજી અને ઈનોવેશનથી પારદર્શિતા તરફ આગળ વધી રહેલા ભારતમાં ડિજિટલ ઈન્ડિયા એક મજબૂત ટેકનિકલ ઉકેલ છે, તો સાથે સાથે તે નવા ભારતનો સંકલ્પ, આત્મનિર્ભર ભારતની સાધના અને 21મી સદીમાં મજબૂત બની રહેલા ભારતનું પ્રમાણ પણ બન્યું છે. ડિજિટલાઈઝેશનનાં માધ્યમથી નાગરિકોને મજબૂત કરવાની શરૂઆત 1 જુલાઈ, 2015નાં રોજ થઈ હતી. આજે ડિજિટલ ઈન્ડિયા મહાઅભિયાન સરકાર અને લોકો, સિસ્ટમ અને સુવિધાઓ, સમસ્યાઓ અને ઉકેલો વચ્ચેના અંતરને ઘટાડીને સામાન્ય નાગરિકોને મજબૂત બનાવી રહ્યું છે....**

> **ડિજિટલ ઇન્ડિયા એટલે સમય, શ્રમ અને પૈસાની બચત. ડિજિટલ ઇન્ડિયા એટલે ઝડપી લાભ, સંપૂર્ણ લાભ. ડિજિટલ ઇન્ડિયાનો અર્થ મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગવર્નન્સ છે. ડિજિટલ ઇન્ડિયા માટે પાયાની સુવિધા તૈયાર કરવાના માપદંડો અને ગતિ પર ઘણો ભાર મૂકવામાં આવી રહ્યો છે.**
>
> --નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

ઉત્તરપ્રદેશના શાહજહાંપુરમાં કોમન સર્વિસ સેન્ટર (સીએસસી)નું સંચાલન કરનાર ગુરદીપ સિંહ પાસે આવકનું કોઈ નવું સાધન નહોતું, ત્યારે તેણે સીએસસી શરૂ કર્યું. ગુરદીપ વડીલો અને જરૂરિયાતમંદોને મફતમાં સેવા પૂરી પાડે છે. ગુરદીપ કહે છે કે મને સીએસસી વીએલઇ બનવા પર ગર્વ છે અને 20 લોકોને રોજગાર આપ્યા છે. ગુરદીપથી થોડી અલગ કહાની છે લડાખના જોનેટ્રો એમ સંગમાની. એક સમયે સંગમાને પેન્શન માટે વર્ષમાં એક વાર હયાતીનું પ્રમાણપત્ર જમા કરાવવા માટે બેન્ક જવું પડતું હતું, જે ઘરેથી લગભગ બે-ત્રણ કિલોમીટર દૂર હતું. પણ હવે ઉમંગ એપ દ્વારા ઘેર બેઠાં હયાતીનું પ્રમાણપત્ર ડિજિટલી જમા કરાવી દે છે. કેન્દ્ર સરકારનો વારંવાર આભાર માનતા જોનેટ્રો સંગમા બધાંને ઉમંગ એપ ડાઉનલોડ કરવાની અને માન્ય બાયોમેટ્રિક ઉપકરણ ખરીદવાની સલાહ આપે છે.

બિહારના ચંદનકુમાર આઇટી પ્રોફેશનલ છે. 2016માં ગુડગાંવથી ખરીદેલી કારનાં રજીસ્ટ્રેશન કાર્ડ પર લોન બાકી બોલતી હતી. તેઓ ગુડગાંવમાં ભાડાનાં ઘરમાં રહેતા હતા, લોન પૂરી થઈ ત્યારે કાર્ડ ઓથોરિટીએ એ સરનામે મોકલી આપ્યું. પણ એ વખતે લોકડાઉન હોવાથી તેમને કાર્ડ ન મળી શક્યું. પરેશાન થવાને બદલે ચંદને ડિજિલોકરમાં ગાડીનું રજીસ્ટ્રેશન કાર્ડ ડાઉનલોડ કરી દીધું. હવે તેઓ તેનો જ ઉપયોગ કરે છે. 2021માં કારને અકસ્માત થયો ત્યારે ડિજિલોકરમાંથી આરસી ડાઉનલોડ કરીને વીમા કંપનીમાં ક્લેમ કર્યો અને કંપનીએ સ્વીકારી પણ લીધો. આ કેટલીક એવી કહાની છે જેનાં પરથી ખ્યાલ આવે છે કે 1 જુલાઈ 2015નાં રોજ જે ડિજિટલ ઇન્ડિયાની વડાપ્રધાન મોદીએ શરૂઆત કરી હતી, તેણે કઈ રીતે લોકોનું જીવન સરળ બનાવ્યું છે. મિનિમમ ગવર્મેન્ટ-મેક્સિમમ ગવર્નન્સ સાથે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ અને ઇઝ ઓફ લિવિંગનું સ્તર સતત સુધરી રહ્યું છે. ડિજિટલ ઇન્ડિયાને કારણે પારદર્શિતા આવી છે અને ભ્રષ્ટાચાર અટક્યો છે. ડિજિટલ ઇન્ડિયા મજબૂત

## આ આંકડાઓ દ્વારા સમજો કેટલું મહત્વનું છે ડિજિટલ ઇન્ડિયા

### ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર



**નાણાકીય વર્ષ 204-15થી 2 જૂન, 2022 સુધી આશરે**

**2.27 લાખ કરોડ રૂપિયા**

**લાભાર્થીઓનાં ખાતામાં સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા. જેમ ટ્રિનિટીને કારણે ભ્રષ્ટાચાર બંધ થઇ ગયો છે.**

- જાન્યુઆરી, 2022 સુધી દેશભરમાં 132 કરોડથી વધુ નાગરિકોને આધાર નંબર જારી કરવામાં આવ્યા છે.
- સરકારના ઇ-માર્કેટ પ્લેસ (GeM) પર 25.52 હજાર કરોડ રૂપિયાના સામાનનો ઓર્ડર આપી દેવામાં આવ્યો છે. આ પ્લેટફોર્મ પર 40 લાખથી વધુ વેપારીઓ સંકળાયેલા છે.
- ડિજિલોકરમાં 9.23 કરોડથી વધુ યુઝર્સ છે અને લોકરમાં 5.10 અબજ ડોક્યુમેન્ટ્સ જારી કરવામાં આવી ચૂક્યા છે. ભારત નેટ પ્રોજેક્ટ અંતર્ગત દેશભરની 1.77 લાખથી વધુ ગ્રામ પંચાયતોમાં ઓપ્ટિકલ ફાઇબર કેબલ અને તેનાં સંબંધિત ઉપકરણ સ્થાપિત કરી દેવામાં આવ્યા છે.
- વર્ષ 2014થી અત્યાર સુધી ઇ-જીવન પ્રમાણ દ્વારા આશરે 5.70 કરોડ પ્રમાણપત્ર જારી કરવામાં આવ્યા છે. દેશમાં એક મંડીનાં કન્સેપ્ટ પર શરૂ થયેલા ઇ-નામ પ્લેટફોર્મ પર 1.73 કરોડથી વધુ ખેડૂતો રજીસ્ટર્ડ થઈ ચૂક્યા છે.
- દેશભરમાં 45.55 કરોડથી વધુ જન ધન ખાતા ખૂલી ચૂક્યા છે. 4.94 લાખ કોમન સર્વિસ સેન્ટર (સીએસસી) શરૂ કરવામાં આવ્યા છે, જે સેવાની સાથે સાથે રોજગાર પણ પૂરો પાડી રહ્યા છે.
- ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક દ્વારા 'બેન્ક તમારા આંગણે સેવા' અંતર્ગત 1.02 લાખથી વધુ પોસ્ટ પેમેન્ટ બેન્ક શરૂ કરવામાં આવી છે. નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર 8.39 કરોડથી વધુ અરજીઓ વેરિફાય થઈ ચૂકી છે.
- ઉમંગ મોબાઇલ એપમાં 20,527 સેવાઓની સાથે સાથે 279 કેન્દ્ર અને રાજ્ય સરકારનાં વિભાગો અને 33 રાજ્યની એજન્સીઓની 1417 સેવાઓનો સમાવેશ થાય છે.
- ઇ-હસ્તાક્ષર સેવાથી પ્રમાણિત થયેલા દસ્તાવેજો પર હસ્તાક્ષર મૂકવામાં આવી રહ્યા છે. ફેબ્રુઆરી 2022 સુધીમાં આશરે 29 કરોડ ઇ-સિગ્નેચર જારી કરવામાં આવ્યા છે.

### યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (UPI):
એક મોબાઇલ એપ્લિકેશન પર અનેક બેન્કોના ખાતા આ ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ પર જોડી શકાય છે. ફેબ્રુઆરી, 2022 સુધી 229 બેન્કો યુપીઆઇ સેવાથી જોડાઈ ચૂકી છે.

### મોબાઇલ હેન્ડસેટ ઉત્પાદનઃ
હેન્ડસેટ ઉત્પાદનમાં ભારત હવે વિશ્વમાં બીજા ક્રમે છે. સેલ્યુલર ફોન અને સ્પેરપાર્ટ્સનાં ઉત્પાદન માટે 2014માં માત્ર બે ફેક્ટરી જ હતી, જે 2021માં વધીને 200 થઈ ગઈ છે.

### રૂપે પેમેન્ટ ગેટવેઃ
ભારતનું પ્રથમ ગ્લોબલ પેમેન્ટ નેટવર્ક છે. 70 કરોડ ભારતીયો પાસે રૂપે કાર્ડ છે. ઉપયોગમાં સરળ આ રૂપે પેમેન્ટ ગેટવે સિંગાપોર, યુએઇ, ભુટાન, નેપાળમાં અમલી છે.

### ઇ જિલ્લા મિશન મોડ પ્રોજેક્ટ (MMP):
કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેની યોજનાઓ આ અંતર્ગત આવે છે. દેશનાં 709 જિલ્લામાં 3916 ઈ-જિલ્લા સેવાઓ શરૂ થઈ ચૂકી છે.

## ડિજિટલ ભારતની આગેકૂચ



**ડિજિટલ કરન્સીઃ** રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ ડિજિટલ કરન્સી એટલે કે ડિજિટલ રૂપિયો લોંચ કરશે એવી જાહેરાત ચાલુ નાણાકીય વર્ષનાં બજેટમાં થઈ ચૂકી છે. આ ડિજિટલ રૂપિયો આપણા હાલના ફિઝિકલ ચલણનું ડિજિટલ સ્વરૂપ હશે, જેનાં પર આરબીઆઇનો અંકુશ અને દેખરેખ રહેશે.



**ઈ-પાસપોર્ટ સેવાઃ** ભારત સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં નાગરિકોને ઇ-પાસપોર્ટ જારી કરવાની જાહેરાત કરી છે. એમ્બેડેડ રેડિયો ફ્રીકવન્સી આઇડેન્ટિફિકેશન (IFID ચિપ) અને બેક કવરમાં ઇન્લેનાં રૂપમાં એમ્બેડેડ એન્ટીના ધરાવતા ઇ પાસપોર્ટમાં લગાવવામાં આવતી ચિપ ખરીદવાની પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે.




**આ વર્ષે જ 5જીની શરૂઆત થશેઃ** 5જી એપ્લિકેશનનો ઉપયોગ અને પ્રદર્શન કરવા માટે 224 કરોડ રૂપિયાનાં ખર્ચે 5જી ટેસ્ટ બેડની સ્થાપના કરવામાં આવી છે. 5જી સ્પેક્ટ્રમની હરાજીને કેબેનેટે મંજૂરી આપી દીધી છે. 2022ના અંત સુધી 5જી શરૂ કરવાની તૈયારી છે.

## સુપર કમ્પ્યુટરમાં મજૂબત પગલાં

સુપર કમ્પ્યુટર દરેક દેશના ઇનોવેશન, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ અને સક્સેસ ગેટવે હોય છે. એટલાં માટે જ ભારત સરકારે 2015માં નેશનલ સુપર કમ્પ્યુટિંગ મિશન (NSM) અંતર્ગત 2022નાં અંત સુધીમાં 74 સંસ્થાઓને હાઇ કમ્પ્યુટિંગ ફેસિલિટી પૂરી પાડવાનો લક્ષ્ય રાખ્યો છે. આ અંતર્ગત પરમ સિદ્ધિ એઆઇ સુપર કમ્પ્યુટરને વિક્સિત કરવામાં આવ્યું છે. દેશનું આ સૌથી શક્તિશાળી અને ઝડપી સુપર કમ્પ્યુટર છે, જેને 2015માં બનાવવામાં આવ્યું છે. તેને વિશ્વનાં 500 ટોપ સુપર કમ્પ્યુટરની યાદીમાં 63મું સ્થાન મળ્યું છે.

### કમ્પ્યુટર સાક્ષરતા દરમાં વધારો
જૂન, 2015માં જારી કરવામાં આવેલા નેશનલ સ્ટેટેસ્ટિકલ ઓફિસના 71મા અહેવાલ પ્રમાણે ગ્રામીણ ભારતમાં 14-29 વર્ષની ઉંમરે એક હજાર લોકો દીઠ 183 લોકો કમ્પ્યુટર ચલાવવામાં સક્ષમ હતા. ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમ બાદ જુલાઇ, 2017થી જૂન, 2018 સુધી કરવામાં આવેલા નેશનલ સેમ્પલ સર્વેના 75મા રાઉન્ડના અહેવાલ પ્રમાણે ગ્રામીણ ભારતમાં 15-29 વર્ષની ઉંમરે 29.4 ટકા પુરુષ અને 17.6 ટકા મહિલાઓ કમ્પ્યુટર ચલાવવામાં સક્ષમ હતી. આ વયજૂથમાં શહેરી ક્ષેત્રમાં 60.6 ટકા પુરુષ અને 50.9 ટકા મહિલાઓ કમ્પ્યુટર ચલાવવામાં સક્ષમ હતી.

ભારતની અભિવ્યક્તિ છે, જે 21મી સદીમાં ઊભરી રહી છે.

વડાપ્રધાન મોદી કહે છે, “ડિજિટલ ઇન્ડિયાનાં રૂપમાં દેશ મૌન ક્રાંતિનો સાક્ષી બની રહ્યો છે. ખેડૂતોનાં જીવનમાં ડિજિટલ લેવડદેવડથી અભૂતપુર્વ પરિવર્તન આવ્યું છે. ડિજિટલ રીતે મજબૂત બની રહેલા યુવા ભારતને આ દાયકાનું ‘ટેકેડ’ બનાવીશું. જે લોકો પહેલાં કહેતા હતા કે ગરીબને ડિજિટલ ઇન્ડિયા અને સસ્તા ડેટાથી કોઈ ફરક નથી પડતો, એ લોકો આજે ડિજિટલ ઇન્ડિયાની તાકાતનો અનુભવ કરી રહ્યા છે.”

નીતિ આયોગના અહેવાલ ‘નવા ભારત માટે રણનીતિ @75’ માં એવો સંકેત આપવામાં આવ્યો હતો કે 2022-23 સુધી ભારતમાં ડિજિટલ ડિવાઇડ ખતમ કરવાની જરૂર છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે 2014થી જ ડિજિટલ સાક્ષરતા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. રાષ્ટ્રીય ડિજિટલ સાક્ષરતા મિશન અને ડિજિટલ સાક્ષરતા અભિયાન નામની બે યોજનાઓ લાગુ કરવામાં આવી છે, જેમાં 31 માર્ચ, 2022 સુધી 53.67 લાખ લાભાર્થીઓને પ્રમાણિત કરવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાનમાં 6 કરોડ પરિવારોમાંથી પ્રતિ પરિવાર એક વ્યક્તિને સામેલ કરીને ગ્રામીણ ભારતમાં ડિજિટલ સાક્ષરતા લાવવાની મંજૂરી આપી છે. આ યોજનામાં 5.78 કરોડ ઉમેદવારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે, જેમાંથી 4.90 કરોડને તાલીમ આપી દેવામાં આવી છે. સરકારે 25 ફેબ્રુઆરી, 2021નાં રોજ ઇન્ટરનેટ અને ડિજિટલ યુઝર્સ માટે એક સલામત અને વિશ્વસનીય અને જવાબદેહ ઇન્ટરનેટ સુનિશ્ચિત કરવા માટે બદલાતી જરૂરિયાતોને અનુરુપ ઇન્ફોર્મેશન ટેકનોલોજી (ઇન્ટરમિડિયેટ ગાઇડલાઇન્સ એન્ડ ડિજિટલ મિડિયા કોડ ઓફ કન્ડક્ટ) રૂલ્સ, 2021ને એટલે કે આઇટી નિયમ 2021ને અધિસૂચિત કર્યો છે.●




# એક રાષ્ટ્ર એક કર

**વૈશ્વિક સ્તરે અવ્યવસ્થાના માહોલમાં ભારત આજે વૈશ્વિક મંચ પર પોતાની સ્વતંત્રતાના 75 વર્ષમાં સર્વશ્રેષ્ઠ ભૂમિકામાં છે તો તેનો શ્રેય એ સુધારાઓને પણ જાય છે, જેની શરૂઆત 2014 બાદ થઈ હતી. કાયદાઓ અને કોમ્પ્લાયન્સની જાળને ખતમ કરવામાં આવી. આવો જ એક મહત્વનો સુધારો હતો જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ), જેનું સપનું અટલબિહારી વાજપેયીએ જોયું હતું, પણ 17 વર્ષ બાદ 1 જુલાઈ, 2017નાં રોજ તેનો અમલ થયો..**

રાષ્ટ્રની આર્થિક પ્રગતિ ત્યારે જ થાય છે જ્યારે કોઇ ક્રાંતિકારી સુધારા કરવામાં આવે છે. 30 જૂન અને 1 જુલાઈની મધ્યરાત્રિએ સંઘવાદનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું અને 17 વર્ષથી જેની રાહ જોવાતી હતી તે ક્રાંતિકારી સુધારાનો અમલ થયો. અર્થતંત્રની દુનિયામાં જીએસટી ક્રાંતિ બની જેણે સમગ્ર દેશને દિશા અને અર્થતંત્રને નવું પરિમાણ આપ્યું. ટીમ ઈન્ડિયા દ્વારા લેવામાં આવેલું મોટું પગલું, જેણે દેશમાં વિવિધ 500 પ્રકારનાં ટેક્સમાંથી મુક્તિ અપાવીને કાશ્મીરથી પોર્ટબ્લેર સુધી, ગુજરાતથી અરૂણચાલ પ્રદેશ સુધી 'વન નેશન-વન ટેક્સ'નાં સપનાને સાકાર કર્યું છે.

એક સમયે અલગ અલગ રાજ્યોમાં એક જ સામાન પર અલગ અલગ ટેક્સ દર હોવાને કારણે તેના ભાવમાં તફાવત રહેતો હતો. પરિણામે, રાજ્યનાં સરહદી વિસ્તારોમાં રહેનારા લોકો ઘણી વાર ઓછો ટેક્સ રેટ ધરાવતા પડોશી રાજ્યોમાં મોટી ખરીદી કરવા જતા હતા. વળી, વિવિધ પ્રકારના ટેક્સની ઝંઝાળ અને ફોર્મને કારણે વેપારીઓ હેરાન થતા હતા એ અલગ. આવી અનેક અડચણોને નાબૂદ કરવા માટે જીએસટીની શરૂઆત કરવામાં આવી. 1 જુલાઈનાં રોજ આ ક્રાંતિકારી પગલાંને પાંચ વર્ષ પૂરા થઈ રહ્યા છે. જીએસટી લાગુ થયો તે દિવસથી જ સ્થિતિમાં મોટું પરિવર્તન આવવાનું શરૂ થયું. તમામ 17 ટેક્સનું એકીકરણ થઈ ગયું. સમગ્ર ભારત એક બજાર બની ગયું. આંતરરાજ્ય ચેકપોસ્ટ હટાવી દેવામાં આવી. એન્ટ્રી ટેક્સ નાબૂદ થયા પછી શહેરોમાં ચીજવસ્તુઓનો પ્રવેશ સરળ બની ગયો. વિવિધ રાજ્યો મનોરંજનનાં નામે 35થી 110 ટકા સુધી ટેક્સ વસુલતા હતા, જેમાં નોંધપાત્ર ઘટાડો થયો. 235 વસ્તુઓ પર પહેલાં 31 ટકા અથવા તો તેનાથી વધુ ટેક્સ લાગતો હતો. તેમાંથી 10 ચીજોને બાદ કરતાં તમામ ચીજો પર ટેક્સ ઘટીને 28 ટકા કરી દેવામાં આવ્યો. આ 10 વસ્તુઓ પર તો ટેક્સ ઘટાડીને ઓછો એટલે કે 18 ટકા કરી દેવામાં આવ્યો. સામાન્ય માણસનાં ઉપયોગની ચીજો શૂન્ય અથવા 5 ટકાનાં દાયરામાં લાવવામાં આવી. રિટર્ન ભરવાનું ઓનલાઈન થઈ ગયું છે, એસેસમેન્ટ અને રિએસેસમેન્ટનું કામ પણ ઓનલાઈન થઈ ગયું છે અને ઈન્સ્પેક્ટર રાજનો અંત આવ્યો છે. ઈનપુટ ટેક્સ ક્રેડિટનાં માધ્યમથી વેપારીઓને એ જ વસ્તુ પર અગાઉ ચૂકવેલા ટેક્સને રિટર્ન ભરતી વખતે ક્રેડિટ સ્વરૂપે એડજસ્ટ કરવાની સુવિધા આપવામાં આવી છે.

જીએસટી ભારતને સમાન કર પ્રણાલિને એક સૂત્રમાં બાંધનારું પગલું હતું, જેનાંથી દેશમાં વેપારી પ્રવૃત્તિઓ વધી, દેશની જીડીપીમાં પણ વધારો થયો. આને પરિણામે, આજે નાના કે મોટા વેપારીઓ સરળતાથી વેપાર કરી રહ્યા છે. આજે એક જ કર પ્રણાલિને કારણે રિટર્ન ફાઈલ કરવાની વ્યવસ્થા સહજ અને સુગમ થઈ ગઈ છે. જીએસટી સિસ્ટમથી ભારતમાં કર પ્રણાલિ સરળ થઈ છે, તો વેપારીઓમાં નવો ભરોસો જન્મ્યો છે. જીએસટીને કારણે ભારતમાં વેપાર કરવો સરળ બન્યો છે. આ વર્ષે જ્યારે ભારત આઝાદીના 75 વર્ષ પૂરાં કરી રહ્યું છે અને આપણે 2025 સુધી પાંચ ટ્રિલિયન ડોલર ઈકોનોમીનાં લક્ષ્ય સાથે આગળ વધી રહ્યા છીએ ત્યારે જીએસટી તેમાં સીમાચિહ્ન સાબિત થશે.

# હવે સંખ્યાબંધ ફોર્મ ભરવાની ઝંઝટ ગઈ

**જીએસટીનું ફુલ ફોર્મ થાય છે-Goods And Services Tax. ગુજરાતીમાં તેનો અર્થ થાય ચીજવસ્તુ અને સેવા વેરો. 1 જુલાઇ, 2017થી જ્યારે જીએસટી અમલી બન્યો ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને Good and Simple Tax ગણાવ્યો હતો.**


| ફોર્મનો પ્રકાર | જીએસટી પહેલાં (વેટ) | જીએસટી બાદ |
|---|---|---|
| કોન્ટ્રાક્ટ | 317 | 0 |
| ચલણ | 12 | 1 |
| જાહેરાત | 32 | 0 |
| ફોર્મ | 122 | 11 |
| ટ્રાન્ઝીટ ફોર્મ | 2 | 0 |
| વર્કશીટ | 4 | 0 |
| ઇનવોઇસ ફોર્મેટ | 5 | 0 |
| રજીસ્ટર | 1 | 0 |
| કુલ | 495 | 12 |

## ગ્રાહકોને ફાયદો

એક અહેવાલ પ્રમાણે જીએસટી લાગુ થયા પછી સરેરાશ ભારતીય પરિવારનાં સરેરાશ ખર્ચમાં ચાર ટકા સુધીનો ઘટાડો થયો છે

| વસ્તુ | અગાઉનો ટેક્સ દર | પછીનો ટેક્સદર |
|---|---|---|
| મિલ્ક પાઉડર | 6% | 5% |
| ચા | 6% | 0 |
| ઘઉં | 2.5% | 0 |
| લોટ | 3.5% | 0 |
| સૂરજમુખીનું તેલ | 6% | 5% |
| ખાંડ | 6% | 5% |

## અત્યાર સુધીનું સર્વોચ્ચ ટેક્સ કલેક્શન




**જીએસટીથી આવકમાં વધારો થયો છે, તો રિટર્નની સંખ્યામાં પણ વધારો થયો છે. કાળાબજાર અને દાણચોરી પણ ઘટી છે. સમગ્ર દેશમાં એક સમાન વસ્તુ પર સમાન કર છે.**




### 4 નામ હેઠળ જીએસટી સિસ્ટમ લાગુ

**સેન્ટ્રલ ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ**
**Central Goods and Service Tax (CGST)**
એક જ રાજ્યના બે પક્ષો (વેપારીઓ) વચ્ચે સોદો થાય તો કેન્દ્રનાં હિસ્સા રૂપે CGST ચૂકવવો પડે છે.

**સ્ટેટ ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ**
**(SGST)| State Goods and Service Tax**
એક જ રાજ્યના બે પક્ષો (વેપારીઓ) વચ્ચે સોદો થાય તો રાજ્યના હિસ્સા તરીકે SGST ચૂકવવો પડે છે.

**યુનિયન ટેરિટરી ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ**
**Union Territory Goods and Service Tax**
જો કોઈ સોદો કેન્દ્ર શાસિત રાજ્યનાં બે પક્ષો વચ્ચે થાય તો તે કેન્દ્ર શાસિત રાજ્યના હિસ્સાના રૂપમાં UTGST ચૂકવવો પડે છે.

**ઇન્ટિગ્રેટેડ ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ**
**(IGST)Integrated Goods and Service Tax**
જો કોઈ સોદો બે અલગ અલગ રાજ્યોના વેપારીઓ વચ્ચે થાય તો કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેનો હિસ્સો એક સાથે આઈજીએસટી તરીકે ચૂકવવો પડે છે. તે કેન્દ્ર સરકારને આપવામાં આવે છે. કેન્દ્ર રાજ્યનો હિસ્સો આપી દે છે. ●



## ડોક્ટર્સ ડે- 1 જુલાઇ

# માનવતાના દેવદૂત

**ઈશ્વર કોઈ પણ જીવને એક વાર જીવન આપીને મોકલે છે, પણ ડોક્ટર તેને વારંવાર જીવન આપે છે. કોવિડ જેવી વૈશ્વિક મહામારી વચ્ચે આપણે ઘરોમાં પૂરાઈ ગયા હતા ત્યારે ડોક્ટર અને નર્સ ધરતી પર માનવતાના દેવદૂત બનીને આવ્યા, જેઓ મુશ્કેલીના સમયમાં આપણા રક્ષક બનીને ઊભા રહ્યા. એક અહેવાલ પ્રમાણે કોવિડ સામે લડતી વખતે આશરે 1490 ડોક્ટરોએ પોતાનાં જીવ ગુમાવ્યાં હતાં, જેથી આપણે અને દેશ આ યુધ્ધમાં વિજેતા બનીને બહાર આવીએ. 1 જુલાઈનાં રોજ નેશનલ ડોક્ટર્સ ડે પર આપણા જીવનું રક્ષણ કરતા આ દેવદૂતોને નમન કરીએ....**

**ડોક્ટર બીસી રોયની સ્મૃતિમાં મનાવવામાં આવતો આ દિવસ આપણા ડોક્ટર્સ, આપણા મેડિકલ સમુદાયના સર્વોચ્ચ આદર્શોનું પ્રતીક છે. ખાસ કરીને, કોવિડ કાળમાં આપણા ડોક્ટરોએ જે રીતે દેશવાસીઓની સેવા કરી છે, તે એક ઉદાહરણ છે. હું 130 કરોડ દેશવાસીઓ તરફથી દેશનાં તમામ ડોક્ટરોને ધન્યવાદ આપું છું, આભાર પ્રગટ કરું છું.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



29 જાન્યુઆરી, 2020નો એ દિવસ હતો, જ્યારે પૂણેની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજીની લેબોરેટરીમાં ડાયરેક્ટર પ્રિયા અબ્રાહમની ટીમને પહેલી વાર ત્રણ લોકોનાં સેમ્પલમાં કોવિડ વાયરસ મળ્યો. આ ત્રણેય લોકો વુહાનથી પાછા આવ્યા હતા. કેસની પુષ્ટિ થતાં એક અજાણ્યા ડરે ઘેરી લીધો. એક એવી બિમારી જેની સારવાર કઈ રીતે કરવી તેની કોઇને ખબર નહોતી. પ્રિયા અબ્રાહમ અને તેમની ટીમે જ્યારે ભારતમાં પ્રથમ કેસની પુષ્ટિ કરી ત્યારે પૂણેની નેશનલ વાયરોલોજી ઈન્સ્ટિટ્યૂટ દેશની એક માત્ર લેબ હતી, જ્યાં કોવિડ ટેસ્ટિંગની સુવિધા હતી. આ અજાણી બિમારીનો ડર ધીરે ધીરે ફેલાઈ રહ્યો હતો અને સૌથી મોટી મુશ્કેલી હતી દેશનાં હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની. એક નવો વાયરસ જેની સામે લડવાની રીત કોઈને ખબર નહોતી. વળી, વાયરસનું સ્વરૂપ સતત બદલાતું હતું તેમ છતાં કોવિડ સામે લડવામાં જેટલાં પડકારો આવ્યા તેનો સામનો આપણા વૈજ્ઞાનિકો અને ડોક્ટરોએ કર્યો. નવાં ઉકેલ શોધ્યા, અસરકારક દવાઓ બનાવી. કડક લોકડાઉન અમલી હતું ત્યારે આપણા ડોક્ટરો અને વૈજ્ઞાનિકો રસી શોધવામાં વ્યસ્ત હતા. આ ઉપરાંત, કલાકો સુધી ફરજ પર હાજર

## ભારતમાં 195 કરોડથી વધુ વેક્સિન ડોઝ

- આટલી રસીમાં સમગ્ર આફ્રિકાને પ્રથમ ડોઝ આપી શકાય તેમ છે અને એક તૃતીયાંશ આફ્રિકાને બીજો ડોઝ.
- યુરોપની સમગ્ર વસતિને બંને ડોઝ લગાવ્યા બાદ પણ 50 ટકાથી વધુ વસતિને પ્રિકોશન ડોઝ લગાવી શકાય તેમ છે.
- સમગ્ર દક્ષિણ અને ઉત્તર અમેરિકાને બંને ડોઝ લગાવ્યા બાદ પણ રસી બચશે.
- સમગ્ર ઓશિનિયા (ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ સહિત અન્ય દેશોને 20થી વધુ વાર ડબલ ડોઝ આપી શકાય છે.

### દેશમાં 89 ટકા વસતિને બંને ડોઝ આપી દેવાયા

કોવિડ રસીકરણ અંતર્ગત દેશમાં 16 જૂન સુધી 195.67 કરોડથી વધુ રસી લગાવી દેવામાં આવી છે. આ સાથે, દેશની 89 ટકાથી વધુ પુખ્ત વસતિને રસીના બંને ડોઝ લગાવી દેવામાં આવ્યા છે. 12થી 14 વર્ષનાં 75 ટકાથી વધુ બાળકોને રસીનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યા છે. 16 જૂન સુધી કોવિડના સક્રિય કેસોની સંખ્યા 58215 હતી, જ્યારે છેલ્લાં 24 કલાકમાં 12,213 નવા કેસ સામે આવ્યા.

## ભારતમાં 1 જુલાઇએ ડોક્ટર્સ ડે મનાવવા પાછળનું કારણ

ભારતમાં 1 જુલાઇને નેશનલ ડોક્ટર્સ ડે તરીકે મનાવવામાં આવે છે. આ દિવસ દેશનાં મહાન ડોક્ટર અને પશ્ચિમ બંગાળના ભૂતપુર્વ મુખ્યમંત્રી ડો. બિધાનચંદ્ર રોયની યાદમાં મનાવવામાં આવે છે. તેમનો જન્મ 1 જુલાઇ, 1882નાં રોજ પટણામાં થયો હતો અને 1 જુલાઇ, 1962નાં રોજ 80 વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું. બિધાનચંદ્ર રોયની ગણના



દેશનાં મહાન ડોક્ટર્સમાં કરવામાં આવે છે. વિશ્વભરમાં મેડિકલ ક્ષેત્રે તેમનું યોગદાન અસાધારણ હતું. બિધાનચંદ્ર રોય ડોક્ટરની સાથે સાથે સમાજસેવક, આંદોલનકારી, સ્વતંત્રતા સેનાની અને રાજનેતા પણ હતા. મહાત્મા ગાંધીના આગ્રહથી સક્રિય રાજકારણમાં પ્રવેશેલા બી સી રોયે દેશના સ્વતંત્રતા સંગ્રામમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમનાં વિષે એક વાત બહુ જાણીતી છે કે તેઓ જે પણ આવક મેળવતા હતા તે બધી દાનમાં આપી દેતા હતા. વર્ષ 1961માં ડો. બી સી રોયને દેશનાં સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડોક્ટર બી સી રોયના સન્માનમાં જ 1991થી 1 જુલાઇનાં રોજ ભારતમાં નેશનલ ડોક્ટર્સ ડે મનાવવામાં આવે છે.

રહીને કોવિડ સામેની લડાઇમાં દરેકના દર્દીનો જીવ બચાવવાનું પણ કામ કર્યું. ભારતની વસતિ પણ આ પડકારનો સામનો કરવાનું અઘરું બનાવી દે છે. તેમ છતાં, કોવિડ દરમિયાન એક લાખની વસતિ દીઠ સંક્રમણ અને મૃત્યુ દર જોઇએ તો ભારતની સ્થિતિ મોટાં અને વિક્સિત દેશોની સરખામણીમાં ઘણો ઓછો હતો. કોઇનું પણ જીવન કસમયે સમાપ્ત થઇ જાય એ દુઃખદ છે પણ ભારતે કોવિડથી લાખો લોકોનાં જીવન બચાવ્યા છે. તેનો બહુ મોટો શ્રેય દેશનાં મહેનતુ ડોક્ટર્સ, આપણા હેલ્થકેર વર્કર્સ, ફ્રન્ટલાઇન વર્કર્સને જાય છે.

**રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સાવચેતી રાખવાનો નિર્દેશઃ** દેશભરમાં કોવિડ-19 સંક્રમણથી સતત વધી રહેલાં કેસોને જોતાં કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સાવચેત રહેવા જણાવ્યું છે. તેમણે કોવિડ સંક્રમિત કેસો રોકવા, નિયંત્રણ અને નવા કેસોનું વહેલું નિદાન કરવાના પ્રયાસો ચાલુ રાખવાના નિર્દેશ પણ આપ્યા છે. આ ઉપરાંત, આરોગ્ય મંત્રી મનસુખ માંડવિયાએ 13 જૂનનાં રોજ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના આરોગ્ય મંત્રીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક યોજી હતી. બેઠકમાં આરોગ્ય મંત્રીએ અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકો અને અન્ય નાગરિકોને સમયાંતરે રસી મળે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકાર દ્વારા ચલાવવામાં આવેલા 'હર ઘર દસ્તક 2.0 અભિયાન'ને ઝડપી કરવાનો પણ આગ્રહ કર્યો. ●




# સ્વતંત્રતા સંગ્રામમાં દેશે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નો ઉત્કૃષ્ટ પરિચય આપ્યો હતો

એક જમાનામાં આપણા સાંસ્કૃતિક વારસા, ભાષા, ખાણીપીણી અને વેશભૂષાની વિવિધતાને આપણી નબળાઈ માનવામાં આવતી હતી. પણ આઝાદીના આંદોલનમાં આપણે દુનિયા સામે સાબિત કરી આપ્યું કે આ વિવિધતા જ આપણી શક્તિ છે. એ જ આપણી તાકાત છે અને વિવિધતામાં એકતા ભારતની વિશેષતા છે. આઝાદીના આંદોલનમાં ગુજરાત હોય કે બંગાળ, દક્ષિણ ભારત હોય કે ઉત્તર પૂર્વનાં રાજ્યો કે પછી ઉત્તર ભારતનાં રાજ્યો. બધાંએ સાથે મળીને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'નો ઉત્કૃષ્ટ પરિચય આપ્યો હતો. આ આંદોલને બંગાળથી માંડીને ગુજરાત સુધી અને કાશ્મીરથી લઈને કન્યાકુમારી સુધી વિશાળ ભારતીય સમાજને આંદોલિત કરવાનું કામ કર્યું.

"

હાલમાં આપણે આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યા છીએ. સેંકડો વર્ષોની ગુલામીમાં, આટલી લાંબી આઝાદીની લડાઈમાં આપણી સૌથી મોટી તાકાત કઈ હતી? હાર ન માનવાની આપણી આદત આપણી સૌથી મોટી તાકાત હતી. આપણા અંગત સ્વાર્થથી ઉપર ઉઠીને દેશ માટે, માનવતા માટે વિચારવાના અને જીવવાના આપણા સંસ્કાર આઝાદીના અમૃત મહોત્સવમાં આ સ્પિરિટને લઈને આપણે આગળ વધી રહ્યા છીએ.

-નરેન્દ્ર મોદી,વડાપ્રધાન

આપણને મોટી તપસ્યા, ભારે સંઘર્ષ અને અનેક બલિદાનો બાદ દેશને આઝાદી મળી છે. આપણા સ્વતંત્રતા સેનાનીઓને શ્રધ્ધાંજલિ આપવા અને દેશનાં ગૌરવપૂર્ણ ભૂતકાળને નમન કરવા માટે આજે ભારત સરકાર આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહી છે, જે ભારતના ભવિષ્યને વધુ સારું બનાવવાનો કાર્યક્રમ છે. વર્ષો પહેલાં ભારતે સ્વતંત્રતાના આંદોલનનું વડપણ સંભાળ્યું હતું અને એક નવો માર્ગ ચિંધ્યો હતો અને સાબિત કરી આપ્યું કે લોહી રેડ્યાં વિના પણ આઝાદી પ્રાપ્ત કરી શકાય છે. આઝાદીનો અમૃત મહોત્સવ માત્ર દેશ જ નહીં, પણ સમગ્ર વિશ્વ માટે મહત્વપૂર્ણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાન પર મનાવવામાં આવી રહેલા આઝાદીના અમૃત મહોત્સવમાં સમગ્ર દેશમાં અત્યાર સુધી 25,000થી વધુ કાર્યક્રમ થયા છે. આઝાદીનાં અમૃત મહોત્સવની શ્રૃંખલામાં આ અંકમાં ગુજરાતની ધરતીના વીર સપૂત સુમંત મહેતા, પંજાબની વીરાંગના સુશીલા ચૈન ત્રેહાન, પશ્ચિમ બંગાળના સેનાની અમરેન્દ્રનાથ ચેટરજી અને ઓડિશાના આલેખ પાત્રાની કહાની, જેમણે ભારત માતાની આઝાદી માટે પોતાનું સર્વસ્વ કુરબાન કરી દીધું.

# સુમંત મહેતાઃ જેઓ પત્નીની પ્રેરણાથી સત્યાગ્રહનાં માર્ગે નીકળી પડ્યા

**જન્મઃ 1 જુલાઈ, 1877 | મૃત્યુઃ 15 ડિસેમ્બર 1968**

પત્ની પાસેથી પ્રેરણા લઈને ભારતની આઝાદી માટે જીવન સમર્પિત કરનાર સુમંત મહેતાએ ડોક્ટર તરીકે પણ લોકોની સેવા કરી અને આજીવન ગરીબોનાં કલ્યાણ માટે કામ કરતા રહ્યા. સુરતમાં 1 જુલાઈ, 1877નાં રોજ જન્મેલા સુમંત મહેતાએ ઈંગલેન્ડમાં ડોક્ટરનો અભ્યાસ કર્યો. ઉચ્ચ અભ્યાસ માટે ઈંગલેન્ડ જતાં પહેલાં જ તેમનાં લગ્ન શારદા મહેતા સાથે થઈ ગયા હતા. ત્યાંથી પાછા આવ્યા બાદ બરોડા સ્ટેટના મહારાજા ગાયકવાડ પરિવારના અંગત ડોક્ટર તરીકે જોડાયા. તેમનાં પત્ની શારદાબહેન સામયિકોમાં લેખ, અનુવાદ અને બાળ સાહિત્ય પર લખવાનું કામ કરતા હતા. જો કે શારદા મહેતા રાષ્ટ્ર માટે કંઈક કરવા માંગતા હતા. પત્નીની દેશસેવામાંથી પ્રેરણા લઈને ડો. સુમંત મહેતાએ ગાયકવાડી નોકરી છોડીને રાજકીય અને રચનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાઈ ગયા. તેઓ શારદાબહેન સાથે મહાત્મા ગાંધીને મળ્યા અને આઝાદીના આંદોલનમાં જોડાઈ ગયા. યુરોપ પ્રવાસ દરમિયાન તેમની મુલાકાત મેડમ કામા, શ્યામજી કૃષ્ણ વર્મા અને વીરેન્દ્રનાથ ચેટરજી જેવા ક્રાંતિકારીઓ સાથે થઈ, જેમનાંથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદનું જીવન અને તેમનાં ધાર્મિક ગ્રંથોની પણ તેમનાં પર ઘણી અસર પડી હતી. શારદા મહેતા પણ સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયેલા હતા અને સામાજિક-શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહેતા હતા. મહાત્મા ગાંધીએ એક વાર કહ્યું હતું, "આવતા જન્મમાં હું શારદા મહેતાની કૂખે જન્મ લેવા માંગું છું." 1928માં થયેલા બારડોલી સત્યાગ્રહમાં સુમંત મહેતાએ ભાગ લીધો હતો. આ સત્યાગ્રહ દરમિયાન તેમણે સરભોણ આશ્રમની જવાબદારી સંભાળી હતી અને આ દરમિયાન તેમની સંગઠન ક્ષમતાથી સરદાર વલ્લભભાઈ પટેલ અને મહાત્મા ગાંધી ખૂબ પ્રભાવિત થયા હતા. એ પછી તેઓ ભારતના સ્વતંત્રતા સંઘર્ષમાં સતત સક્રિય રહ્યા અને અનેક વાર જેલ પણ ગયા. સવિનય કાનૂન ભંગની ચળવળમાં ભાગ લેવાને કારણે તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને જલાલપોર જેલમાં પૂરી દેવામાં આવ્યા. આઝાદીના આંદોલનમાં ભાગ લેવાને કારણે તેમને સાબરમતી, વીસાપુર અને નાસિકની જેલોમાં પણ પાંચ વર્ષ વીતાવવા પડ્યા. પર્યાવરણ અને પ્રકૃતિના હિમાયતી હોવાને કારણે તેઓ પોતાની ચિકિત્સા પધ્ધતિમાં દેશી અને આયુર્વેદિક સારવાર પર ભાર મૂકતા હતા. તેમણે 1936માં કલોલ પાસે શેરથામાં એક આશ્રમની સ્થાપના કરી અને આજીવન ખેડૂત, મજૂર અને આદિવાસીઓનાં કલ્યાણ તથા તેમનાં જીવન ઉત્થાન માટે કાર્ય કરતા રહ્યા. તેમણે 'આત્મકથા' નામની આત્મકથા લખી હતી, જે 1971માં મરણોત્તર પ્રકાશિત થઈ હતી.

> **ડો. સુમંત મહેતાએ ગાયકવાડી રાજમાં ડોક્ટરની નોકરી છોડી દીધી હતી. પત્ની શારદાબહેન સાથે મહાત્મા ગાંધીને મળ્યા બાદ તેઓ આઝાદીના આંદોલનમાં જોડાઈ ગયા.**

# અલેખ પાત્રાએ 18 વર્ષની વયમાં જ સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવાનું શરૂ કરી દીધું હતું

જન્મઃ **1 જુલાઈ, 1923** મૃત્યુઃ **17 નવેમ્બર, 1999**

ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેનાર અલેખ પાત્રા ભારતીય રાષ્ટ્રવાદના ટોચના નેતા હતા. તેમણે ઓડિશાના વિવિધ વિસ્તારોમાં નાગરિક અધિકાર અને પર્યાવરણ સંરક્ષણ માટેની ઝુંબેશોમાં નાગરિકોને ભાગ લેવા માટે પ્રેરણા આપી હતી. 1 જુલાઇ, 1923નાં રોજ ઓડિશાના પુરીમાં જન્મેલા અલેખ પાત્રા નાનપણથી જ દેશભક્તિની ભાવનાથી ઓતપ્રોત હતા. માત્ર 18 વર્ષની વયે તેમણે સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવાનું શરૂ કરી દીધું હતું. કહેવાય છે કે સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન તેમણે પોતાના મિત્રો સાથે મળીને નિમાપાડા જેલ સળગાવી દીધી હતી. આ ઘટના દરમિયાન પોલિસે આંદોલનકારીઓને રોકવા માટે ગોળીબાર કર્યો, જેમાં તેમનાં નજીકના સહયોગીનું સ્થળ પર જ મૃત્યુ થયું. ઘટના સ્થળે જ અલેખ પાત્રાની ધરપકડ કરવામાં આવી અને તેમને પુરીની જેલમાં પૂરવામાં આવ્યા. જેલમાં પણ તેમનાં પર અત્યાચાર કરવામાં આવતો હતો પણ મજબૂત મનોબળને કારણે તેઓ જરા પણ વિચલિત ન થયા. જેલમાંથી છૂટ્યા બાદ તેમણે બ્રિટિશ સંસ્થાનવાદ સામે પોતાની ભૂગર્ભ પ્રવૃત્તિ ચાલુ રાખી અને કોલકતા જતા રહ્યા. ત્યાં તેમણે એક ઘરમાં નોકર તરીકે કામ કર્યું. જો કે તેઓ વધુ દિવસો સુધી કોલકતામાં ન રહ્યા કારણ કે તેઓ આચાર્ય હરિહર અને ગોપબંધુ દાસ સાથે મળીને સ્વતંત્રતા સંગ્રામમાં ખુલીને ભાગ લેવા માંગતા હતા. તેમનાં સ્વતંત્રતા સેનાની મિત્રો પણ ઇચ્છતા હતા કે તેઓ ભૂગર્ભમાં કામ ન કરે પણ જાહેરમાં આવીને અંગ્રેજો સામે આઝાદીની લડાઈ લડે. તેમણે, કોલકતાથી પુરી પાછા આવવાનો નિર્ણય કર્યો. તેઓ કોલકતાથી પુરી આવી રહ્યા હતા ત્યારે પોલિસે તેમની ધરપકડ કરીને ફરીથી જેલમાં પૂરી દીધા. જેલવાસ દરમિયાન તેઓ મહાત્મા ગાંધીના નિર્દેશોનું પાલન કરતા હતા અને પોતાનાં કપડાં બનાવવા સૂતર કાંતતા હતા. તેઓ સ્વચ્છતાના આગ્રહી હતા અને શૌચાલયોની સફાઈ પણ કરતા હતા. જેલમાંથી છૂટ્યા બાદ તેઓ સ્વરાજ,  ગૃહ વહીવટ અને અન્ય સર્વોદય કાર્યોની તાલીમ લેવા માટે વર્ધા જતા રહ્યા. ત્યાંથી પાછા ઓડિશા આવ્યા બાદ સમાજ સુધારા માટે કામ કરતા રહ્યા. દેશ આઝાદ થયા પછી તેમને કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા. આઝાદી બાદ પણ તેઓ લોક કલ્યાણ માટે કામ કરતા રહ્યા અને સતત સક્રિય રહ્યા. 17 નવેમ્બર, 1999નાં રોજ 76 વર્ષની વયે તેમનું અવસાન થયું.

# અમરેન્દ્રનાથ ચેટરજીએ દેશની આઝાદી માટે ક્રાંતિનો રસ્તો અપનાવ્યો

જન્મઃ **1 જુલાઇ, 1880.** મૃત્યુઃ **4 સપ્ટેમ્બર, 1957**

યુગાંતર જૂથનાં ટોચનાં નેતાઓમાં ગણાતા અમરેન્દ્રનાથ ચેટરજી પ્રસિધ્ધ ક્રાંતિકારી હતા, જેમની જવાબદારી સંગઠનના આંદોલનને વેગ આપવા માટે નાણા એકત્ર કરવાની હતી. તેમની ક્રાંતિકારી પ્રવૃત્તિ મુખ્યત્વે બિહાર, ઓડિશા અને સંયુક્ત પ્રાંતમાં કેન્દ્રીત હતી. અભ્યાસ દરમિયાન તેમની મુલાકાત એવાં યુવાનો સાથે થઈ જેઓ અંગ્રેજોને દેશમાંથી હાંકી કાઢવા ક્રાંતિકારી પધ્ધતિઓ અપનાવવામાં માનતા હતા. તેમાં ઉપેન્દ્રનાથ બેનરજી અને ઋષિકેશ કાંજીલાલ મુખ્ય છે. સ્નાતક થયા પછી તેઓ તેમનાં મિત્રે સુરેન્દ્રનાથ બેનરજી સાથે ભારતનાં પ્રવાસે ગયા અને સામાજિક સેવા કેન્દ્રો શરૂ કર્યા અને યુગાંતર જૂથ સાથે જોડાયા, જ્યાં વિવિધ સ્થળોએ શાખાઓ દ્વારા નવયુવકોને એકત્ર કરવામાં આવતા હતા અને તેમને માનસિક અને શારીરિક રીતે શક્તિશાળી બનાવવામાં આવતા હતા જેથી અંગ્રેજોનો સામનો કરી શકાય. આ સંગઠન ગુપ્ત રીતે બોંબ બનાવવા, શસ્ત્ર ચલાવવાની તાલીમ આપવી અને અંગ્રેજ અધિકારીઓની

# સુશીલા ચૈન ત્રેહાનઃ અંતિમ શ્વાસ સુધી દેશની સેવા કરતાં રહ્યાં

જન્મઃ **1 જુલાઈ, 1923** મૃત્યુઃ **28 સપ્ટેમ્બર, 2011**

સુશીલા ચૈન ત્રેહાને બ્રિટિશ સરકાર સામે લડવાની સાથે સાથે પંજાબનાં ગામડાંઓમાં જઈને છોકરીઓને શિક્ષિત કરવાનું કામ પણ કર્યું હતું. પંજાબના પઠાણકોટમાં 1 જુલાઈ, 1923નાં રોજ જન્મેલાં સુશીલા ચાર ભાઈ બહેનોમાં સૌથી નાના હતા. તેમનાં પિતા મથુરાદાસ ત્રેહાન વ્યવસાયે કોન્ટ્રાક્ટર હતા અને પઠાણકોટમાં કોંગ્રેસ પાર્ટીના સંસ્થાપકોમાંના એક હતા. સુશીલા કિશોર વયનાં હતાં ત્યારે આર્ય સમાજનાં સભ્ય બન્યાં હતાં. એક વાર આર્ય સમાજની બેઠકમાં હાજર હતાં ત્યારે પોલિસે તેમને માર્યાં હતાં, એ સમયે તેમણે અંગ્રેજો સામે લડવાનો નિર્ધાર કર્યો. તેઓ નાના હતાં ત્યારે રહસ્યમય સ્થિતિમાં પિતાનું અવસાન થયું. આ દરમિયાન, સુશીલાનાં હાથમાં એક પુસ્તક આવ્યું જેને વાંચીને તેમની અંદર ભારતને સ્વતંત્ર કરાવવાની ઈચ્છા બળવાન બની. તેમણે ભગત સિંહ વિષે પણ ખૂબ વાંચ્યું હતું. થોડાં સમય બાદ તેમની મુલાકાત શકુંતલા આઝાદ નામની મહિલા સાથે થઈ અને તેમનાંથી પ્રભાવિત થઈને માત્ર 18 વર્ષની વયે ઘર છોડી દીધું. એ પછી તેમણે પોતાનું જીવન આઝાદી માટે સમર્પિત કરી દીધું. તેઓ ભૂગર્ભમાં રહીને આઝાદીની રણનીતિ બનાવવા લાગ્યાં અને માતૃભૂમિને મુક્ત કરાવવા માટે પોલિસના ડંડા પણ ખાધા. ભારતની સ્વતંત્રતા માટે લડવા સજ્જ સુશીલા મહિલાઓને શિક્ષીત કરવા માટે અને તેમને આત્મનિર્ભર બનાવવા માટે સાઈકલ પર લાંબુ અંતર કાપીને દૂરના ગામડામાં પણ જતા હતાં. તેઓ ગામડાંની મહિલાઓને રસોઈ, સિલાઈ કામ અને સફાઈ માટે પ્રોત્સાહિત કરતાં હતાં. એ જમાનામાં છોકરીઓ સાઈકલ ચલાવે તેને સારું ગણવામાં આવતું નહોતું. ગામના અને સમાજનાં લોકો દ્વારા થતી ટીકાની અવગણના કરીને તેમણે પોતાનું કામ ચાલુ રાખ્યું. દેશ આઝાદ થયો પછી પણ તેમણે બાળકોને શિક્ષણ આપવાનું ચાલુ રાખ્યું અને ત્રણ કન્યાશાળાઓ અને એક સહશિક્ષણ શાળા ખોલી. તેઓ ગ્રામ પંચાયતમાં પ્રથમ મહિલા સભ્ય હતાં. 2011માં અવસાન થયું ત્યાં સુધી તેઓ દહેજ, ઘરેલુ હિંસા, જ્ઞાતિવાદ સામે લડતાં રહ્યાં. ●

**અમરેન્દ્રનાથ ચેટરજી 1815માં પાંચ વર્ષ માટે ભૂમિગત થઈ ગયા અને વેશ બદલીને એક સ્થળેથી બીજા સ્થળે છુપાતા રહ્યા.**

હત્યા કરવા જેવા હિંસક કામમાં પણ સામેલ હતું. આ સંગઠનના સક્રિય સભ્યો અંગ્રેજો માટે કામ કરતા ભારતીય દેશદ્રોહીઓને પણ નિશાન બનાવતા હતા. પશ્ચિમ બંગાળના હુગલીમાં ઉત્તરપાડામાં 1 જુલાઈ, 1897નાં રોજ ઉપેન્દ્રનાથ ચેટરજીનાં ઘરમાં તેમનો જન્મ થયો હતો. પ્રારંભમાં તેમણે જતીન્દ્રનાથ મુખરજીને ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં સાથ આપ્યો. બાદમાં 1907માં તેમની મુલાકાત અરવિંદો ઘોષ સાથે થઈ અને તેઓ દેશને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદ કરાવવા માટે સંપૂર્ણપણે સમર્પિત થઈ ગયા. કહેવાય છે કે અરવિંદોએ જ તેમને ક્રાંતિકારીઓની મદદ માટે ભંડોળ એકત્ર કરવા પ્રોત્સાહિત કર્યા હતા. 1815માં પાંચ વર્ષ માટે તેઓ ભૂમિગત થઈ ગયા અને વેશ બદલીને એક સ્થળેથી બીજા સ્થળે આવતા જતા રહ્યા. એ સમયે અંગ્રેજોએ તેમનાં શિરે 10,000 રૂપિયાનું ઈનામ પણ જાહેર કર્યું હતું. બંગાળની પ્રથમ રાજકીય કેદી નનીબાલા દેવી અમરેન્દ્રનાથ ચેટરજીનાં દૂરનાં સંબંધી હતા અને તેમનાંથી પ્રેરાઈને તેઓ ક્રાંતિકારી પ્રવૃત્તિમાં જોડાયાં હતાં. તેમણે ચંદન નગરમાં ભાડાનું મકાન લઈને અમરેન્દ્રનાથ ચેટર્જી ઉપરાંત યુગાંતરના મુખ્ય ક્રાંતિકારીઓ જાદુ ગોપાલ મુખર્જી, શિવ ભૂષણ દત્ત વગેરેને આશરો આપ્યો હતો. 1923માં અમરેન્દ્રનાથ ચેટરજી કેટલાંક દિવસો માટે જેલમાં પણ રહ્યા અને તે પછી તેમણે બીજી રીતે પોતાની સક્રિયતા વધારી. સ્વતંત્રતા મળ્યા પછી પણ તેઓ સક્રિય રહ્યા. 4 સપ્ટેમ્બર, 1957નાં રોજ 77 વર્ષની વયે પશ્ચિમ બંગાળમાં તેમનું અવસાન થયું. તેમના હોમટાઉન ઉત્તરપાડાનાં મુખ્ય માર્ગ પર તેમની પ્રતિમા લગાવવામાં આવી છે.

# મા

"હું મારી માતાની આ જીવન યાત્રામાં દેશની સંપૂર્ણ માતૃશક્તિનાં તપ, ત્યાગ અને યોગદાનના દર્શન કરું છું."

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

માનો સંઘર્ષ, તેમનાં આદર્શ, જળ સંરક્ષણ, પશુ-પક્ષી પ્રેમ, ખોટું કામ ન કરવાની શીખ, ગરીબો માટે કામ કરવાની અને પોતાને સ્વસ્થ રાખવાની સલાહ અંગે 'મા' નામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બ્લોગ લખ્યો છે. તેમનાં જ શબ્દોમાં વાંચો એક આદર્શ મા અને નારીની શક્તિ....

મા કે માતા – શબ્દકોશમાં આ માત્ર શબ્દ જ નથી. આ શબ્દમાં તમામ પ્રકારની લાગણીઓ સમાઈ જાય છે – પ્રેમ, ધૈર્ય, વિશ્વાસ વગેરે. દુનિયાભરમાં કોઈ પણ દેશ કે વિસ્તારમાં બાળકો તેમની માતા પ્રત્યે વિશેષ લાગણી ધરાવે છે. માતા તેના બાળકને જન્મ આપવાની સાથે તેમની પ્રથમ ગુરુ પણ છે. માતા બાળકના માનસનું, તેના વ્યક્તિત્વનું ઘડતર કરે છે અને તેને આત્મવિશ્વાસ આપે છે. આ પ્રક્રિયામાં માતા પોતાની અંગત જરૂરિયાતો અને આકાંક્ષાઓનો નિઃસ્વાર્થપણે ત્યાગ કરે છે.

આજે હું બહુ ખુશ છું. મારી લાગણીને તમારી સાથે વહેંચતા વિશેષ આનંદ થાય છે કે, મારી માતા શ્રીમતી હીરાબા તેમના 100મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે. જો આજે મારા પિતા હયાત હોત, તો તેમણે પણ ગયા અઠવાડિયે તેમના 100મા જન્મદિવસની ઉજવણી કરી હોત. વર્ષ 2022 એક વિશેષ વર્ષ છે, કારણ કે મારી માતાનાં જીવનનું 100મું વર્ષ શરૂ થઈ રહ્યું છે અને મારા પિતાએ 100મું વર્ષ પૂર્ણ કર્યું હોત.

હજુ ગયા અઠવાડિયે મારા ભત્રીજાએ ગાંધીનગરથી માતાના થોડા વીડિયો શેર કર્યા હતા. સમાજમાંથી થોડાં યુવાનો ઘરે આવ્યાં હતાં, મારા પિતાનો ફોટોગ્રાફ ખુરશીમાં મૂક્યો હતો અને ભજન થતા હતા. આ સમયે મારી માતા મંજીરા વગાડતાં ભજનો ગાવામાં એકાકાર થઈ ગયા હતા. તેમની ઊર્જા અને ભક્તિભાવ હજુ અગાઉ જેવો જ છે – ઉંમરને લીધે શરીરને અસર થઈ છે, પણ તેઓ મનથી હજુ પણ સાબૂત છે, તેમનું મનોબળ હજુ પણ મક્કમ અને મજબૂત છે.

અગાઉ અમારા પરિવારમાં જન્મદિવસોની ઉજવણી કરવાની કોઈ પરંપરા નહોતી. જોકે યુવા પેઢીના બાળકોએ મારા પિતાના જન્મદિવસે તેમની યાદગીરીમાં 100 વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

મને કોઈ શંકા નથી કે, મારા જીવનમાં જે કંઈ પણ સારું થયું છે, મારો જે વિકાસ થયો છે અને મારા ચરિત્રનું ઘડતર થયું છે, તે મારા માતાપિતાને આભારી છે. અત્યારે જ્યારે હું દિલ્હીમાં છું, ત્યારે મારાં મનમાં ભૂતકાળની યાદો તાજી થઈ રહી છે.

મારી માતા અસાધારણ હોવાની સાથે સરળ છે. અન્ય તમામ માતાઓ જેવી! જ્યારે હું મારી માતા વિશે લખી રહ્યો છું, ત્યારે મને ખાતરી છે કે, મારી માતા સાથે જોડાયેલી વાતો સાથે તમારામાંથી ઘણાંને તેમની માતા સાથે જોડાયેલી લાગશે. આ લેખની સાથે તમને કદાચ તમારી માતાની છબી પણ દેખાય એવું બની શકે.



**❝ જ્યારે પણ હું મા અને તેમનાં જેવી કરોડો મહિલાઓની તાકાત જોઉં છું ત્યારે મને એવું કોઇ પણ લક્ષ્ય નથી દેખાતું જે ભારતની બહેન-દીકરીઓ માટે અશક્ય હોય. ❞**

કોઈ માતાનું તપ એક સારાં મનુષ્યનું સર્જન કરે છે. તેમની લાગણી બાળકમાં માનવીય મૂલ્યો અને સંવેદના જેવા ગુણો કેળવી શકે છે. એક માતા અલગ વ્યક્તિ કે જુદું વ્યક્તિત્વ નથી, માતૃત્વ એક ગુણ છે, એક ખાસિયત છે. ઘણી વાર આપણે સાંભળીએ છીએ કે ઈશ્વરનું સર્જન

તેમના ભક્તોની પ્રકૃતિ અનુસાર થાય છે. એ જ રીતે આપણે આપણી માતાઓ અને તેમનું માતૃત્વ આપણી પોતાની પ્રકૃતિ અને માનસિકતા અનુસાર અનુભવીએ છીએ.

મારી માતાનો જન્મ ગુજરાતમાં મહેસાણાના વિસનગરમાં થયો હતો, જે મારા વતન વડનગરની નજીક છે. તેમને તેમની પોતાની માતાનો પ્રેમ મળ્યો નહોતો. નાની વયે તેમણે મારા નાનીને સ્પેનિશ ફ્લૂ મહામારીમાં ગુમાવી દીધા હતા. તેમને મારી નાનીનો ચહેરો પણ યાદ નથી. તેમની પાસે મારી નાનીમાના ખોળામાં પસાર થયેલી બાળપણની યાદો પણ નથી. મારા માતાએ તેમનું સંપૂર્ણ બાળપણ તેમની માતા વિના પસાર કર્યું હતું. આપણા બધાને જે લાડકોડ મળ્યાં છે, તેનો અનુભવ મારી માતા મેળવી શકી નહોતી. જેમ આપણે આપણી માતાના ખોળામાં નિશ્ચિંત થઈને સૂતાં હતાં, તેમ મારી માતા તેમની માતાના ખોળામાં એ દૈવી અહેસાસ મેળવી શક્યાં નહોતાં. મારી માતા શાળામાં અભ્યાસ માટે પણ જઈ શક્યાં નહોતા એટલે સ્વભાવિક છે કે, તેમને લખતાં-વાચતાં આવડ્યું નથી. તેમનું બાળપણ ગરીબીમાં પસાર થયું હતું અને તમામ પ્રકારના સુખભોગ કે લાડકોડથી વંચિત રહ્યાં હતાં.

આજની સરખામણીમાં મારી માતાનું બાળપણ બહુ જટિલ સંજોગોમાં પસાર થયું હતું. કદાચ, કુદરતે તેમની આ જ નિયતિ ઘડી હતી. મારા માતા પણ માને છે કે, ઈશ્વરને ગમ્યું એ ખરું. પણ પોતાની બાલ્યાવસ્થામાં માતાને ગુમાવવી, પોતાની માતાનો ચહેરો જોવાનું પણ નસીબમાં ન હોવું એ હકીકતનું આજે પણ તેમને દુઃખ છે.

આ પ્રકારના સંઘર્ષ અને જટિલ સંજોગોને કારણે મારી માતાને બાળપણ માણવા મળ્યું જ નહોતું – તેમને ઉંમર કરતાં વધારે પરિપક્વ થવાની ફરજ પડી હતી. તેમના પરિવારમાં તેઓ સૌથી મોટું સંતાન હતાં અને લગ્ન પછી અમારા પરિવારમાં તેઓ સૌથી મોટી વહુ બન્યાં હતાં. પોતાના બાળપણમાં તેમણે સંપૂર્ણ પરિવારની જવાબદારી ઉઠાવી હતી અને તમામ પ્રકારની કામગીરી સારી રીતે પાર પાડતાં શીખી ગયા હતા. લગ્ન પછી પણ તેમણે અમારા પરિવારમાં તમામ જવાબદારીઓ ઉઠાવી લીધી હતી. ઘણી જવાબદારીઓ અને રોજિંદા સંઘર્ષો હોવા છતાં મારી માતાએ ધીરજ અને મક્કમ મનોબળ સાથે સંપૂર્ણ પરિવારને એક તાંતણે જોડી રાખ્યો છે.

અમારું કુટુંબ વડનગરમાં એક નાનાં ઘરમાં રહેતું હતું, જેમાં એક પણ બારી નહોતી. શૌચાલય કે બાથરૂમ જેવી




**“ માની તપસ્યા, તેમના સંતાનને સાચા માણસ બનાવે છે. માની મમતા, તેનાં સંતાનને માનવીય સંવેદનાઓથી ભરે છે. ”**

સુખ સુવિધાની વાત જ કેવી રીતે થાય! અમે અમારા ઘરને એક-રૂમનું ટેનામેન્ટ કહેતાં હતાં, જેમાં માટીની દિવાલો હતી અને છત પર નળિયાં હતાં. એવું હતું અમારું ઘર. તેમાં અમે બધા – મારા માતા પિતા, મારા ભાઈબહેનો અને હું રહેતાં હતાં.

મારા પિતાએ વાંસની લાકડીઓ અને લાકડાનાં પાટિયાઓમાંથી એક મચાન કે મંચ બનાવી દીધો હતો, જેથી મારી માતાને રસોઈ બનાવવામાં સરળતા રહેતી. આ અમારું રસોડું હતું. મારી માતા રાંધવા માટે તેના પર ચડી જતી અને આખો પરિવાર એના પર બેસીને એક સાથે જમતો હતો.

સામાન્ય રીતે, અછત કે અભાવ તણાવ જન્માવે છે. જોકે મારા માતા પિતા પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ જાળવી

## મા એક વ્યક્તિ નથી, એક વ્યક્તિત્વ નથી, મા એક સ્વરૂપ છે. આપણે ત્યાં કહે છે કે, જેવો ભક્ત તેવો ભગવાન



રાખવા રોજિંદા સંઘર્ષની ક્યારેય ચિંતા કરતાં નહોતાં. મારા માતાપિતાએ સમજી વિચારીને તેમની જવાબદારીઓ વહેંચી લીધી હતી અને તેમને પૂરી કરતાં હતાં.

જેમ ઘડિયાળ સતત આગળ ચાલે, તેમ મારા માતા પિતા તેમની ફરજ નિભાવતા. મારા પિતા સવારે ચાર વાગ્યે કામ પર જવા નીકળી જતાં હતાં. તેમના પગલાંનાં અવાજ પરથી પડોશીઓ સમજી જતાં કે સવારના ચાર વાગ્યા છે અને દામોદર કાકા કામ પર જઈ રહ્યા છે. તેમનો બીજો પણ એક નિયમ હતો – પોતાની ચાની નાની કિટલી ખોલતાં અગાઉ ગામના મંદિરમાં દર્શન કરવા જવું.

માતા પણ એટલી જ ચીવટ ધરાવતાં હતાં. તેઓ પણ મારા પિતા સાથે જાગી જતાં હતાં અને સવારે જ ઘણા કામ પૂરાં કરતાં હતાં. અનાજ દળવાથી લઈને ચોખા અને દાળને ચાળવી – તેમાં તેમને કોઈની મદદ મળતી નહોતી. તેઓ કામ કરતાં જાય અને સાથે સાથે તેમના મનપસંદ ભજનો અને કિર્તનો ગણગણતા જાય. તેમને ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતાનું એક ભજન બહુ પ્રિય હતું – 'જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે.' તેમને 'શિવાજીનું હાલરડું' પણ પસંદ હતું.

માતાએ ક્યારેય અપેક્ષા રાખી નહોતી કે, અમે, બાળકો અમારો અભ્યાસ પડતો મૂકીને તેમના ઘરકામમાં મદદ કરીએ. તેમણે અમને ક્યારેય મદદ કરવાનું કહ્યું પણ નહોતું. જોકે તેમને મહેનત કરતાં જોઈને અમે તેમને મદદ કરવાની અમારી ફરજ ગણતાં હતાં. મને અમારા ગામના તળાવમાં તરવાની બહુ મજા પડતી હતી. એટલે હું ઘરેથી બધા ગંદા કપડાં તળાવે લઈ જતો અને ત્યાં ધોતો. મારા માટે આ 'એક પંથ દો કાજ' જેવું થઈ જતું – ઘરના કપડાં ધોવાઈ જતાં અને મારો તરવાનો શોખ પણ પૂરો થતો.

અમારા ઘરનો ખર્ચ પૂર્ણ કરવા મારી માતા થોડા ઘરોમાં વાસણો માંજવાનું કામ કરતાં હતાં. તેઓ અમારાં કુટુંબની અત્યંત ઓછી આવકમાં પૂરક બનવા ચરખો ચલાવવા પણ સમય કાઢતાં હતાં. તેઓ કાલાં ફોલવાથી લઈને રૂ કાંતવા સુધીનું કામ કરતાં હતાં. આ અતિ શ્રમદાયક કામમાં પણ તેમની મુખ્ય ચિંતા એ રહેતી કે કપાસના અણીદાર કાંટા



## ઉનાળાનાં દિવસોમાં પક્ષીઓ માટે દાણા અને પાણી રાખતી હતી. શેરીઓનાં કૂતરાં ભૂખ્યાં ન રહે તેનું પણ મા ધ્યાન રાખતી હતી

અમારા શરીરમાં ઘૂસી ન જાય.

મારી માતા આત્મનિર્ભર હતાં, સ્વાશ્રયી હતાં. પોતાનું કામ અન્ય લોકોને કરવાની વિનંતી ક્યારેય કરી નથી. ચોમાસામાં અમારા માટીના ઘરમાં ઘણી સમસ્યાઓ ઊભી થતી. જોકે માતા ખાતરી કરતી હતી કે અમને ઓછામાં ઓછી તકલીફ પડે. જૂન મહિનામાં ચામડી બાળે નાંખે એવી ગરમીમાં તેઓ છત પર ચડીને નળિયાઓ રિપેર કરતાં હતાં. જોકે તેઓ સાહસિક પ્રયાસો કરે તેમ છતાં અમારું જૂનું ઘર ચોમાસામાં વરસાદ સામે ટકી શકે એમ નહોતું.

ચોમાસામાં વરસાદ દરમિયાન અમારી છતમાંથી પાણી ટપકતું હતું અને ઘરમાં પાણી ભરાઈ જતું. માતા વરસાદના પાણીને ભેગું કરવા છતની નીચે ડોલ અને વાસણો મૂકતી હતી. આ પ્રતિકૂળ સંજોગોમાં પણ માતાનું મનોબળ મક્કમ જળવાઈ રહેતું. તમને જાણીને નવાઈ લાગશે કે, તેઓ આ પાણીનો આગામી દિવસોમાં ઉપયોગ કરતાં હતાં. વરસાદના પાણીના સંચયનું આનાથી વધારે સારું ઉદાહરણ બીજું કયું હોઈ શકે!

માતાને ઘરને સુશોભિત કરવું ગમતું હતું એટલે ઘરની સાફ સફાઈ કરવા અને એને સુંદર રીતે સુશોભિત કરવા સારો એવો સમય આપતાં હતાં. તેઓ ભોંયતળિયે ગાયના છાણની ગાર કરતાં હતાં. જ્યારે બળે છે, ત્યારે ગાયનું છાણ બહુ ધુમાડો પેદા કરે છે. માતા અમારા બારી વિનાના ઘરમાં આ છાણાનો ઉપયોગ કરીને રસોઈ બનાવતાં! ધુમાડાની મેશથી દિવાલો કાળી પડી જતી અને તેને નવેસરથી ચૂનો કરવાની જરૂર પડતી. દર થોડા મહિને આ કામ પણ મારી માતા જ કરતી હતી. એનાથી અમારા જૂનું મકાન નવા જેવું થઈ જતું. તેઓ ઘરને સજાવવા નાનાં નાનાં માટીના દીવડા પણ બનાવતાં હતાં. તેઓ ઘરની જૂની ચીજવસ્તુઓનો નવેસરથી ઉપયોગ કરવાની ભારતીયોની જાણીતી ટેવમાં કુશળ હતાં.

મને મારી માતાની અન્ય એક વિશિષ્ટ ટેવ પણ યાદ આવે છે. તેઓ પાણી અને આમલીના બીજમાં જૂનાં કાગળ બોળીને ગુંદર જેવી લુગદી બનાવતાં હતાં. તેઓ આ લુગદી



સાથે દિવાલ પર કાચના ટુકડાં ચોંટાડીને સુંદર ચિત્રો બનાવતાં હતાં. તેઓ દરવાજા પર લટકાવવા બજારમાંથી નાની નાની સુંદર ચીજવસ્તુઓ પણ લાવતાં હતાં.

માતા ખાસ એ વાતની કાળજી રાખતી હતી કે, પથારી સ્વચ્છ હોવી જોઈએ અને બરોબર પાથરેલી હોવી જોઈએ. તેઓ પથારીમાં એક પણ રજકણ ચલાવી ન લે. નાની સરખી સળ પડતાં ચાદરને ઝાપટવી અને ફરી પાથરવી. અમે બધા તેમની આ ટેવથી પરિચિત હતાં અને પથારીમાં જરાં પણ સળ ન પડે એનું ધ્યાન રાખતાં. આજે પણ આ ઉંમરે માતાને અપેક્ષા હોય છે કે, તેમની પથારીમાં એખ પણ કરચલી ન હોવી જોઈએ!

અત્યારે પણ તેમના સ્વભાવમાં એવી જ ચીવટ જોવા મળે છે. તેઓ ગાંધીનગરમાં મારા ભાઈ અને મારા ભત્રીજાઓની સાથે રહેવા છતાં આજે પણ આ ઉંમરે તેમનું કામ તેમની રીતે કરવાનો પ્રયાસ કરે છે.

આજે પણ સ્વચ્છતાને લઈને તેમની ચીવટ ઊડીને આંખે વળગે એવી છે. જ્યારે હું તેમને મળવા ગાંધીનગર જાઉં છું, ત્યારે તેમના પોતાના હાથે મીઠાઈ ખવડાવે છે. હું ભોજન પૂરું કરે એટલે નાની બાળકની જેમ માતા નેપકીન લઈને મારો ચહેરો સાફ કરે છે. તેઓ તેમની સાડીમાં એક નેપકીન કે નાનો રૂમાલ હંમેશા રાખે છે.

હું સ્વચ્છતાને લઈને માતાની ચીવટ પર અનેક પ્રસંગો ટાંકી શકું છું. વળી તેમનો અન્ય એક ગુણ પણ કેળવવા જેવો છે – સ્વચ્છતા અને સાફ સફાઈ કરતાં લોકો પ્રત્યે સન્માનની ભાવના. મને યાદ છે કે, જ્યારે વડનગરમાં અમારા ઘરની લગોલગ નહેર સાફ કરવાં કોઈ આવતું હતું, ત્યારે મારી માતા તેમને ચા પીવડાવ્યાં વિના જવા ન દેતા. અમારું ઘર સફાઈ કર્મચારીઓ વચ્ચે કામ પછી ચા પીવા માટે જાણીતું હતું.

મારી માતાને અન્ય જીવો પ્રત્યે હંમેશા વિશેષ લગાવ રહ્યો છે. તેઓ દરેક પશુપંખીની સારસંભાળ રાખવામાં માને છે. દર ઉનાળામાં તેઓ પક્ષીઓ માટે પાણીનું પાત્ર મૂકે. તેઓ ખાતરી કરતાં હતાં, અમારા ઘરની આસપાસ ફરતાં કૂતરાં ક્યારેય ભૂખ્યાં ન જાય.

જ્યારે મારા પિતા ચાની કિટલીએથી પરત ફરે, ત્યારે મલાઈ લાવતા હતાં. માતા તેમાંથી સ્વાદિષ્ટ ઘી બનાવતાં હતાં. આ ઘીનું સેવન અમે જ નહીં પણ અમારી પડોશની ગાયો પણ કરતી હતી. માતા દરરોજ આ ઘીમાં બોળેલી રોટલીઓ ગાયને ખવડાવતાં. તેઓ ગાયને સૂકી રોટલીઓ ખવડાવવાને બદલે પ્રેમથી ઘરમાંથી બનેલા ઘી લગાવેલી



રોટલીઓ આપતાં હતાં.

મારી માતા અનાજનો એક પણ દાણાનો બગાડ ન થાય એનું ધ્યાન રાખતાં હતાં. જ્યારે તેઓ અમારા પડોશમાં લગ્નમાં જમવા જાય, ત્યારે અમને બિનજરૂરી કોઈ ચીજ ન લેવાનું યાદ અપાવતાં. ઘરમાં એક નિયમ હતો – જેટલું ભોજન કરી શકો એટલું જ લેવું.

આજે પણ માતા જેટલું ભોજન કરી શકે એટલું જ થાળીમાં લે છે અને તેમની થાળીમાં એક પણ કોળિયાનો બગાડ જોવા ન મળે. તેઓ સમયસર જમે અને ભોજનને બરોબર પચાવવા એને સારી રીતે ચાવે.

મારી માતા અન્ય લોકોની ખુશીમાં રાજી થાય છે. અમારું ઘર નાનું લાગી શકે, પણ તેમનું હૃદય ઉદાર હતું. મારા પિતાના એક ગાઢ મિત્ર નજીકના ગામમાં રહેતાં હતાં. તેમનું અકાળે અવસાન થયા પછી મારા પિતા તેમના મિત્રના પુત્ર અબ્બાસને અમારા ઘરે લાવ્યાં હતાં. અબ્બાસ અમારી સાથે રહ્યાં અને તેમનો અભ્યાસ પૂર્ણ કર્યો. મારી માતા જેટલો પ્રેમ પોતાના બાળકોને કરતાં એટલો જ પ્રેમ અબ્બાસને કરતાં અને તેની કાળજી રાખતાં. દર વર્ષે ઇદ પર તેઓ અબ્બાસની મનપસંદ વાનગીઓ બનાવતાં હતાં. તહેવારોમાં અમારું ઘર પડોશીના બાળકો માટે મનપસંદ સ્થળ હતું અને તેઓ મારી માતાના હાથે તૈયાર થયેલી વાનગીઓ માણવા પહોંચી જતાં હતાં.

જ્યારે કોઈ સાધુ અમારા પડોશમાં આવતાં હતાં, માતા તેમને અમારાં સાદા ઘરમાં અન્નગ્રહણ કરવાં આમંત્રણ આપતાં હતાં. પોતાના સ્વાભાવિક સ્વભાવ મુજબ તેઓ સાધુઓને પોતાને બદલે પોતાના બાળકોને આશીર્વાદ આપવા વિનંતી કરતાં હતાં. તેઓ સાધુઓને વિનંતી કરતાં, “મારાં બાળકોને આશીર્વાદ આપો, જેથી તેઓ અન્ય લોકોની ખુશીમાં રાજી થાય અને તેમના દુઃખના દિવસોમાં મદદ કરે. તેમને ભક્તિ અને સેવાભાવ મળે એવા આશીર્વાદ આપો.”

મારી માતાને મારી ક્ષમતા અને તેમણે મને આપેલા સંસ્કારોમાં હંમેશા વિશ્વાસ છે. મને લગભગ દાયકાઓ અગાઉની એક ઘટના યાદ આવે છે. એ સમયે હું સંગઠનમાં કામ કરતો હતો. એ સમયગાળા દરમિયાન મારા મોટા ભાઈ માતાને બદરીનાથજી અને કેદારનાથજી લઈ ગયા હતા. તેમણે બદરીનાથજીમાં દર્શન કર્યા પછી કેદારનાથજીમાં સ્થાનિકોને જાણ થઈ હતી કે, મારી માતા મુલાકાત લેશે.

જોકે એકા એક હવામાનમાં પલટો આવ્યો હતો. કેટલાંક

**"મારી મા જેટલી સામાન્ય છે, એટલી જ અસાધારણ પણ છે. જેમ દરેક મા હોય છે એમ. આજે જ્યારે હું મા વિષે લખી રહ્યો છું ત્યારે એ વાંચતી વખતે તમને પણ લાગી શકે કે અરે, મારી મા પણ આવી જ છે, મારી મા પણ આવું જ કરતી હતી. આ વાંચતી વખતે તમારા મનમાં તમારી માની છબી ઊભરશે."**

લોકો ધાબળા લઈને તળેટીમાં આવી ગયા હતા. તેઓ માર્ગો પર દરેક વયોવૃદ્ધ મહિલાને પૂછતાં હતાં કે, તેઓ નરેન્દ્ર મોદીના માતા છે. છેવટે તેમને મારી માતા મળી ગયા તથા ચા અને ધાબળો આપ્યો હતો. તેમણે કેદારનાથજીમાં તેમના રોકાણ માટે સુવિધાજનક વ્યવસ્થાઓ કરી હતી. આ ઘટનાની મારી માતાના મન પર ઊંડી છાપ પડી હતી. તેઓ પછી મને મળ્યાં હતાં અને કહ્યું હતું કે, "લાગે છે કે તે સારાં કાર્યો કર્યા છે, કારણ કે લોકો તને ઓળખે છે."

આજે ઘણા વર્ષો પછી જ્યારે લોકો તેમને પૂછે છે કે, તેમને તેમના પુત્ર પર ગર્વ છે, કારણ કે તેમનો પુત્ર દેશનો વડાપ્રધાન બની ગયો છે, ત્યારે માતા નમ્રભાવે પ્રતિભાવ આપે છે. તેઓ કહે છે કે, "જેટલો તમને ગર્વ થાય છે એટલો જ ગર્વ મને થાય છે. મારું કશું નથી. હું ઈશ્વરની યોજનામાં માત્ર એક માધ્યમ બની છું."

તમે કદાચ જોયું હશે કે કોઈ પણ સરકારી કે ખાનગી કાર્યક્રમોમાં મારી સાથે મારી માતા ક્યારેય હોતા નથી. તેઓ અગાઉ ફક્ત બે પ્રસંગોમાં મારી સાથે રહ્યાં છે. એક વાર, અમદાવાદમાં એક જાહેર કાર્યક્રમમાં. આ કાર્યક્રમમાં તેમણે મારા કપાળ પર તિલક કર્યું હતું. એ સમયે હું શ્રીનગરથી પરત ફર્યો હતો, જ્યાં મેં એકતા યાત્રા પૂર્ણ થતાં લાલ ચોકમાં રાષ્ટ્રીય ધ્વજ તિરંગો લહેરાવ્યો હતો.

એ એક માતા માટે એક લાગણીસભર ઘટના હતી, કારણ કે એકતા યાત્રાના સમયે ફગવાડામાં આતંકવાદી હુમલો થયો હતો, જેમાં થોડા લોકો માર્યા ગયા હતા. એ સમયે તેઓ બહુ ચિંતિત હતા. બે લોકોએ મારી પૂછપરછ માટે ફોન કર્યો હતો. તેમાં એક હતાં, અક્ષરધામ મંદિરના શ્રદ્ધેય પ્રમુખ સ્વામી મહારાજ અને બીજા હતાં મારી માતા. તેમની રાહત મેં અનુભવી હતી.

બીજી વાર તેઓ મારી સાથે વર્ષ 2001માં જોવા મળ્યાં હતાં. એ સમયે મેં ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથગ્રહણ કર્યા હતા. આ શપથગ્રહણ સમારંભ બે દાયકા અગાઉ યોજાયો હતો અને એ છેલ્લો જાહેર પ્રસંગ હતો, જેમાં મારી માતા મારી સાથે રહ્યાં હતાં. ત્યારબાદ અત્યાર સુધી તેઓ કોઈ પણ જાહેર કાર્યક્રમમાં મારી સાથે જોવા મળ્યાં નથી.

મને અન્ય એક પ્રસંગ યાદ આવે છે. જ્યારે હું ગુજરાતનો મુખ્યમંત્રી હતો, ત્યારે હું જાહેરમાં મારાં તમામ ગુરુજનોનું સન્માન કરવા ઈચ્છતો હતો. હું વિચારતો હતો કે, જીવનમાં મારી સૌથી મોટી ગુરુ મારી માતા છે અને મારે તેમનું પણ સન્માન કરવું જોઈએ. આપણા ગ્રંથોમાં પણ ઉલ્લેખ થયો છે કે, માતાથી મોટો કોઈ ગુરુ નથી – 'નાસ્તિ માત્ર સમો ગુરુઃ.' મેં મારી માતાને કાર્યક્રમમાં હાજર રહેવા વિનંતી કરી હતી, પણ તેમણે ઇનકાર કર્યો હતો. તેમને મને કહ્યું હતું કે, "જો ભાઈ, હું સાધારણ વ્યક્તિ છું. મેં તને જન્મ આપ્યો છે, પણ સર્વશક્તિમાન ઈશ્વરે તારું ઘડતર કર્યું છે, તને શીખવ્યું છે અને તારું લાલનપાલન કર્યું છે." મારા તમામ શિક્ષકોનું એ દિવસે સન્માન થયું હતું, એક મારી માતા સિવાય.

આ ઉપરાંત કાર્યક્રમ અગાઉ તેમણે મને પૂછ્યું હતું કે, અમારા સ્થાનિક શિક્ષક જેઠાભાઈ જોશીજીના પરિવારમાંથી કોઈ આવ્યું છે કે નહીં. તેમણે મારા પ્રારંભિક શિક્ષણને જોયું હતું અને મને મૂળાક્ષરો પણ શીખવ્યાં હતાં. તેમને જોશીજી યાદ હતાં અને તેઓ જાણતા હતા કે, તેમનું અવસાન થઈ ગયું છે. તેઓ કાર્યક્રમમાં આવ્યાં નહોતાં, પણ તેમણે ખાતરી કરી હતી કે, હું જેઠાભાઈ જોશીજીના

પરિવારમાંથી કોઈને બોલાવું.

માતાએ મને શીખવ્યું છે કે, ઔપચારિક શિક્ષણ મેળવ્યાં વિના પણ જીવનોપયોગી શિક્ષણ મેળવવું શક્ય છે. તેમની વૈચારિક પ્રક્રિયા અને દીર્ઘદ્રષ્ટિ મને હંમેશા ચકિત કરે છે.

તેઓ એક નાગરિક તરીકે તેમની ફરજો પ્રત્યે હંમેશા જાગૃત છે. ચૂંટણીની શરૂઆત થઈ એ સમયથી તેમણે પંચાયતથી સંસદ સુધી એમ દરેક ચૂંટણીમાં મતદાન કર્યું છે. થોડા દિવસો અગાઉ તેઓ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં પણ મત આપવા ગયા હતા.

તેઓ ઘણી વાર મને કહે છે કે, મને કશું ન થઈ શકે, કારણ કે મારા પર જનતા જનાર્દન અને સર્વશક્તિમાન ઈશ્વરના આશીર્વાદ છે. તેઓ મને યાદ અપાવે છે કે, જો હું લોકોની સતત સેવા કરવા ઈચ્છું છું, તો સ્વસ્થ જીવનશૈલી અને વ્યક્તિગત સ્વાસ્થ્ય જાળવવું જરૂરી છે.

અગાઉ માતા ચાતુર્માસના નિયમોનું કડક રીતે પાલન કરતાં હતાં. તેઓ નવરાત્રિ દરમિયાન મારાં પોતાના નિયમો સારી રીતે જાણે છે. હવે તેમણે મને કહેવાનું શરૂ કર્યું છે કે, મારે આ નિયમોમાં થોડી છૂટછાટ લેવી જોઈએ, કારણ કે હું આ નિયમોનું પાલન લાંબા સમયથી કરું છું.

મેં મારી માતાને જીવનમાં કોઈ બાબતે ફરિયાદ કરતાં સાંભળ્યાં નથી. તેમણે ન કોઈના વિશે ફરિયાદ કરી છે, ન તેમણે કોઈની પાસે અપેક્ષા રાખી છે.

આજે પણ મારી માતાના નામે કોઈ સંપત્તિ નથી. મેં ક્યારેય તેમને સોનાનાં ઘરેણા પહેરતાં જોયા નથી અને તેમને તેમાં રસ પણ નથી. અગાઉની જેમ તેઓ તેમના એક નાના રૂમમાં સરળ જીવન જીવે છે.

મારી માતાને દૈવી શક્તિમાં અપાર વિશ્વાસ છે, પણ સાથે સાથે તેઓ અંધશ્રદ્ધાથી દૂર છે અને અમારી અંદર પણ એ જ ગુણો કેળવ્યાં છે. તેઓ પરંપરાગત રીતે કબીરપંથી છે અને તેમની રોજિંદી પૂજાપ્રાર્થનામાં એ પરંપરાઓને અનુસરે છે. તેઓ તેમની મણકાની માળા સાથે જપ કરવામાં ઘણો સમય પસાર કરે છે. પોતાની રોજિંદી પૂજાપ્રાર્થના અને જપ સાથે તેઓ ઘણી વાર સૂવાનું પણ ભૂલી જાય છે. કેટલીક વાર મારા પરિવારના સભ્યો માળા સંતાડી દે છે, જેથી તેઓ સૂઈ જાય.

તેમની વય વધવા છતાં યાદશક્તિ બહુ સારી છે. તેમને દાયકાઓ જૂની ઘટનાઓ સારી રીતે યાદ હોય છે. જ્યારે કોઈ સગાસંબંધી તેમને મળવા આવે છે, ત્યારે



**" જ્યારે પણ મા સાથે ફોન પર વાત થાય છે ત્યારે એમ જ કહે કે, "જો ભાઇ, ક્યારેય કોઈ ખોટું કામ ન કરતો, ખરાબ કામ ન કરતો, ગરીબો માટે કામ કરજે. "**



તેઓ તાત્કાલિક તેમના પૌત્રપૌત્રીઓના નામ યાદ કરે છે અને તેમને ઓળખી પણ લે છે.

તેઓ દુનિયામાં ઘટી રહેલી ઘટનાઓથી વાકેફ પણ રહે છે. તાજેતરમાં મેં તેમને પૂછ્યું હતું કે, તેઓ દરરોજ કેટલો સમય ટીવી જુએ છે. તેમણે જવાબ આપ્યો હતો કે, ટીવી પર મોટા ભાગના લોકો એકબીજા સાથે લડવામાં વ્યસ્ત હોય છે અને તેઓ શાંતિથી સમાચારો જુએ છે અને સમજે છે. મને નવાઈ લાગી હતી કે, માતા આ ઉંમરે પણ દુનિયાના ઘટનાક્રમો પર સારી નજર રાખે છે.

મને તેમની તીવ્ર સ્મરણશક્તિનો અન્ય એક પ્રસંગ યાદ આવે છે. વર્ષ 2017માં ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણી માટે કાશીમાં પ્રચાર કર્યા પછી હું અમદાવાદ ગયો હતો. હું તેમના માટે પ્રસાદ લઈ ગયો હતો. જ્યારે હું મારી માતાને મળ્યો હતો, ત્યારે તેમણે મને પૂછ્યું હતું કે, મેં કાશી વિશ્વનાથ મહાદેવના દર્શન કર્યા કે નહીં. હજુ પણ માતા પૂરાં નામનો ઉચ્ચાર કરે છે – કાશી વિશ્વનાથ મહાદેવ. પછી વાતચીત દરમિયાન તેમણે મને પૂછ્યું હતું કે, કાશી વિશ્વનાથ મહાદેવ તરફ લઈ જતી શેરીઓ હજુ એવી જ છે, અગાઉની જેમ કોઈના ઘરની અંદર જ મંદિર છે. હું ચોંકી ગયો હતો અને મેં તેમને પૂછ્યું હતું કે, તેમણે ક્યારેય મંદિરની મુલાકાત લીધી હતી. તેમણે વર્ષો અગાઉ કાશી વિશ્વનાથ મહાદેવના દર્શન કર્યા હોવાનું યાદ કર્યું હતું, પણ તેમને બધું યાદ હતું.

મારી માતા સંવેદનશીલ અને પ્રેમાળ હોવાની સાથે પ્રતિભાશાળી પણ છે. તેઓ નાનાં બાળકોના ઉપચાર માટે અનેક ઘરગથ્થું ઉપચારો જાણે છે. અમારાં વડનગરના ઘરમાં દરરોજ સવારે માતાપિતાઓ તેમના બાળકોને લઈને આવતાં હતાં અને તેમની તપાસ કરાવીને સારવાર મેળવતાં હતાં.

તેમને આ માટે ઘણી વાર ફાકીની જરૂર પડતી હતી. આ ફાકીની જવાબદારી અમારા બાળકોની સંયુક્ત હતી. માતા અમને સ્ટવ, વાટકા અને વસ્ત્રમાંથી રાખ આપતાં હતાં. અમે વાટકા પર કપડું બાંધીને તેની અંદર થોડી રાખ મૂકતાં હતાં. પછી અમે ધીમે ધીમે કપડાં સાથે રાખને ઘસતાં હતાં, જેથી વાટકામાં અતિ બારીક પાવડર જમા થતો. માતા અમને કહેતાં હતાં કે, “તારું કામ બરોબર કરજે. બાળકોને રાખના મોટા ટુકડાથી મુશ્કેલી ન પડવી જોઈએ.”

મને અન્ય એક પ્રસંગ યાદ આવે છે, જે માતાના અપાર પ્રેમ અને સતર્કતા વ્યક્ત કરે છે. એક વાર, અમારો પરિવાર પૂજા માટે નર્મદા ઘાટે ગયો હતો. મારા પિતાની

આ માટે બહુ ઇચ્છા હતી. અતિ ગરમી ટાળવા અમે ત્રણ કલાકની સફર માટે વહેલી સવારે નીકળી ગયા હતા. ત્યાં પહોંચ્યા પછી અમારે થોડું અંતર પગપાળા કાપવાનું હતું. બહુ ગરમી હોવાથી અમે નદીના કિનારે પાણીમાં ચાલવાનું શરૂ કર્યું હતું. પાણીમાં ચાલવું સરળ નહોતું અને ટૂંક સમયમાં અમે થાકી ગયા હતા અને ભૂખ્યાં થયા હતા. માતાએ તરત જ અમારી મુશ્કેલી સમજી લીધી અને મારા પિતાને ક્યાંક થોભવા અને થોડો આરામ કરવા કહ્યું હતું. તેમણે તેમને નજીકમાં કોઈ જગ્યાએથી ગોળ ખરીદીને લઈ આવવા પણ કહ્યું હતું. તેઓ દોડતાં ગયાં હતાં અને તરત પરત ફર્યા હતા. ગોળ અને પાણીથી અમને તરત ઊર્જા મળી હતી અને અમે ફરી ચાલવાનું શરૂ કર્યું હતું. એ બળબળતી ગરમીમાં પૂજા માટે જવું, માતાની સતર્કતા અને મારા પિતાનું ઝડપથી ગોળ લાવવો – એ દરેક ક્ષણો મને બરોબર યાદ છે.

બાલ્યાવસ્થાથી મેં જોયું છે કે, માતા અન્ય લોકોની પસંદગીઓનો આદર કરવાની સાથે તેમના પર પોતાની પસંદગીઓ પણ લાદવાનું પસંદ કરતાં નથી. ખાસ કરીને મારા કિસ્સામાં તેમણે મારા નિર્ણયો સ્વીકાર્યા હતા, ક્યારેય કોઈ પણ પ્રકારનો અવરોધ પેદા કર્યો નહોતો અને મને પ્રોત્સાહન આપ્યું હતું. બાળપણથી અત્યાર સુધી તેમણે અનુભવ્યું હશે કે, મારી માનસિકતા અલગ છે. હું મારા ભાઈઓ અને બહેનોની સરખામણીમાં થોડો અલગ છું.

તેઓ ઘણી વાર મારી વિશિષ્ટ આદતોની અને અસાધારણ અનુભવો મેળવવાની વિશેષ જરૂરિયાતો પૂરી કરવા વિશેષ પ્રયાસો કરે છે. જોકે તેમણે ક્યારેય આને બોજરૂપ માન્યું નથી અને કોઈ પણ પ્રકારની ખીજ વ્યક્ત કરી નથી. ઉદાહરણ તરીકે, હું ઘણી વાર થોડા મહિના માટે મીઠાનું સેવન કરતો નથી, અથવા થોડા અઠવાડિયા કોઈ પણ અનાજનું સેવન કરતો નથી અને ફક્ત દૂધ પર રહું છું. કેટલીક વાર મેં છ મહિના માટે મીઠાઈને ટાળવાનો નિર્ણય લીધો છે. શિયાળામાં હું ખુલ્લામાં સૂવુ છું અને માટીના પાત્રમાંથી ઠંડા પાણી સાથે સ્નાન કરું છું. માતા જાણતા હતા કે, હું મારી જાતને તપવી રહ્યો છું કે કસોટી કરી રહ્યો છું અને એનો અન્ય કોઈ ઉદ્દેશ નથી. તેઓ ફક્ત એટલું જ કહેતાં "કશો વાંધો નહીં, તને ગમે એ કર."

તેઓ સમજી શકતાં હતાં કે, હું અલગ દિશામાં જઈ રહ્યો હતો. એક વાર એક મહાત્મા ગિરી મહાદેવ મંદિરમાંથી અમારા ઘરની નજીક આવ્યાં હતાં. મેં સંપૂર્ણ સમર્પણ સાથે તેમની સેવાચાકરી કરવાનું શરૂ કર્યું હતું. એ સમયે મારી માતા તેમના બહેનના લગ્નને લઈને ખુશ હતાં, ખાસ કરીને

## મા કહે છે, પોતાનું શરીર હંમેશા સારું રાખવું, ખુદને સ્વસ્થ રાખવું, કારણ કે શરીર સારું રહેશે તો જ તુ સારું કામ કરી શકીશ.

તેમને તેમના ભાઈનાં ઘરે જવાની તક મળી હતી. જોકે જ્યારે સંપૂર્ણ પરિવાર લગ્ન માટેની તૈયારીમાં વ્યસ્ત હતો, ત્યારે મેં તેમને કહ્યું હતું કે, લગ્નમાં આવવાની મારી કોઈ ઇચ્છા નથી. તેમણે મને આ માટેનું કારણ પૂછ્યું હતું અને મેં તેમને મહાત્માની સેવા કરી રહ્યો હોવાનું જણાવ્યું હતું.

સ્વાભાવિક છે કે, તેઓ નારાજ થયા હતા કે, હું તેમની બહેનના લગ્નમાં આવવાનો નહોતો, પણ તેમણે મારા નિર્ણયને સ્વીકારી લીધો હતો તેમણે કહ્યું હતું કે, "સારું, તારી ઇચ્છા હોય એ કરો." જોકે તેમને હું ઘરે એકલો કેવી રીતે રહીશ એની ચિંતા હતી. તેમણે લગ્નમાં જતાં અગાઉ ભોજન અને નાસ્તો બનાવ્યો હતો, જે મારા માટે ચાલે એટલો હતો, જેથી મારે ભૂખ્યાં ન રહેવું પડે!

જ્યારે મેં ઘર છોડવાનો નિર્ણય કર્યો હતો, એ અગાઉ મારી માતાને મારા નિર્ણયની ખબર પડી ગઈ હતી. હું અવારનવાર મારા માતાપિતાને કહેતો હતો કે, હું બહાર નીકળવા અને દુનિયાને સમજવા ઇચ્છું છું. મેં તેમને સ્વામી વિવેકાનંદ વિશે જણાવ્યું હતું અને ઉલ્લેખ કર્યો હતો કે, હું રામકૃષ્ણ મિશન મઠની મુલાકાત લેવા ઇચ્છું છું. આ માટે ઘણાં દિવસો લાગશે.

છેવટે મેં ઘર છોડવાની મારી ઇચ્છા જાહેર કરી અને તેમનાં આશીર્વાદ માંગ્યા હતા. મારા પિતાને બહુ દુઃખ થયું હતું અને તેમને નારાજ થઈને જણાવ્યું હતું કે, "તને ગમે તે કર.". મેં તેમને જણાવ્યું હતું કે, હું તેમના આશીર્વાદ લીધા વિના ગૃહત્યાગ નહીં કરું. જોકે મારી માતા મારી ઇચ્છાઓને સમજ્યાં હતાં અને તેમણે આશીર્વાદ આપ્યાં હતાં. તેમણે મને કહ્યું હતું કે, "તારું મન કહે એમ કર." મારા પિતાને સાંત્વના આપતાં તેમણે કોઈ જ્યોતિષી પાસે મારી કુંડળી દેખાડવા કહ્યું હતું. મારા પિતા એક સંબંધીને લઈને જ્યોતિષીને મળ્યાં હતાં. મારાં જન્માક્ષરનો અભ્યાસ કર્યા પછી તેમણે કહ્યું હતું કે, "તેનો માર્ગ અલગ છે. તેના માટે સર્વશક્તિમાન ઈશ્વરે જે પસંદ કરી રાખ્યો છે એ માર્ગે જ તે અગ્રેસર થશે."

થોડા કલાકો પછી મેં ગૃહત્યાગ કર્યો હતો. ત્યાં સુધીમાં મારા પિતા મારા નિર્ણય પર સંમત થયા હતા અને મને આશીર્વાદ આપ્યાં હતાં. ગૃહત્યાગ કરતાં અગાઉ માતાએ

**મા અમે ભાઇ-બહેનો માટે આશીર્વાદ માંગતી હતી. સંતોને કહેતી હતી કે મારા સંતાનોને આશીર્વાદ આપો કે તેઓ બીજાના સુખમાં સુખ જૂએ અને બીજાના દુઃખમાં દુઃખી થાય. મારા બાળકોમાં ભક્તિ અને સેવાભાવ પેદા થાય તેવા આશીર્વાદ તેમને આપો.**

મને એક પવિત્ર નવી શરૂઆત કરવા માટે ગોળ અને દહીં ખવડાવ્યું હતું. તેઓ જાણતાં હતાં કે, મારું જીવન પછી એક અલગ માર્ગે જ આગળ વધશે. માતાઓ તેમની લાગણીઓને નિયંત્રણમાં રાખવા અતિ કુશળ હોઈ શકે છે, પણ જ્યારે તેમનું બાળક ઘર છોડીને જાય છે, ત્યારે તેમના માટે સ્થિતિ મુશ્કેલ બની જાય છે. માતાની આંખમાં આંસુ હતા, પણ મારા ભવિષ્ય માટે બહુ આશીર્વાદ આપ્યાં હતાં.

એક વાર ગૃહત્યાગ કર્યા પછી હું ગમે ત્યાં હતો અને ગમે તેવી સ્થિતિમાં હતો, પણ મારી માતાના આશીર્વાદ હંમેશા મારી સાથે હતાં. માતા હંમેશા મારી સાથે ગુજરાતીમાં વાત કરે છે. ગુજરાતીમાં પોતાનાથી ઓછી ઉંમરના કે સરખી ઉંમરના લોકો માટે 'તુ' કહેવાનું પ્રચલિત છે, જેને અંગ્રેજીમાં 'you' કહેવાય છે. જો અમારે અમારાથી મોટી વયના લોકોને કે વડીલોને કહેવું હોય તો, તેમના માટે 'તમે' શબ્દનો પ્રયોગ કરીએ છીએ. માતા પોતાના બાળકને હંમેશા 'તુ' કહીને જ બોલાવે છે. જોકે એક વાર મેં ગૃહત્યાગ કરીને નવો માર્ગ અખત્યાર કર્યા પછી તેમણે મને 'તુ' કહેવાનું બંધ કરી દીધું છે. પછી અત્યાર સુધી તેમણે હંમેશા મને 'તમે' અથવા 'આપ' કહીને જ સંબોધન કર્યું છે.

માતાએ મને મક્કમ સંકલ્પ કરવા અને ગરીબોના કલ્યાણ પર ધ્યાન કેન્દ્રિત કરવા હંમેશા મને પ્રેરિત કર્યો છે. મને યાદ છે, જ્યારે હું ગુજરાતનો મુખ્યમંત્રી બનીશ એવો નિર્ણય લેવાયો હતો, ત્યારે હું રાજ્યમાં નહોતો. જેવો હું ગુજરાત પહોંચ્યો, હું સીધો મારી માતાને મળવા ગયો હતો. તેમને બહુ આનંદ થયો હતો અને પૂછ્યું હતું કે, હું ફરી તેમની સાથે રહેવા આવ્યો છું. પણ તેઓ મારા જવાબને જાણતા હતા! પછી તેમણે મને કહ્યું હતું કે, "હું સરકારમાં આપના કામને સમજતી નથી, પણ હું તમને કહેવા ઇચ્છું છું કે, ક્યારેય લાંચ ન લેતાં."

દિલ્હી આવ્યાં પછી હવે તેમને મળવાનું બહુ ઓછું થાય છે. કેટલીક વાર જ્યારે હું તેમને મળવા ગાંધીનગર જાવ છું, ત્યારે હું તેમને થોડા સમય માટે મળું છું. હું અગાઉની જેમ અવારનવાર તેમને મળવા જતો નથી. જોકે મારી માતાએ મારી ગેરહાજરીને લઈને ક્યારેય કોઈ પણ પ્રકારનો અસંતોષ વ્યક્ત કર્યો નથી. તેમનો પ્રેમ અને લગાવ મારા માટે એવો જ રહ્યો છે. તેમના આશીર્વાદ હંમેશા મારી સાથે છે. મારી માતા અવારનવાર મને કહે છે કે, "આપ દિલ્હીમાં ખુશ છો? તમને ગમે છે?"

તેમણે મને ખાતરી આપી છે કે, મારે તેમની ચિંતા કરવી ન જોઈએ અને મોટી જવાબદારી પર હંમેશા નજર રાખવી જોઈએ. જ્યારે ફોન પર તેમની સાથે વાત કરું છું, ત્યારે તેઓ કહે છે કે, "કોઈની સાથે ક્યારેય ખોટું કે ખરાબ ન કરો તથા ગરીબો માટે હંમેશા કામ કરતાં રહો."

જો હું મારા માતાપિતાના જીવન પર એક નજર નાંખું છું, ત્યારે મને તેમની પ્રામાણિકતા અને સ્વમાન તેમના સૌથી મોટાં ગુણો જણાય છે. ગરીબી સાથે સંઘર્ષ અને તેની સાથે વિવિધ પડકારો જોડાયેલા હોવા છતાં મારા માતાપિતાએ પ્રામાણિકતાનો માર્ગ ક્યારેય છોડ્યો નહોતો કે તેમના આત્મસન્માન સાથે સમાધાન કર્યું નહોતું. કોઈ પણ પડકાર ઝીલવા માટે તેમનો એક જ મંત્ર હતો – મહેનત કરો, સતત મહેનત કરો!

પોતાના જીવનમાં મારા પિતા કોઈનાં પર ક્યારેય બોજરૂપ બન્યાં નહોતાં. માતાએ પણ એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કર્યો છે – શક્ય એટલું પોતાનું કામ જાતે કરવું.

આજે પણ જ્યારે હું માતાને મળવા જાઉં છું, ત્યારે તેઓ હંમેશા મને કહે છે "મારે કોઈની સેવા જોઈતી નથી, હું કામ કરતી કરતી ભગવાનને ઘરે જવા ઇચ્છું છું."

મારા માતાના જીવનમાં હું ધૈર્ય, ત્યાગ અને ભારતની માતૃશક્તિના પ્રદાનને જોઉં છું. જ્યારે હું મારી માતા અને તેમના જેવી કરોડો મહિલાઓ પર નજર કરું છું, ત્યારે મને જણાય છે કે, ભારતીય નારીઓ માટે કશું અશક્ય નથી.

અભાવની દરેક પીડાથી પર એક માતાનો સોનેરી સંઘર્ષ છે,

દરેક સંઘર્ષથી પર એક માતાનો દ્રઢ સંકલ્પ છે. મા, તમને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છા.

તમે જન્મશતાબ્દિ વર્ષમાં પ્રવેશ કર્યો હોવાથી મારી શુભકામનાઓ. હું અત્યાર સુધી તમારા જીવન વિશે આટલું લંબાણપૂર્વક લખવાનું સાહસ કરી શક્યો નથી. હું તમારા સ્વાસ્થ્ય અને સુખાકારી માટે ઈશ્વરને પ્રાર્થના કરું છું અને અમારા બધા પર હંમેશા તમારા આશીર્વાદ રહે એવું કામના સેવું છું.

**હું તમારા ચરણોમાં વંદન કરું છું.** ●

RNI No. :
DELGUJ/2020/78810
July: 1-15, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date June 17, 2022, Pages - 60)

# શ્રી જગન્નાથજીની રથ યાત્રા

(1થી 9 જુલાઇ, 2022)



હિન્દુ ધર્મમાં જગન્નાથ રથ યાત્રાનું ખૂબ મહત્વ છે. પુરી (ઓડિશા)માં દર વર્ષે આ યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવે છે. હિન્દુ પંચાગ પ્રમાણે પુરી યાત્રા દર વર્ષે અષાઢ મહિનાના શુક્લ પક્ષની બીજ (અષાઢી બીજ-આ વર્ષે 1 જુલાઈ નાં) રોજ કાઢવામાં આવે છે. તેમાં ભગવાન જગન્નાથ, ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની પ્રતિમાઓને ત્રણ અલગ અલગ રથોમાં બિરાજમાન કરીને નગરચર્યા કરાવવામાં આવે છે. ભગવાન જગન્નાથપુરીની અપ્રતિમ રથ યાત્રા જગન્નાથ પુરી ઉપરાંત ગુજરાત, આસામ, જમ્મુ, દિલ્હી, આંધ્રપ્રદેશ, અમૃતસર, ભોપાલ, બનારસ અને લખનઉ ઉપરાંત બાંગલાદેશ, સાન ફ્રાન્સિસ્કો અને લંડનમાં પણ કાઢવામાં આવે છે.

“ભગવાન જગન્નાથની રથ યાત્રાના પાવન-પુનીત પ્રસંગે આપ સૌને મારી હાર્દિક શુભકામનાઓ. મારી કામના છે કે શ્રધ્ધા અન ભક્તિથી ભરેલી આ યાત્રા દેશવાસીઓનાં જીવનમાં સુખ, સમૃધ્ધિ, સૌભાગ્ય અને આરોગ્ય લઇને આવે. જય જગન્નાથ

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Gujarati

**Editor**
**Jaideep Bhatnagar**,
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, on behalf of Central Bureau of Communication

**Published from**
**Room No–278, Central Bureau of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020